અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ જાન્યુઆરી ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ વદ ૫ | અંક : ૧૯૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ૨૦૨૫ અને ’૨૬માં દેશ ૬.૫ ટકાના દરે વિકાસ સાધશે: આઇએમએફ

## આગામી બે વર્ષમાં ભારતની આર્થિક વૃદ્ધિનો અંદાજ ૬.૭ ટકા રહેશે : વર્લ્ડ બેન્ક

### ૨૦૨૩થી વૈશ્વિક જીડીપીનો વૃદ્ધિદર ૨.૭ ટકા છે ત્યારે ભારત અગ્રણી અર્થતંત્રોમાં સૌથી વધુ ઝડપે વધી રહેલો દેશ છે

। (એજન્સી) યુનાઇટેડ નેશન્સ, તા.૧૮ ।

વિશ્વની બે સૌથી મોટી આર્થિક સંસ્થા વર્લ્ડ બેન્ક અને ભારતીય નાણાકીય ફંડ (આઈએમએફ)એ ભારતના આર્થિક વિકાસ દરનો અંદાજ જાહેર કર્યો છે. વર્લ્ડ બેન્કના જણાવ્યા અનુસાર ભારતીય અર્થતંત્રની આર્થિક વૃદ્ધિ આગામી બે નાણાકીય વર્ષમાં ૬.૭ ટકા રહેવાનો અંદાજ છે. વર્લ્ડ બેન્કનો અંદાજ ચાલુ નાણાકીય વર્ષ કરતાં થોડો વધુ છે અને અગ્રણી અર્થતંત્રોમાં મોખરે છે. અન્ય વૈશ્વિક સંસ્થા આઈએમએફે શુક્રવારે જણાવ્યું હતું કે, ભારતની ઔદ્યોગિક પ્રવૃત્તિ અને આર્થિક વૃદ્ધિમાં ઘટાડો અંદાજ કરતાં વધુ છે અને ૨૦૨૬ સુધી તે ૬.૫ ટકા રહે તેવી સંભાવના છે.વર્લ્ડ બેન્કના ગુરુવારે જારી કરાયેલા ‘ગ્લોબલ ઈકોનોમિક પ્રોસ્પેક્ટ્સ’માં ચાલુ નાણાકીય વર્ષમાં અર્થતંત્ર ૬.૫ ટકાના દરે વધવાનો અંદાજ વ્યક્ત કરાયો છે, જે અગાઉના વર્ષના ૮.૨ ટકાની તુલનામાં ઘટાડો દર્શાવે છે. જોકે, સર્વિસિસ ક્ષેત્રમાં વૃદ્ધિ જારી રહેશે. જ્યારે સરકારના પગલાંને કારણે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રની પ્રવૃત્તિ પણ સારી રહેવાનો અંદાજ છે.વર્લ્ડ બેન્કે આગામી બે નાણાકીય વર્ષ માટે ભારતની આર્થિક વૃદ્ધિ ૬.૭ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. ૨૦૨૩થી વૈશ્વિક જીડીપીનો વૃદ્ધિદર ૨.૭ ટકા છે ત્યારે ભારત અગ્રણી અર્થતંત્રોમાં સૌથી વધુ ઝડપે વધી રહેલો દેશ છે. ચીન ચાલુ કેલેન્ડર વર્ષમાં ૪.૫ ટકાની વૃદ્ધિના અંદાજ સાથે બીજા ક્રમે છે. આગામી વર્ષે તેની જીડીપી વૃદ્ધિ ઘટીને ૪ ટકા થવાની શક્યતા છે. વર્લ્ડ બેન્કના અંદાજ પ્રમાણે વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર અમેરિકા ગયા વર્ષે ૨.૮ ટકાના દરે વધ્યું હોવાનો અંદાજ છે. ચાલુ વર્ષે તેનો વૃદ્ધિદર ૨.૩ ટકા અને આગામી વર્ષે ૨ ટકા રહેશે. વર્લ્ડ બેન્કમાં અમેરિકન પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પનું નામ લીધા વગર વૈશ્વિક અર્થતંત્રમાં ટેરિફ વૃદ્ધિની આશંકાનું જોખમ વ્યક્ત કરાયું છે.આઈએમએફએ જણાવ્યું હતું કે, ભારતની ઔદ્યોગિક પ્રવૃત્તિ અને આર્થિક વૃદ્ધિમાં ઘટાડો અંદાજ કરતાં વધુ છે અને ૨૦૨૬ સુધી તે ૬.૫ ટકા રહેવાનો અંદાજ છે. ‘વર્લ્ડ ઈકોનોમિક આઉટલૂક’માં જણાવ્યા અનુસાર ૨૦૨૩માં ભારતની આર્થિક વૃદ્ધિ ૮.૨ ટકા હતી, જે ૨૦૨૪માં ઘટીને ૬.૫ ટકા થઈ હતી. ૨૦૨૫ અને ૨૦૨૬માં વૈશ્વિક આર્થિક વૃદ્ધિ ૩.૩ ટકા રહેવાનો અંદાજ છે. તે અગાઉની ૩.૭ ટકાની સરેરાશ વૃદ્ધિ કરતાં ઓછી છે. આઈએમએફે ૨૦૨૫ અને ૨૦૨૬માં ભારતની જીડીપી વૃદ્ધિ ૬.૫ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે.




### AAPનો મોટો આરોપ

## અરવિંદ કેજરીવાલ પર પ્રવેશ વર્માના સમર્થકોએ કર્યો હુમલો

### AAPનો દાવો છે કે નવી દિલ્હી વિધાનસભા ક્ષેત્રમાં પ્રચાર દરમિયાન તેમના પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

દિલ્હી વિધાનસભાની ચૂંટણીને લઈ રાજકીય માહોલ ગરમાયો છે. આ દરમિયાન, આમ આદમી પાર્ટીએ નવી દિલ્હી વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર પ્રવેશ વર્માના સમર્થકો પર અરવિંદ કેજરીવાલ પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે. AAPનો દાવો છે કે નવી દિલ્હી વિધાનસભા ક્ષેત્રમાં પ્રચાર દરમિયાન તેમના પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો.

બીજી તરફ બીજેપી નેતા પ્રવેશ વર્માનો દાવો છે કે તેમના સમર્થકો પર એક ગાડી ચડાવવામાં આવી. પ્રવેશ વર્માએ દાવો કર્યો છે કે અરવિંદ કેજરીવાલે તેમના સમર્થક પર વાહન ચઢાવ્યું હતું, જેના કારણે ભાજપના કાર્યકરને પગમાં ઈજા થઈ હતી. તેમણે કહ્યું કે હું કાર્યકરને જોવા માટે હોસ્પિટલ જઈ રહ્યો છું. AAPએ એક વીડિયો જાહેર કર્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે કેજરીવાલની કાર પર હુમલો કરવામાં આવ્યો છે. કેજરીવાલને કાળા ઝંડા બતાવવામાં આવ્યા હતા અને પથ્થરો પણ ફેંકવામાં આવ્યા હતા. આ અંગે આમ આદમી પાર્ટી દ્વારા એક્સ પર લખવામાં આવ્યું છે કે, હારના ડરથી ભાજપ ગભરાઈ ગયું.



પોતાના ગુંડાઓ પાસે કેજરીવાલ પર હુમલો કરાવ્યો. ભાજપ નેતા પ્રવેશ વર્માના ગુંડાઓએ ચૂંટણી પ્રચાર દરમિયાન અરવિંદ કેજરીવાલજી પર ઈંટો અને પથ્થરોથી હુમલો કરી તેમે ઈજા પહોંચાડવાની કોશિશ કરી જેથી તેઓ પ્રચાર ન કરી શકે. કેજરીવાલ તમારા આ કાયરતા પૂર્ણ હુમલાથી ડરતા નથી, દિલ્હીની જનતા તમને જડબાતોડ જવાબ આપશે. કેજરીવાલ પર હુમલા અંગે દિલ્હી પોલીસે કહ્યું કે તેમના પર કોઈ હુમલો થયો નથી, લાલ બહાદુર સદનમાં અરવિંદ કેજરીવાલની જાહેર સભા હતી, ભાજપ ના કેટલાક લોકો બેઠકમાં આવ્યા હતા અને પ્રશ્નો પૂછવા માંગતા હતા. આ દરમિયાન બંને તરફથી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. પોલીસે બંને બાજુથી લોકોને દૂર કર્યા છે.

## આગામી દિવસોમાં બરફ અને વરસાદ પડવાની વકી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

પહાડોમાં ફરી એકવાર બરફવર્ષાનો દોર શરૂ થઈ ગયો છે. હિમાચલ પ્રદેશથી લઈને જમ્મુ કાશ્મીર સુધી મોસમનો મિજાજ બદલાયેલો જોવા મળી રહ્યો છે. આ જ કારણ છે કે પહાડોએ ફરી એકવાર શ્વેત શણગાર કર્યો છે. હિમવર્ષાથી પહાડો પર બરફની ચાદર પ્રવાસીઓને આકર્ષી રહી છે. પરંતુ મેદાની પ્રદેશોમાં તેના કારણે ઠંડીનું ટોર્ચર વધી ગયું છે. પહાડી રાજ્યોમાં ફરી એકવાર મોસમનો મિજાજ બદલાઈ ગયો છે. જેનું પરિણામ એ છે કે પહાડી રાજ્યોએ બરફની સફેદ ચાદર ધારણ કરી લીધી છે. પહાડી રાજ્યો માટે હાલમાં બરફ ભગવાનના વરદાનની જેમ વરસી રહ્યો છે. હિમાચલ પ્રદેશના પ્રવાસન સ્થળ મનાલીમાં પણ પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. અહીંયા સોલંગ વેલી, અટલ ટનલ, રોહતાંગ, નેહરુકુંડ વિસ્તારમાં સારો એવો બરફ પડતાં પ્રવાસીઓના ચહેરા ખીલી ઉઠ્યા છે. જેના કારણે હિમાચલ પ્રદેશમાં પ્રવાસનને મોટો વેગ મળ્યો છે. આ તરફ જમ્મુ કાશ્મીરના ડોડામાં ચારેબાજુ કુદરતે શ્વેત શણગાર કર્યો હોય તેવું લાગે છે. વૃક્ષો, મકાનો, રસ્તા, પહાડો જ્યાં જુઓ ત્યાં બરફ જ બરફ જોવા મળી રહ્યો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ જમ્મુ કાશ્મીરના શ્રીનગરમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. જેના કારણે લઘુત્તમ તાપમાન માઈનસમાં પહોંચી ગયું છે.

### રોહિત શર્મા કેપ્ટન, શમીની વાપસી થઈ

## ICC ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમની જાહેરાત

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. મુખ્ય પસંદગીકાર અજીત અગરકરે મુંબઈમાં આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં ટીમની જાહેરાત કરી હતી. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય ટીમની કમાન પ્રેસ કોન્ફરન્સમાં હાજર રહેલા રોહિત શર્માના હાથમાં રહેશે. આ વખતે ચેમ્પિયન્સ ટ્રોફી હાઈબ્રિડ મોડલ હેઠળ પાકિસ્તાન અને દુબઈમાં રમાવાની છે. ટૂર્નામેન્ટની પ્રથમ મેચ ૧૯ ફેબ્રુઆરીએ યજમાન પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચે કરાચીમાં રમાશે. જ્યારે ભારતીય ટીમ તેની પ્રથમ મેચ ૨૦ ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે રમશે.

ચેમ્પિયન્સ ટ્રોફી માટે શુભમન ગિલને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. જ્યારે મોહમ્મદ સિરાજ ટીમનો ભાગ બની શક્યો નથી. ‘ઈજાગ્રસ્ત’ જસપ્રીત બુમરાહને પણ ટીમમાં જગ્યા મળી છે. જ્યારે યશસ્વી જયસ્વાલ પ્રથમ વખત ODI ટીમનો ભાગ બન્યો છે. ફાસ્ટ બોલર મોહમ્મદ શમી પણ ૧૪ મહિના બાદ વનડે ટીમમાં પરત ફર્યો છે. અર્શદીપ સિંહને



પણ ટીમમાં સ્થાન મળ્યું છે. જ્યારે ઝડપી બોલર મોહમ્મદ સિરાજ ટીમનો ભાગ નથી.

ચેમ્પિયન્સ ટ્રોફી માટેની ૧૫-સભ્ય ભારતીય ટીમ : રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ (વાઈસ-કેપ્ટન), વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, કેએલ રાહુલ (વિકેટમેન), ઋષભ પંત (વિકેટમેન), હાર્દિક પંડ્યા, યશસ્વી જયસ્વાલ, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, જસપ્રિત બુમરાહ, મોહમ્મદ શમી, અર્શદીપ સિંહ, વોશિંગ્ટન સુંદર.

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં ૮ ટીમો વચ્ચે કુલ ૧૫ મેચ રમાશે. ટીમોને ૨ ગ્રુપમાં વહેંચવામાં આવી છે. ભારત અને પાકિસ્તાન એક જ ગ્રુપ-છમાં છે. તેમની સાથે બાકીની બે ટીમો ન્યુઝીલેન્ડ અને બાંગ્લાદેશ છે. જ્યારે દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, અફઘાનિસ્તાન અને ઈંગ્લેન્ડને ગ્રુપ-બીમાં રાખવામાં આવ્યા છે. તમામ ૮ ટીમો પોતપોતાના ગ્રુપમાં ૩-૩ મેચ રમશે. આ પછી, દરેક ગ્રુપની ટોપ-૨ ટીમો સેમિફાઈનલ માટે ક્વોલિફાય થશે. પ્રથમ સેમીફાઈનલ દુબઈમાં જ્યારે બીજી લાહોરમાં રમાશે.

આ પછી ફાઈનલ મેચ રમાશે. આવી સ્થિતિમાં, જો કોઈ ટીમ ફાઈનલમાં પહોંચે છે, તો તે ટૂર્નામેન્ટમાં કુલ ૫ મેચ રમશે. ચેમ્પિયન્સ ટ્રોફીની આ તમામ ૧૫ મેચો ૪ સ્થળો પર રમાશે. પાકિસ્તાનમાં ૩ સ્થળો હશે. જ્યારે એક સ્થળ દુબઈ હશે. ભારતીય ટીમ તેની તમામ મેચ દુબઈમાં જ રમશે. જો ભારતીય ટીમ ક્વોલિફાય થશે તો ફાઈનલ પણ દુબઈમાં જ યોજાશે. અન્યથા ટાઈટલ મેચ ૯ માર્ચે લાહોરમાં રમાશે. સેમી ફાઈનલ મેચ અને ફાઈનલ માટે પણ રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે. પ્રથમ સેમિફાઈનલ દુબઈમાં રમાશે. જ્યારે બીજી સેમિફાઈનલ લાહોરમાં રમાશે. એક સેમી ફાઈનલ સહિત ૧૦ મેચ પાકિસ્તાનના ૩ સ્થળો પર યોજાશે. આ ત્રણ સ્થળો લાહોર, કરાચી અને રાવલપિંડી છે.

## ભારતીય તટરક્ષક-જહાજ, ચીની ઘેરામાંથી નીકળી ગયું

### ભારતીય તટરક્ષક જહાજ જાપાનની સદ્ભાવના યાત્રાએથી પાછું ફરી રહ્યું હતું ત્યારે ચીની જહાજોએ તેને ઘેરવા પ્રયત્ન કર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

એક તરફ ભારત અને ચીન વચ્ચે નિયંત્રણ રેખા ઉપર તંગદિલી પ્રવર્તે છે. લડાખ, દોકલામ તથા અરૂણાચલ સરહદે ચીની સૈનિકો માર ખાઈને પાછા પડે છે. ત્યારે પ્રશાંત મહાસાગરમાં ભારત અને ચીનનાં તટરક્ષક જહાજો વચ્ચે ટનાટની થઈ ગઈ હતી. વાત એમ બની કે, ભારતીય તટરક્ષક જહાજ શૌનક જાપાનની સદ્ભાવના યાત્રાએથી પાછું ફરી રહ્યું હતું, ત્યારે દક્ષિણ ચીન સમુદ્રમાં ચીની તટરક્ષક જહાજોએ તેને ઘેરી લીધું. તેથી તંગદિલી વધી ગઈ. પરંતુ જેમ ફીલીપાઈન્સના જહાજો ઉપર ચીની જહાજોએ પાણીના ફુવારા છોડયા હતા તેવા ફુવારા છોડવાની તેની હિંમત ન હતી. આપણુ જહાજ સ્કારબોરો શૉલ પાસેથી પસાર થતું હતું. ચીન તે વિસ્તારને પોતાના બાપનો હોય તેમ માને છે. તેથી તેણે ભારતીય જહાજને પડકાર્યુ પરંતુ તેને કશો જવાબ આપવાને બદલે તે તેની ગતિએ જ આગળ વધતુ રહ્યું. ચીનાઓ તે શૉલ પાસેથી પસાર થતાં નાના તમામ દેશોના જહાજો ઉપર વિશેષતઃ ફીલીપાઈન્સના જહાજો ઉપર તો પાણીના ફુવારા છોડે છે. પરંતુ તેવું કશું ભારતીય જહાજ ઉપર કરવાની તેની હિંમત નહીં હોય. ભારતીય યુદ્ધ જહાજ તેની ઐસી-કી-તૈસી કરી ભારત તરફ આવવા નીકળી ગયું. આ ઘટના અંગે સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના સમુદ્રીય સુરક્ષા નિષ્ણાત અને સી લાઈટના ડાયરેકટર રે-પોવેલે એક્સ પર એક પોસ્ટમાં લખ્યું છે, જાપાનની સદભાવના યાત્રાએથી પાછું ફરી રહેલું ઈંડીયન કોસ્ટ ગાર્ડ શિપ આઈસીજીએસ શૌનક સ્કારબોરો શૉલની પશ્ચિમેથી પસાર થઈ રહ્યું હતું તેની ઉપર ચીનનાં કોસ્ટ ગાર્ડ શિપ સીસીજી ૩૧૦૩ની નજર હતી. તેમજ સીસીજી ૩૫૦૨ની પણ નજર હતી. તેમણે ભારતીય જહાજને ઘેરવા પ્રયત્ન કર્યો, ડરાવવા પણ પ્રયત્ન કર્યો પરંતુ ભારતીય જહાજ તેની પરવાહ કર્યા સિવાય જ પોતાના માર્ગે (ભારત તરફ) આગળ વધતું ગયું. ઉલ્લેખનીય છે કે, તે શૉલ ઉપર ભૌગોલિક રીતે જ ફીલીપાઈન્સનો દાવો છે તે યોગ્ય પણ છે. છતાં ચીન તે સ્કાઈબરો શૉલ (ખંડીય-છાજલી) વિસ્તાર પર પોતાનો દાવો કરે છે અને ત્યાંથી પસાર થતાં ફીલીપાઈન્સ, વિયેતનામ જેવા નાના દેશોના જહાજોને ડરાવવા તેમની ઉપર પાણીનો ધોધ વરસાવે છે.

### સિગારેટ ઉછાળવાની સ્ટાઈલ પર બોલ્યા રજનીકાંત

## સિગારેટ ઉછાળીને પકડી લેવી એ કુદરતી છે, કોઈ સ્ટાઈલ નથી

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

બોલિવૂડમાં કેટલાક એક્ટર્સ પોતાની આગવી સ્ટાઈલના કારણે ફેમસ છે. તો કેટલાક તેમની સિગ્નેચર સ્ટાઈલ માટે. તેમાંથી એક સુપરસ્ટાર રજનીકાંત છે, જેમને દક્ષિણના મેગાસ્ટાર તરીકે પણ ઓળખવામાં આવે છે. ૭૪ વર્ષની ઉંમરે પણ કોઈ તેમની આગવી સ્ટાઈલને કોઈ બરાબરી કરી શક્યું નથી. જનીકાંતની જે પણ ફિલ્મ થિયેટરોમાં રિલીઝ થાય છે, કે તરત જ હિટ થઈ જાય છે. કારણ રજનીકાંતની ફેન ફોલોઈંગ છે. ચાહકો પણ તેમની સ્ટાઈલની નકલ કરવાની કોશિશ કરતાં હોય છે. કારણ છે રજનીકાંતની ચશ્મા ઉછાળીને પહેરવાની સ્ટાઈલ. તેમની સિગારેટ ઉછાળવાની સ્ટાઈલ બિલકુલ અલગ છે. પણ શું તમે જાણો છો કે, રજનીકાંતે સિગારેટ પીવાની આ સ્ટાઈલ બોલિવૂડના એક અભિનેતા પાસેથી શીખ્યા હતા? જો નહીં, તો ચાલો તમને જણાવીએ કે કોની પાસેથી શીખ્યા.

### સૈફે એકલા જ એ હુમલાખોરનો સામનો કર્યો : કરીના

## કરીનાએ મુંબઈ પોલીસને જણાવી હુમલાની કહાની

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

બોલીવુડ એક્ટર સૈફ અલી ખાન પર થયેલા હુમલાની તપાસ મુંબઈ પોલીસ કરી રહી છે. નૈની બાદ હવે કરીના કપૂરે પોતાનું નિવેદન નોંધાવ્યું છે.કરીનાએ બાંદ્રા પોલીસને જણાવ્યું કે, સૈફે એકલા જ એ હુમલાખોરનો સામનો કર્યો, તેણે ઘરની તમામ મહિલાઓને બિલ્ડિંગના ૧૨માં માળે મોકલી દીધી હતી. તે વચ્ચે ન પડતો તો કંઈ પણ થઈ શકતું હતું.

પોલીસ સાથે વાત કરતા કરીનાએ જણાવ્યું કે, જ્યારે હુમલો થયો તો સૈફે બાળકો અને મહિલાઓને ૧૨માં માળે મોકલી દીધા. સૈફે મહિલાઓ અને બાળકોને બચાવવાની કોશિશ કરી. સૈફ વચ્ચે આવ્યો તો હુમલાખોર જહાંગરી (સૈફ-કરીનાનો દીકરો) સુધી પહોંચી શક્યો નહીં. કરીનાએ એવું પણ જણાવ્યું કે, હુમલાખોરે ઘરમાંથી કોઈ સામાન ચોર્યો નથી. પણ તે ખૂબ જ આક્રમક હતો. તેણે કેટલીય વાર સૈફ પર હુમલો કર્યો. હું આ હુમલા બાદ ગભરાઈ ગઈ હતી, એટલા માટે કરિશ્મા મને તેના ઘરે લઈ ગઈ હતી. આ અગાઉ સૈફ કરીનાના બાળકો-તૈમૂર અને જેહની કેર ટેકરે જણાવ્યું હતું કે, આખરે હુમલાના દિવસે શું થયું હતું? કેર ટેકરે જણાવ્યું હતું કે, તે છેલ્લા ચાર વર્ષથી તેમના ઘરમાં કામ કરી રહી છે.

### યુપીનો ચોંકાવનારો મામલો

## પાકિસ્તાની મહિલા ૯ વર્ષ સરકારી શિક્ષક તરીકે નોકરી કરતી રહી

। (એજન્સી) લખનૌ, તા.૧૮ ।

ઉત્તર પ્રદેશમાં એક વિચિત્ર મામલો સામે આવ્યો છે. અહીંયા એક પાકિસ્તાની નાગરિકતા ધરાવતી મહિલાએ બનાવટી દસ્તાવેજોના આધારે સરકારી શાળામાં સહાયક શિક્ષિકાની નોકરી મેળવી લીધી હતી. એટલુ જ નહીં આ પાકિસ્તાની મહિલાએ પોતાને ભારતીય નાગરિક બતાવીને નવ વર્ષ સુધી નોકરી કરી હતી. તપાસ કરતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો, જેથી અંતે આ મહિલાને નોકરીમાંથી કાઢી મુકવામાં આવી હતી. ઉત્તર પ્રદેશની એક સરકારી શાળામાં પાકિસ્તાની મહિલા શુમાયલા ખાન સહાયક શિક્ષિકાની નોકરી કરતી હતી. નોકરી મેળવવા માટે તેમણે પોતે રામપુરના સદરની રહેવાસી હોવાનો દાવો કર્યો હતો. આ માટે તેણે જે દસ્તાવેજો પણ આપ્યા હતા, જોકે વિભાગે જ્યારે દસ્તાવેજોની જીણવટથી તપાસ કરી તો સામે આવ્યું કે આ દસ્તાવેજો તો નકરી છે. શુમાયલા ખાનની વર્ષ ૨૦૧૫માં બરેલી જિલ્લા બેસિક શિક્ષણ અધિકારી દ્વારા નિમણુંક કરાઇ હતી. જો કે, તેની નાગરિકા અંતે વિભાગને ફરિયાદો મળી હતી. જે બાદ શિક્ષણ વિભાગ દ્વારા તપાસ કરાઈ હતી, તેમાં સૌથી મહત્ત્વપૂર્ણ ગણાતા રહેણાંકના પુરાવાની તપાસ કરવામાં આવી. જોકે વર્ષ ૨૦૧૫માં નોકરી પર લાગેલી આ પાકિસ્તાની મહિલા ૯ વર્ષ સુધી સરકારી લાભો લેતી રહી છતા કોઇ કાર્યવાહી આ સમય દરમિયાન ના થઈ.

### સૈફ અલી કેસમાં શકમંદની પૂછપરછ

## ૬૦ કલાક પછી પણ પોલીસને કોઈ નક્કર પુરાવા મળ્યા નથી

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

સૈફ અલી ખાન પર હુમલાના કેસમાં મુંબઈ પોલીસે વધુ એક શંકાસ્પદ વ્યક્તિની અટકાયત કરી છે. બાંદ્રા પોલીસ સ્ટેશનમાં તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. જોકે, હુમલાના ૬૦ કલાક પછી પણ પોલીસને કોઈ નક્કર પુરાવા મળ્યા નથી કે આરોપીઓની ઓળખ થઈ નથી. જે વધુ એક શકમંદની અટકાયત કરવામાં આવી છે તે અંગે જોકે વધુ માહિતી બહાર આવી નથી અને મુંબઈ પોલીસે પણ કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી. પોલીસ શંકાસ્પદ વ્યક્તિને બાંદ્રા પોલીસ સ્ટેશન લઈ ગઈ છે અને તેની પૂછપરછ કરી રહી છે. એ નોંધવું જોઈએ કે સૈફ પર હુમલાને ૬૦ કલાક વીતી ગયા છે અને પોલીસ હજુ પણ ખાલી હાથ છે. બધા સીસીટીવી ફૂટેજ તપાસવા છતાં પોલીસ એક પણ પુરાવો શોધી શકી નથી, જે આશ્ચર્યજનક છે. તે અત્યાર સુધી આ કેસમાં આરોપીઓને ઓળખી કે પકડી કેમ શકી નથી તે અંગે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. પોલીસે શંકાસ્પદ આરોપી ઓને શોધવા માટે ૩૫ ટીમો બનાવી છે. ગત ૧૫ જાન્યુઆરીના રોજ મધ્યરાત્રીએ ૨.૩૦ વાગ્યે હુમલાખોર સૈફના ઘરમાં ઘૂસી ગયો અને તેના પર છરીથી હુમલો કર્યો. બીજા દિવસે, મુંબઈ પોલીસે એક આરોપીની ધરપકડ કરી, જ્યારે બીજો ફરાર હતો. પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી અને હવે ૬૦ કલાક પછી બીજા શંકાસ્પદ વ્યક્તિને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે.

# માંડવી નગરપાલિકા ખાતે રૂ.૮.૧૫ કરોડના ખર્ચે ઘર-ઘર ગેસ પાઈપલાઈન સહિત વિકાસકામોનું લોકાર્પણ કરતા આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજી હળપતિ



। (માહિતી) સુરત, તા.૧૮ ।

સુરત જિલ્લાની માંડવી નગર પાલિકા ખાતે રૂ.૮.૧૫ કરોડના ખર્ચે ઘર-ઘર ગેસ પાઈપલાઈન સહિતના વિકાસકામોનું આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે લોકાર્પણ કરાયું હતું.

નગરપાલિકા દ્વારા રૂ.૩૦ લાખના ખર્ચે રામજી મંદિર શોપિંગ સેન્ટર, રૂ. ૬૪ લાખના ખર્ચે અંબાજી પંપીંગ સ્ટેશન સ્થિત શોપિંગ સેન્ટર, NPCIL કાકરાપાર અને સરકારના ૧૫માં નાણાપંચ યોજના અંતર્ગત રૂ.૧.૪૬ કરોડના ખર્ચે ઝોરા ફળિયાથી અંબાજી પંપીંગ સ્ટેશન સુધી રાઈઝીંગ મેઈન લાઈન તથા સંપનું કામ તથા રૂ.૫.૫ કરોડના ખર્ચે ગુજરાત ગેસ દ્વારા ઘર ઘર ગેસ સપ્લાયનું કામ અને રૂ.૨૫ લાખના ખર્ચે અર્બન ફોરેસ્ટ સહિતના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ સંપન્ન થયું હતું. આ અવસરે મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, માંડવી નગરપાલિકામાં જનસુખાકારી સાથે અવિરત વિકાસકાર્યો થાય એ જ મારી પ્રાથમિકતા છે.

ઘર-ઘર સુધી ગેસ પાઈપ લાઈનની સુવિધા ઉપલબ્ધ થવાથી દરેક ઘરમાં રસોઈ ગેસ પહોંચશે. નગરપાલિકા દ્વારા પીવાના પાણી, રોડ-રસ્તા, આરોગ્ય સહિતના કામો થકી નગરના વિકાસ સાથે માંડવી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં તમામ પ્રકારની આરોગ્યની સુવિધા આવનાર સમયમાં મળતી થશે. આ પ્રસંગે સાંસદ પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, માંડવી નગરમાં વસતા લોકોની ભૌતિક સુખાકારી માટે વિકાસકાર્યો અવિરત થઈ રહ્યા છે. દેશને આત્મનિર્ભર બનાવવા ભારત સરકારના અણુ ઉર્જા વિભાગના માર્ગદર્શન હેઠળ સ્વદેશી ૭૦૦ મેગાવોટ વિજળી ઉત્પન્ન કરતાં પ્લાન્ટ કાકરાપાર અણુમથક પાવર પ્રોજેક્ટ (કેએપીપી) સુરત ખાતે કાર્યરત છે. વિજળી એ દરેક માનવીના જીવનની પ્રાથમિક જરૂરિયાત બની છે. રાજ્યના અંતરિયાળ વિસ્તારમાં પહેલા નળથી જળ પહોંચાડ્યું અને હવે ઘર ઘર પાઈપ લાઈનથી રસોઈ ગેસ મળતો થાય તે દિશામાં સરકાર કાર્ય કરી રહી છે. વધુમાં સાંસદશ્રી ઉમેર્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ અન્ય ઈંધણ કરતા સૌથી સસ્તું ઈંધણ ગણાતું ગેસ પાઈપ લાઈન દ્વારા ઘર ઘર સુધી પહોંચાડ્યું છે. આ પ્રસંગે મંત્રી-પદાધિકારીઓના હસ્તે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભોનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે નગર પાલિકા પ્રમુખ નિમેષભાઈ શાહ, સુરત અગ્રણીઓ સર્વશ્રી જિગર નાયક, રાજુ પટેલ, પૂર્વીબેન પટેલ, ડો.આશિષભાઈ, ડો.આશિષ ઉપાધ્યાય, જગદીશ પારેખ, રોહિત પટેલ, NPCILના સાઈટ ડાયરેક્ટર એસ.કે.માલવિયા, નગરપાલિકાના પદાધિકારીઓ સહિત લાભાર્થીઓ, નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

### કોલ્ડપ્લેના ચાહકો માટે ખુશખબર

# કોન્સર્ટના બે દિવસ માટે મુંબઇ-અમદાવાદ વચ્ચે દોડાવાશે બે ખાસ ટ્રેન

## આ ટ્રેનો અમદાવાદથી બપોરે ૧:૪૦ વાગ્યે ઉપડશે અને રાત્રે ૮:૪૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદમાં વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આગામી ૨૫મી અને ૨૬મી જાન્યુઆરીના રોજ યોજાનારા કોલ્ડપ્લે કોન્સર્ટની ટિકિટનું વેચાણ શરૂ થયા બાદ અમુક સમયમાં હજારો ટિકિટ વેચાઈ ગઈ હતી. ત્યારે કોલ્ડપ્લે કોન્સર્ટને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ ખાસ ટ્રેન શરૂ કરવાનો નિર્ણય લીધો છે. ૨૫ અને ૨૬ જાન્યુઆરીએ મુંબઈ અને અમદાવાદની વચ્ચે બે ખાસ ટ્રેન ચાલશે.

ગુજરાત કોલ્ડપ્લે કોન્સર્ટ માટે પશ્ચિમ રેલવે દ્વારા ચલાવવામાં આવતી આ ટ્રેનો બાંદ્રા ટર્મિનસથી સવારે ૬:૧૫ વાગ્યે ઉપડશે અને ૨૫મી જાન્યુઆરીએ બપોરે ૨ વાગ્યે અને ૨૬મી જાન્યુઆરીએ બપોરે ૧ વાગ્યે અમદાવાદ પહોંચશે. પરત ફરતી વખતે, આ ટ્રેનો અમદાવાદથી બપોરે ૧:૪૦ વાગ્યે ઉપડશે અને રાત્રે ૮:૪૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. બીજી ટ્રેન અમદાવાદથી ૨૭મી જાન્યુઆરીએ રાતે ૧૨:૫૦ વાગ્યે ઊપડશે અને સવારે ૮:૩૦ વાગ્યે મુંબઈ પહોંચશે. આ ટ્રેનો બોરિવલી, વાપી, ઉધના, સુરત, ભરૂચ, વડોદરા સ્ટેશન પર પણ ઊભી રહેશે. નોંધનીય છે કે, આ ટ્રેન શિયાળા દરમિયાન ચાલતી સ્પેશિયલ ટ્રેનોમાં સામેલ છે, પરંતુ તેનો મુખ્ય હેતુ શોની ભીડને સંભાળવાનો છે.અમદાવાદમાં કોલ્ડપ્લે કોન્સર્ટ યોજાઈ તે પહેલા આયોજકોને નોટિસ પાઠવાઈ હતી. કોલ્ડપ્લે કોન્સર્ટના આયોજકોને ડિસ્ટ્રિક્ટ ચાઈલ્ડ પ્રોટેક્શન યુનિટ દ્વારા નોટિસ ફટકારી હતી. કોન્સર્ટ વખતે જાહેર મંચ પર બાળકોને ન બોલાવવા અંગે નોટિસમાં જણાવ્યું હતું. કોન્સર્ટ દરમિયાન ૧૨૦ ડેસિબલથી વધુનો અવાજ ઉત્પન્ન થતો હોવાથી બાળકો માટે આટલો અવાજ ઘોંઘાટરૂપ સાબિત થતા તેમના કાન અને મન પર અસર પહોંચે છે. જેને ધ્યાનમાં રાખીને DCPUએ નોટિસમાં બાળકોને ઈયરપ્લગ વગર સ્ટેડિયમમાં પ્રવેશ ન આપવા જણાવ્યું.

## ગુજરાતની ૭૦૦ કિલોમીટર જમીનનું ધોવાણ થયું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

સરવે ઓફ ઈન્ડિયાએ અદ્યતન ટેક્નોલોજીની મદદથી સમગ્ર દેશનો દરિયાકાંઠાને માપ્યો છે. જેના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. ગુજરાતનો દરિયાકાંઠો દેશમાં સૌથી લાંબો છે, જે અત્યાર સુધી ૧૬૦૦ કિલોમીટર નોંધાયેલો હતો. પરંતુ હવે ૭૦૦ કિલોમીટરના વધારા સાથે ગુજરાતનો દરિયાકાંઠો ૨૩૦૦ કિલોમીટર થયો છે. આ વધારો એ ગુજરાતના દરિયાકાંઠાની જમીનના ધોવાણના કારણે થયો છે. જેમાં ખંભાતના અખાતથી કચ્છના સુધી અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠેથી દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે એક સમયના સ્થિર કિનારાઓ હવે ઝડપથી ક્ષીણ થઈ રહ્યા છે.

## અંબાજીમાં શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમાનો થશે ભવ્ય પ્રારંભ

। (એજન્સી) અંબાજી, તા.૧૮ ।

અંબાજી શક્તિપીઠ અંબાજી ખાતે ૯ થી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન યોજાનાર 'શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ'માં ભાગ લેવા માટે લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડશે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા આયોજિત આ મહોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.આ ત્રિદિવસીય મહોત્સવમાં મસાલ યાત્રા, ત્રિશૂળ યાત્રા, જ્યોતિ યાત્રા, શક્તિ યજ્ઞા, ભજન સત્સંગ, આનંદ ગરબા અને મહાઆરતી જેવા કાર્યક્રમો યોજાશે.

### નાબાર્ડે મંજૂર કર્યા ૨૦૦૬ કરોડ

# નર્મદાના નીર કચ્છના છેવાડાના ગામડાઓ સુધી પહોંચશે

## કચ્છ જિલ્લાના ટપ્પર ડેમથી દૂરના ગામડાના રિઝર્વોઇર સુધી પાઈપલાઈન નાખવાની યોજના અમલમાં મૂકી રહી છે



। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

નર્મદા નદીનું પાણી નર્મદા શાખા કેનાલ મારફતે ગુજરાતના અનેક ભાગો અને રાજસ્થાન સુધી પહોંચે છે. હવે કચ્છ જિલ્લાના અંતરાળના ગામડાના ખેડૂતોને પણ નર્મદા જળનો લાભ મળશે. કચ્છ જિલ્લો દેશનો સૌથી મોટો જિલ્લો છે અને તેના મોટાભાગના ભાગોમાં અત્યાર સુધી સિંચાઈના પાણીની અછત રહી છે. ટપ્પર ડેમથી જિલ્લાના વિવિધ ગામડાઓ સુધી પાઈપલાઈન નાખવાની આ યોજનાથી ૧૨૭ ગામડાના લગભગ ૨ લાખ લોકો લાભાન્વિત થશે અને ૧.૫૭ લાખ હેક્ટર જમીનને સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ થશે. વર્ષ ૨૦૨૩-૨૪માં અમલમાં મૂકાયેલા પ્રથમ તબક્કામાં નાબાર્ડે ૩૨૩૫ કરોડનું ઋણ મંજૂર કર્યું હતું. હવે બીજા તબક્કા હેઠળ રૂા. ૨૦૦૬ કરોડનું ઋણ મંજૂર કરવામાં આવ્યું છે. આ રિયાયતી દરે અપાતું ઋણ ગ્રામિણ આધારભૂત રચના વિકાસ નિધિ (આરઆઈડીએફ) હેઠળ મંજૂર કરવામાં આવ્યું છે.

બીજા તબક્કામાં પાઈપલાઈન માકણપર ગામ સ્થિત મુખ્ય સ્ટેશનથી નારા રિઝર્વોઇર સુધી (ઉત્તરી લિંક કેનાલ) અને ટપ્પર સ્થિત મુખ્ય પંપિંગ સ્ટેશનથી સાંધરો રિઝર્વોઇર સુધી (દક્ષિણ લિંક કેનાલ) નાખવામાં આવી રહી છે. ઉત્તર અને દક્ષિણ લિંક કેનાલો દ્વારા પાણીની ઉપલબ્ધતા થી, કચ્છના દૂરના ગામડાઓના ખેડૂતો એક થી વધારે પાકોનું વાવેતર કરી શકશે. ગ્રામીણ આધારભૂત રચના વિકાસ નિધિ (આરઆઈડીએફ) એ ભારત સરકાર દ્વારા નાબાર્ડમાં સ્થાપિત ફંડ, જે ગ્રામિણ વિસ્તારની પાયાની સુવિધાઓ માટે સહાય પૂરી પાડે છે. ૧૯૯૫-૯૬માં સ્થાપિત આ ફંડ દ્વારા નાબાર્ડે ગુજરાત સરકારને અત્યાર સુધી ૬૩,૪૭૭ પ્રોજેક્ટ માટે ૪૫,૯૫૭ કરોડનું ઋણ સહાય મંજૂર કર્યું છે.

# સુરતમાં કાર પલટી મારી જતા એક વિદ્યાર્થિનીનું મોત

। (એજન્સી) સુરત, તા.૧૮ ।

સુરતમાં એક કાર અકસ્માતમાં ૧૭ વર્ષીય દિશા જૈનનું મૃત્યુ થયું અને અન્ય ત્રણ વિદ્યાર્થીઓ ઘાયલ થયા છે. કાર ચાલક રાહુલ ચૌધરીની ધરપકડ કરવામાં આવી છે. ઘટના ડાયમંડ બુર્સ પાસે બની હતી. પોલીસ તપાસ ચાલી રહી છે જેમાં કારની સ્પીડ અને કારનું બેલેન્સ જવાબદાર હોઈ શકે છે. હાલ દીકરીના મોતથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

સુરત શહેરમાં કારમાં સવાર ચાર મિત્રોને અકસ્માત નડ્યો હતો. કાર પલટી મારી ગયી હતી જેમાં કારમાં સવાર ૩ વિદ્યાર્થીઓને સામાન્ય ઈજા જયારે એક વિદ્યાર્થીનું મોત નીપજ્યું હતું. વ્હાલસોયી દીકરીના મોતને લઈને પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે જયારે પોલીસે કાર ચાલક વિદ્યાર્થીની ધરપકડ કરી છે. સુરતના ડાયમંડ બુર્સ પાસે આ ઘટના બની હતીમળતી માહિતી મુજબ સુરતના ડાયમંડ બુર્સ પાસે અકસ્માતની ઘટના બની હતી. સુરતના વેસુ વિસ્તારમાં રહેતો ૧૮ વર્ષીય રાહુલ ચૌધરી તેના મિત્ર સાહિલ બાવા, શોર્ય શર્મા, તેમજ દિશા જૈન ચઉ.૧૭ સાથે ડાયમંડ બુર્સ પાસે ખજોદ રોડ પાસે કારમાં પસાર થઈ રહ્યા હતા ત્યારે કાર પલટી મારી ગયી હતી. જેમાં દિશા મયુર ભાઈ બોખડીયા ચજૈનૃ નું મોત થયું હતું. જયારે અન્ય ત્રણેય વિદ્યાર્થીઓને નાની મોટી ઈજાઓ થઈ હતી. બનાવની જાણ થતા પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. આ બનાવમાં પોલીસે કાર ચાલક રાહુલ ચૌધરીની પોલીસે ધરપકડ કરી છે. તેના પિતા કાપડ વેપારી છે. રાહુલ ચૌધરી પણ કોલેજમાં અભ્યાસ કરે છે. જયારે મૃતક દિશા જૈનના મૃતદેહને પીએમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. તે ઉધના વિસ્તારમાં સમિતિની શાળામાં અભ્યાસ કરતી હતી. વ્હાલસોયી દીકરીના મોતને લઈને પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. બનાવ અંગે ડીસીપી વિજયસિંહ ગુર્જરએ જણાવ્યું હતું કે ચાર અલગ અલગ સ્કુલના વિદ્યાર્થીઓ કેટા કાર લઈને આવ્યા હતા અને બેલેન્સ બગડતા કાર પલટી મારી ગયી હતી.

## ગીરમાં ૨૪-૨૬ જાન્યુઆરી બીચ ફેસ્ટિવલ યોજાશે



। (એજન્સી) ગીર, તા.૧૮ ।

ગુજરાત પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર ગીર સોમનાથ દ્વારા અહેમદપુર માંડવી બીચને પ્રવાસનના નવાં સ્થળ તરીકે વિકસાવવાના ભાગરૂપે તા.૨૪થી૨૬ ૩ દિવસ બીચ ફેસ્ટિવલ યોજવામાં આવશે. જેમાં લાઈવ કોન્સર્ટ, લેઝર શો, પ્રવાસીઓ માણી શકે તે માટે ફેસ્ટિવલ પૂર્વે જિલ્લા કલેક્ટર દ્વારા સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સંઘ પ્રદેશ દીવના ઘોઘલાને અડીને આવેલો ગુજરાતના ગીરનો અહેમદપુર માંડવી બીચ દેશ-દુનિયાના પ્રવાસીઓમાં આકર્ષનું કેન્દ્ર બનવા જઈ રહ્યો છે. અહીં ગીર સોમનાથ કલેક્ટરે મુલાકાત કર્યા બાદ બીચને ડેવલપ કરવાનું બીડું ઝડપ્યું છે.

જેથી રાજ્યના પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી તા.૨૪,૨૫ અને ૨૬ના બીચ ફેસ્ટીવલ યોજાશે. આ માટે જિલ્લાના તમામ વિભાગોને સાથે રાખી કલેક્ટરે દ્વારા સ્થળ નિરીક્ષણ કર્યું હતું. હાલ પ્રવાસીઓમાં અહેમદપુર માંડવી બીચ સૌથી ઓછી ઓળખ ધરાવે છે, પરંતુ અહીં પ્રવાસન ઉદ્યોગ અને દરિયાઈ પર્યટનને લઈ વિશાળ તકો ઉપલબ્ધ હોવાથી તંત્ર દ્વારા ત્રિદિવસીય ભવ્ય બીચ ફેસ્ટિવલ યોજાવાનો છે. જેમાં ખારવા સમાજ અને તેની સંસ્કૃતિ ઉજાગર થાય તે હેતુથી પ્રથમ વખત બોટમાં સાંસ્કૃતિક ટેબ્લોની પરેડ, સહિત વિવિધ એક્ટિવિટી તથા ફૂડઝોનની મજા પ્રવાસીઓને માણવા માણશે. ગીર સોમનાથ કલેક્ટર ડી. ડી. જાડેજાએ જણાવ્યું હતું કે, અહેમદપુર માંડવી બીચ પ્રવાસીઓમાં નવી ઓળખ ઉભી કરે તે માટે અહીં ખાસ સૂર્યોદય જોવાના પોઈન્ટ છે. આ બીચ પર બહુ મોટી સંખ્યામાં ડોલ્ફિન માછલી પણ જોવા મળે છે. દરિયાઈ આધારિત વોટર સ્પોર્ટસ એક્ટિવિટીની અહીં સારી શક્યતા પણ જણાય છે. ત્રી દિવસીય યોજાનારા બીચ ફેસ્ટિવલને કારણે ગીરનો અહેમદપુર માંડવી બીચ નવા પ્રવાસન સ્થળ તરીકે ઉભરી આવશે તથા પ્રવાસન ગતિવિધિને પણ વેગ મળશે.

## વિશેષ

### રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રી કુંવરજીભાઈ હળપતિએ લાભાર્થીઓને પ્રોપર્ટી કાર્ડ એનાયત કર્યા

# જલાલપોરના દાંતી ગામ ખાતે સ્વામિત્વ યોજના અંતર્ગત પ્રોપર્ટી કાર્ડ વિતરણનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો





। (માહિતી) સુરત ।

રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષ સ્થાને આજે જલાલપોર તાલુકાના દાંતી ગામ ખાતે સ્વામિત્વ યોજના અંતર્ગત પ્રોપર્ટી કાર્ડ વિતરણનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ એ સ્વામિત્વ યોજનાના લાભાર્થીઓને પોતાના ઘરના અધિકૃત માલિક બનવા બદલ શુભકામનાઓ પાઠવીને સ્વામિત્વ યોજના જેવી અમૂલ્ય ભેટ આપવા બદલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સહદય આભાર વ્યક્ત કર્યો હતો. સંપત્તિનો દસ્તાવેજ મળવાથી ગ્રામીણ નાગરિકો સાચા અર્થમાં તેમની પ્રોપર્ટીના માલિક બન્યા છે, તેમ શ્રી હળપતિએ ઉમેર્યું હતું. પ્રોપર્ટી કાર્ડ એ માત્ર કાગળ કે દસ્તાવેજ નથી, પરંતુ પ્રગતિનો રસ્તો છે, તેમ ગૌરવસહ જણાવી મંત્રીશ્રીએ છેવાડાનો માનવી મુખ્ય પ્રવાહમાં આવી રહ્યો છે, તેમ જણાવ્યું હતું. સ્વામિત્વ યોજનાના લાભાર્થીઓને સંપત્તિના માલિક તરીકે સંબોધીને શ્રી હળપતિએ સ્વામિત્વ યોજનાનું મહાત્મય વર્ણવ્યું હતું. હવે આ કાર્ડધારકોને સરળતાથી બેંકમાંથી લોન મળશે અને આર્થિક સમૃદ્ધિના દ્વાર ખુલશે, તેમ કહીને મંત્રીશ્રીએ સ્વામિત્વ યોજનાને માત્ર આવશ્યકતાઓ પૂર્ણ કરનારી નહીં, પરંતુ આકાંક્ષાઓને પાંખ આપનારી ગણાવી હતી. રાજ્યમંત્રી શ્રી હળપતિએ ઉપસ્થિત સૌને નશામુક્તિ અને સ્વચ્છતા માટેની ઝૂંબેશમાં સહભાગી થવા ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. ગણદેવીના ધારાસભ્યશ્રી નરેશભાઈ પટેલે સ્વામિત્વ યોજના થકી ગ્રામજનોના જીવનમાં આવનારા સુખદ પરિવર્તનની વાત કરી હતી. તેમજ સ્વામિત્વ યોજનાના લાભો વર્ણવી પ્રોપર્ટી કાર્ડ અંગે મહત્વની વાતો કરી હતી. નવસારીના પ્રાંત અધિકારી શ્રી જન્મ ઠાકોરે સ્વાગત ઉદ્‌બોધનમાં કાર્યક્રમની રૂપરેખા આપી હતી તેમજ આભારવિધિ પણ કરી હતી. ઉપસ્થિત સૌ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વામિત્વ યોજના અંતર્ગત દેશવ્યાપી પ્રોપર્ટી કાર્ડના વિતરણ અને યોજનાના લાભાર્થી કાર્ડધારકો સાથે સંવાદનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. કાર્યક્રમના અંતે મહાનુભાવોએ શાળાના પરિસરમાં વૃક્ષારોપણ કર્યું હતું. દાંતી પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી પરેશભાઈ દેસાઈ, કલેક્ટર શ્રી ક્ષિપ્રા આગ્રે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી પુષ્પ લતા, પ્રાંત અધિકારીશ્રી, પ્રાયોજના વહીવટદાર, મામલતદારશ્રી સહિત સ્થાનિક અધિકારીશ્રીઓ, ગામના સરપંચ, પ્રાથમિક શાળાના આચાર્ય સહિતનો સ્ટાફ, લાભાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



અમૃતસરમાં કંગના રનૌતની ફિલ્મ 'ઇમર્જન્સી'ના રિલીઝ સામે શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિ (SGPC)ના સભ્યોએ PVR સિનેમાની બહાર વિરોધ પ્રદર્શન કર્યું. SGPC અને શીખ સંગઠનો દ્વારા ફિલ્મ સામે કરવામાં આવેલા વિરોધને પગલે શુક્રવારે પંજાબના મોટાભાગના સિનેમાઘરોમાં કંગના રનૌતની ફિલ્મ 'ઇમર્જન્સી' પ્રદર્શિત કરવામાં આવી ન હતી.

### કોસ્ટ ગાર્ડ ફોર્સ વચ્ચે તણાવ વધી ગયો

# હવે દરિયામાં ભારત અને ચીન આમને-સામને આવ્યું

## આ દરમિયાન ચીનના કોસ્ટ ગાર્ડના બે જહાજો CCG 3103 અને CCG 3502એ દરિયામાં ભારતીય જહાજને ઘેરી લીધું હતું

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૮ ।

એક તરફ ભારત અને ચીનની ઉત્તરીય સરહદ પર સ્થિતિ સંવેદનશીલ છે, તો બીજી તરફ દક્ષિણ ચીન સાગરમાં ભારત અને ચીનના કોસ્ટ ગાર્ડ ફોર્સ આમને-સામને આવી ગયા છે. જ્યારે ભારતીય કોસ્ટ ગાર્ડ જહાજ શૌનક જાપાનની શુભેચ્છા મુલાકાતથી પરત ફરી રહ્યું હતું, ત્યારે દક્ષિણ ચીન સાગરમાં વિવાદિત ટાપુ સ્કારબોરો શોલની પશ્ચિમેથી પસાર થઈ રહ્યું હતું ત્યારે તેને ચીનના કોસ્ટ ગાર્ડના જહાજોએ તેને ઘેરી લીધું હતું. જેના કારણે બે કોસ્ટ ગાર્ડ ફોર્સ વચ્ચે તણાવ વધી ગયો છે. ચાઈનીઝ કોસ્ટ ગાર્ડ સ્કારબોરો શોલ નજીકના દરિયાઈ વિસ્તારને વિવાદિત વિસ્તાર માને છે. સ્ટેનફોર્ડ યુનિવર્સિટી ખાતે ગોર્ડિયન નોટ સેન્ટર ફોર નેશનલ સિક્યુરિટી ઈનોવેશનની દરિયાઈ પારદર્શિતા પહેલ સીલાઈટના ડિરેક્ટર રે પોવેલે ઠ પર એક પોસ્ટમાં લખ્યું છે. ચાઈના કોસ્ટ ગાર્ડની નજર ૩૩૦૪ પર છે. આ દરમિયાન ચીનના કોસ્ટ ગાર્ડના બે જહાજો CCG



૩૧૦૩ અને CCG ૩૫૦૨એ દરિયામાં ભારતીય જહાજને ઘેરી લીધું હતું. ફિલિપાઈન્સના દાવા છતાં ચીન દાવો કરે છે કે આ વિસ્તાર વિવાદિત છે. આ બધું આ વિસ્તારમાં ત્યારે થયું જ્યારે ચીનના કોસ્ટ ગાર્ડનું 'મોન્સ્ટર શિપ' ફિલિપાઈન્સના કોસ્ટ ગાર્ડના જહાજો સાથે અથડામણમાં વ્યસ્ત છે. દક્ષિણ-પૂર્વ એશિયાના દેશો લાંબા સમયથી ચીની કોસ્ટ ગાર્ડની આક્રમક રણનીતિના નિશાન પર છે અને છેલ્લા કેટલાક વર્ષોમાં ચીની કોસ્ટ ગાર્ડે ગ્રે ઝોનમાં કામ કરવાનું શરૂ કર્યું છે, જેનું કથિત રીતે ઉલ્લંઘન થઈ રહ્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### સૈફ અલી ખાન પર થયેલા હુમલમાં કોઈ અંડરવર્લ્ડ ગેંગનો હાથ નહીં : મહારાષ્ટ્રના મંત્રી

। (એજન્સી) મુંબઇ, તા.૧૮ ।

હુમલામાં ઘાયલ થયેલા એક્ટર સૈફ અલી ખાનની મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ડૉક્ટરોએ શુક્રવારે કહ્યું કે, 'તેમની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે, તેમને બે-ત્રણ દિવસમાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી શકે છે.' ત્યારે હવે ઘટના અંગે પોલીસ અને રાજ્યના ગૃહ રાજ્ય મંત્રીનું નિવેદન સામે આવ્યું છે. પોલીસે જણાવ્યું કે, હુમલાની ઘટનામાં એક શંકાસ્પદની અટકાયત કરવામાં આવી છે, જ્યારે મહારાષ્ટ્રના ગૃહ રાજ્ય મંત્રી યોગેશ કદમે કહ્યું કે, 'આ ઘટના પાછળ કોઈ અંડરવર્લ્ડ ગેંગનો હાથ નથી.' સેફ પર બુધવાર મોડી રાત્રે તેમના બાંદ્રા સ્થિત ઘર પર એક હુમલાખોરે ધારદાર હથિયારથી હુમલો કર્યો હતો. જેમાં એક્ટરના ગળા સહિત છ જગ્યાઓ પર ઈજા પહોંચી. લીલાવતી હોસ્પિટલમાં તેમની સર્જરી કરવામાં આવી. લીલાવતી હોસ્પિટલના ન્યૂરોસર્જન ડૉ. નિતિન ડાંગેએ કહ્યું કે, 'અમે તેમની દેખરેખ કરી રહ્યા છીએ અને આશા અનુસાર તેમની તબિયતમાં સારો સુધારો થઈ રહ્યો છે. તેમને આરામ કરવાની સલાહ આપવામાં આવી છે અને તેઓ સારું અનુભવશે તો અમે તેમને બેથી ત્રણ દિવસમાં રજા આપી દઈશું. ડૉક્ટરોની એક ટીમે તેમની તપાસ કરીને તેમને ચલાવીને જોયું.' બુધવારે સૈફ અલી ખાનની સર્જરી કરનારી ટીમના મુખ્ય ડૉક્ટર ડાંગે કહ્યું કે,હવે સૈફને ICUથી બહાર લવાયા છે. અમે તેમને એક સ્પેશિયલ રૂમમાં લાવ્યા છીએ. તેમણે કહ્યું કે, ખાનને ત્રણ ઈજા થઈ. બે હાથ પર અને એક ગાલ પર ડાબી સાઈડ. એક મોટી ઈજા પીઢ પર આવી, જેને આપણે થોરેસિક સ્પાઈન કહે છે.

### મહાકુંભમાં હેલિકોપ્ટરથી ફૂલવર્ષામાં થયેલો વિલંબ

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૮ ।

પ્રયાગરાજ મહાકુંભમાં યોગી સરકાર દ્વારા શ્રદ્ધાળુઓ માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. મહાકુંભમાં આવનારા લોકો પણ તેના વખાણ કરી રહ્યા છે. પરંતુ, પૌષ પૂર્ણમાના શાહી સ્નાન પર્વ પર સમયસર શ્રદ્ધાળુઓ પર હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા નહતી થઈ શકી. જોકે, આ મામલે હવે યુપી સરકારે કડક વલણ અપનાવ્યું છે. ઉડ્ડયન વિભાગ દ્વારા કંપનીના સીઈઓ, પાયલટ સહિત ત્રણ લોકો પર FIR દાખલ કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશના ઉડ્ડયન વિભાગના ઓપરેશનલ મેનેજર કે. પી. રમેશે મહાકુંભ નગર પોલીસ સ્ટેશનમાં FIR નોંધવી છે. ઉડ્ડયન વિભાગે દાખલ ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો કે, કંપનીએ કોઈ સૂચન વિના જ હેલિકોપ્ટરને અયોધ્યા મોકલી દીધા હતાં, જેના કારણે મહાકુંભમાં શ્રદ્ધાળુઓ પર સમયાંતરે પુષ્પવર્ષા ન થઈ શકી. પોલીસે હેલિકોપ્ટર કંપનીના સીઈઓ રોહિત માથુર, પાયલટ કેપ્ટન પુનીત ખન્ના અને ઓપરેટર મેનેજમેન્ટ સામે ગંભીર ધારાઓ હેઠળ FIR દાખલ કર્યો છે. નોંધનીય છે કે, યોગી સરકારે મહાકુંભમાં શ્રદ્ધાળુઓ પર પુષ્પવર્ષાનો નિર્ણય લીધો હતો. જેમાં એમ. એ હેરિટેજ એવિએશન પ્રાઈવેટ લિમિટેડ કંપનીને પૌષ પૂર્ણિમાના દિવસે સવારથી જ પુષ્પવર્ષાની જવાબદારી સોંપવામાં આવી હતી. પરંતુ, કોઈ સૂચના વિના હેલિકોપ્ટરને અયોધ્યા મોકલી દેવાયુ હતું. જેના કારણે શ્રદ્ધાળુઓ પર ફૂલોનો વરસાદ ન થઈ શક્યો. તેમ છતાં બીજુ હેલિકોપ્ટર બોલાવવામાં આવ્યું અને સાંજે ૪ વાગ્યાની આસપાસ ફૂલોનો વરસાદ કરવામાં આવ્યો. હાલ, ગુનો નોંધાયા બાદ મહાકુંભ પોલીસે આ વિશે તપાસ હાથ ધરી છે.

### ભારતીય લોકોને પરત લાવવાના પ્રયાસ

# રશિયા-યુક્રેન યુદ્ધમાં ૧૬ ભારતીયો ગુમ, ૧૨ના મોત : વિદેશ મંત્રાલય

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૮ ।

રશિયા-યુક્રેન યુદ્ધમાં એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. વિદેશ મંત્રાલયે શુક્રવારે (૧૭ જાન્યુઆરી) જણાવ્યું કે, યુક્રેન સામે યુદ્ધમાં લડવા માટે રશિયાની સેનામાં તૈનાત ઓછામાં ઓછા ૧૬ ભારતીય નાગરિક લાપતા છે. જોકે, આ યુદ્ધમાં અત્યાર સુધી ૧૨ ભારતીયોની મોત થઈ ચુકી છે. આ નિવેદન ભારત દ્વારા યુક્રેનમાં કેરળના એક વ્યક્તિની મોત બાદ રશિયન સેનાને ભારતીય નાગરિકોની જલ્દીથી જલ્દી મુક્તિ માટે નવેસરથી કરેલી અરજી બાદ આવ્યું છે. યુક્રેન યુદ્ધમાં રશિયા માટે લડી રહેલાં ભારતીય નાગરિકોની સ્થિતિ ભારત માટે એક મોટી ચિંતા બની ગઈ છે. નોંધનીય છે કે, ફેબ્રુઆરી ૨૦૨૪માં રશિયા દ્વારા યુક્રેન પર હુમલો કર્યા બાદ હજારો વિદેશી નાગરિકોને આ યુદ્ધમાં લડવા માટે ભરતી કરવામાં આવ્યા હતાં. જેમાંથી ઘણાં ભારતીય પણ સામેલ છે. મીડિયા સાથે વાત કરતાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે બિનીલ બાબુના મૃત્યુને અત્યંત દુર્ભાગ્યપૂર્ણ ગણાવ્યું. તેઓએ કહ્યું કે, 'અમે પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. અમારું દૂતાવાસ



રશિયન અધિકારીઓના સંપર્કમાં છે. અમે ભારતીય લોકોના મૃતદેહને વહેલામાં વહેલી તકે ભારત લાવવા માટેના પ્રયાસ કરી રહ્યા છીએ.'જયસ્વાલે વધુમાં કહ્યું કે, 'રશિયાથી ૧૬ ભારતીય નાગરિક લાપતા થયા છે. આ સિવાય વધેલાં ભારતીય નાગરિકોની જલ્દીથી મુક્તિ અને સ્વદેશ વાપસીની માંગ કરી છે. યુક્રેનની સેના સામે લડતાં-લડતાં અત્યાર સુધીમાં ૧૨ ભારતીયોની મોત થઈ છે. હાલ, ભારતીય નાગરિકો રશિયન સેનામાં સામેલ થયા હોય તેવા ૧૨૬ કેસ સામે આવ્યા છે. જેમાંથી ૯૬ લોકોને ભારત પરત લાવવામાં આવ્યા છે. રશિયન સેનામાં હજુ સુધી ૧૮ ભારતીય નાગરિક વધ્યા છે અને તેમાંથી ૧૬ લાપતા છે. રશિયા દ્વારા તેઓને લાપતાની શ્રેણીમાં રાખ્યા છે. અમે વધેલા નાગરિકોની જલ્દી મુક્તિ અને સ્વદેશ વાપસીની માંગ કરી રહ્યા છીએ.'વિવિધ અનુમાનો અનુસાર, રશિયાએ યુક્રેન સામે યુદ્ધમાં ૫૫ થી ૬૦ હજાર વિદેશી લડવૈયાઓને તૈનાત કર્યા છે. મીડિયા અહેવાલો અનુસાર, આ લડવૈયાઓ ભારતીય, નેપાળી, ઘાના અને યમન જેવા ઘણાં દેશના લોકોનો સમાવેશ થાય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત વર્ષે જુલાઈમાં મોસ્કોમાં રશિયન રાષ્ટ્ર પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે વાર્તા દરમિયાન રશિયન સેનામાં કાર્યરત ભારતીય નાગરિકોની તુરંત મુક્તિનો મુદ્દો યોગ્ય રીતે ઉઠાવવામાં આવ્યો હતો. ગત વર્ષે ઓક્ટોબરમાં ભારતીય અધિકારીઓએ કહ્યું હતું કે, ૮૫ ભારતીય નાગરિકોને રશિયન સેનામાંથી મુક્ત કરી દેવાયા છે. આ સાથે ૨૦ અન્યની મુક્તિના પ્રયાસ શરૂ છે. ઓગસ્ટ ૨૦૨૪ માં રાષ્ટ્રીય દૂતાવાસે કહ્યું કે, મોસ્કો અને નવી દિલ્હી એવા ભારતીય નાગરિકોની તુરંત ઓળખ અને મુક્તિ માટે નજીકના સંકલનમાં કામ કરી રહ્યાં છે.

### મન્નત પહોંચી પોલીસ

# શાહરુખ ખાનના ઘરમાં પણ એક વ્યક્તિએ ઘૂસવાની કરી કોશિશ

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

મુંબઈના એક સેલિબ્રિટીના ઘરમાં ઘૂસવાનો વધુ એક બનાવ પ્રકાશમાં આવ્યો છે. થોડા દિવસો પહેલા અભિનેતા શાહરૂખ ખાનના ઘરમાં પણ ઘૂસવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ૨-૩ દિવસ પહેલા એક અજાણ્યા વ્યક્તિએ શાહરૂખના મન્નત બંગલામાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, દિવાલ ચઢવા છતાં, જાળીના કારણે તે બંગલામાં પ્રવેશવામાં નિષ્ફળ ગયો. શાહરૂખના ઘરમાં પ્રવેશવાનું કારણ હજુ સ્પષ્ટ નથી. પોલીસને શંકા છે કે સૈફ અલી ખાન પર હુમલો કરનાર અને શાહરૂખ ખાનના ઘરમાં ઘૂસનાર વ્યક્તિ એક જ વ્યક્તિ હોઈ શકે છે.

૧૪ જાન્યુઆરીએ કોઈ અજાણ્યા વ્યક્તિએ શાહરૂખ ખાનના ઘરની રેકી કરી હતી. રીટ્રીટ હાઉસના પાછળના ભાગમાં ૬ થી ૮ ફૂટ લાંબી લોખંડની સીડી મૂકીને શાહરૂખ ખાનના ઘર મન્નતની અંદર જોવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો. પોલીસને શંકા છે કે શાહરૂખ ખાનના ઘરે રેકી કરનાર વ્યક્તિ એ જ વ્યક્તિ છે જેણે સૈફ અલી ખાન પર હુમલો કર્યો હતો. કારણ કે પોલીસે શાહરૂખ ખાનના ઘરની નજીક સીસીટીવી ફૂટેજ ચેક કરી લીધા છે. આ ફૂટેજમાં દેખાતી વ્યક્તિની ઊંચાઈ અને શરીરની રચના સીસીટીવી ફૂટેજમાં દેખાતી વ્યક્તિ સાથે મેળ ખાય છે, જે પોલીસે સૈફ અલી ખાનના મકાનની સીડી પર જોવા મળ્યો હતો. એટલું જ નહીં, સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ, પોલીસને શંકા છે કે તે વ્યક્તિ એકલો ન હોઈ શકે. કારણ કે રેકી કરવા માટે વપરાતી લોખંડની સીડી એકલા વ્યક્તિ માટે ઉપાડવી શક્ય નહોતી. તેને ઉપાડવા માટે ઓછામાં ઓછા બે થી ત્રણ લોકોની જરૂર પડશે.

### યુવતીની થઈ રહી છે મોનાલિસા સાથે તુલના

# મહાકુંભમાં માળા વેચતી યુવતીએ ઈન્ટરનેટ પર હાહાકાર મચાવ્યો

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૮ ।

પ્રયાગરાજની હવામાં ભક્તિની ગૂંજ છે, કેમ કે દુનિયાના સૌથી જૂના અને મોટા આધ્યાત્મિક આયોજનમાંથી એક મહાકુંભ મેળો, જોશ સાથે શરૂ થઈ ચૂક્યો છે. ભગવા વસ્ત્રોમાં ભક્તો અને મંત્રોચ્ચાર કરતા સાધુઓની વચ્ચે તમામ પવિત્ર ત્રિવેણી સંગમમાં આધ્યાત્મિક શુદ્ધિની શોધમાં છે. આ દરમિયાન મહાકુંભમાંથી એક અપ્રત્યાશિત ચહેરો ઉભરીને સામે આવ્યો છે, જેણે ન ફક્ત મેળામાં હાજર લોકો પણ ઈન્ટરનેટ પર પણ સૌનું ધ્યાન ખેંચ્યું છે. આ વર્ષે ભીડને આકર્ષિક કરનારા કોઈ ધાર્મિક નેતા અથવા મુખ્ય વ્યક્તિ નથી, પણ ઈન્દોરની એક સાધારણ માલ વેચતી યુવતી છે. જેની અદ્ભુત સુંદરતા ચર્ચાનો વિષય બની ગઈ છે. આ મહિલાનું નામ અજ્ઞાત છે. પણ તેની ઘઉંવર્ણી ત્વચા, મંત્રમુગ્ધ કરી દેતી રહસ્યમયી આંખો, ધારદાર નયન



અને ચહેરાના કારણે તે પ્રશંસા અને આકર્ષણનું કેન્દ્ર બની ગઈ છે. સોશિયલ મીડિયા પર તેની તસવીર અને વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યા છે. કેટલાય યુઝર્સ તેની તુલના વિશ્વ પ્રસિદ્ધ મોના લિસા સાથે કરી રહ્યા છે. એક વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે તે લોકોની ઘેરાયેલી છે. પરંપરાગત પરિધાન, થોડી મોતીઓની માળા, થોડો મેકઅપ અને લાંબી ચોટી સાથે તે ખૂબ જ સુંદર લાગી રહી છે. મહિલા એક બેગ અને થોડી મોતીની માળા વેચી રહી છે.

### યુદ્ધ વિરામ માટે સહમતિ માટે આકરી શરતો મૂકવામાં આવી

# ઈઝરાયલ માતા અને બે વર્ષના બાળકના બદલામાં ૩૦ લડાકુઓને મુક્ત કરવા સહમત થયું

। (એજન્સી) ગાઝા, તા.૧૮ ।

ઈઝરાયલ-હમાસ વચ્ચે યુદ્ધ વિરામ માટે સહમતિ માટે આકરી શરતો મૂકવામાં આવી છે. બંને દેશોએ સીઝફાયર કરાર પર સહમતિ દર્શાવી હતી. પરંતુ હમાસ સાથેનો આ સોદો ઈઝરાયલને મોંઘો સાબિત થઈ શકે છે. હમાસે ઈઝરાયલની બંધક માતા અને બે વર્ષના બાળકને મુક્ત કરવાના બદલામાં ૩૦ લડાકુઓને મુક્ત કરવાની માગ કરી છે. જ્યારે માતા અને તેના બે બાળકોને મુક્ત કરવાના બદલામાં ૧૦૦ લડાકુઓને છોડવાની માગ કરી છે. ઈઝરાયલે આ માગ સાથે સહમતી પણ દર્શાવી છે. ઈઝરાયલ માતા અને બે વર્ષના બાળકના બદલામાં ૩૦ લડાકુઓને મુક્ત કરવા સહમત થયુ છે. પરંતુ હમાસે હજી સુધી એવા કોઈ પુરાવા આપ્યા નથી કે, જેનાથી સાબિત થઈ શકે કે, માતા અને બાળક સંપૂર્ણપણે સુરક્ષિત છે. દોહામાં હમાસ અને ઈઝરાયલ વચ્ચે બંધકોને છોડવાના કરાર પર હસ્તાક્ષર થઈ ચૂક્યા છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પની શપથ વિધિના દિવસે અમુક લડાકૂઓને મુક્ત કરવામાં આવશે. ઈઝરાયલના આ પગલાંથી સંકેત મળે છે કે, ઈઝરાયલ પોતાના નાગરિકોની સુરક્ષા માટે કંઈપણ કરી શકે છે. અગાઉ પણ તેણે અનેક લડાકુઓને પોતાના નાગરિકોનો જીવ બચાવવા મુક્ત કર્યા હતા. હાલ હમાસે ઈઝરાયલના ૩૫ બંધકોના બદલામાં પોતાના ૧૦૦૦ લડાકુઓને મુક્ત કરવાની માગ કરી છે હમાસના લડાકુઓએ ઈઝરાયલની એક માતાને તેના બે નાના બાળકો સાથે બંધક બનાવી હતી. આ ત્રણ લોકોના બદલામાં હમાસે ઈઝરાયલની જેલમાં બંધ ૧૦૦ લડાકુઓને મુક્ત કરવાની માગ કરી છે. જ્યારે એક બાળકની મુક્તિ બદલ ૩૦ આતંકવાદીઓને છોડવાની માગ કરી છે. બંધકોની મુક્તિ પર ઈઝરાયલ અને હમાસ વચ્ચે થયેલા સીઝફાયરના કરાર પર હસ્તાક્ષર થઈ ચૂક્યા છે. આ ડીલ પર આજે ઈઝરાયલની સુરક્ષા કેબિનેટની બેઠક થશે. પૂર્ણ કેબિનેટ બેઠક બાદ શનિવારે રાત્રે મતદાન કરશે અને ત્યારબાદ પેલેસ્ટિનિયન કેદીઓની મુક્તિની યાદી જાહેર કરવામાં આવશે. આ યાદી સામે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવા માટે વિરોધીઓ પાસે ૪૮ કલાકનો સમય હશે. એવું માનવામાં આવે છે કે સુપ્રીમ કોર્ટ કોઈપણ લડાકુને મુક્ત કરવામાં કોઈ અવરોધ નહીં મૂકે. ઈઝરાયલ અને હમાસ વચ્ચેનો આ કરાર રવિવારે બપોરે ૧૨.૧૫ વાગ્યાથી અમલમાં આવશે.




બેંગલુરુમાં યુએસ કોન્સ્યુલેટના ઉદ્‌ઘાટન સમારોહ દરમિયાન, એસ જયશંકર દ્વારા X દ્વારા પ્રકાશિત કરાયેલી તસવીર, વિદેશ મંત્રી એસ જયશંકર ભારતમાં યુએસ એમ્બેસેડર એરિક ગારસેટ્ટી અને કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર સાથે નજરે પડે છે.

### ડોક્ટરોએ કહ્યું કે સૈફ માટે અઠવાડિયાનો આરામ જરૂરી

# સૈફ અલી ખાનના શરીરમાંથી કાઢવામાં આવેલ છરીનો ટૂકડો પોલીસે પુરાવા તરીકે જપ્ત કર્યો

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

આરોપીએ સૈફ અલી ખાન પર તેના ઘરમાં થયેલા હુમલા દરમિયાન છરીથી અનેક વાર હુમલો કર્યો હતો. અભિનેતાના કરોડરજ્જુમાં છરીનો ટુકડો ફસાઈ ગયો હતો. આ દરમિયાન, લીલાવતી હોસ્પિટલના ડોકટરોએ સર્જરી પછી અભિનેતાના શરીરમાંથી અઢી ઈંચનો છરીનો ટુકડો કાઢ્યો છે. તેની તસવીરો પણ સામે આવી છે. તમને જણાવી દઈએ કે તસવીરમાં દેખાતા છરીના ટુકડા પર લોહી છે અને તે ખૂબ જ ખતરનાક લાગે છે. ડોકટરે કહ્યું છે કે જો છરી વધુ ઊંડે સુધી ઘૂસી ગઈ હોત તો અભિનેતાની હાલત ગંભીર હોત. સૈફ ૨ મીમીના માર્જિનથી બચી ગયો. તમને જણાવી દઈએ કે સૈફ અલી ખાનના શરીરમાંથી કાઢવામાં આવેલ છરીનો ટૂકડો પોલીસે પુરાવા તરીકે જપ્ત કરી લીધો છે. હાલમાં, પોલીસ આ મામલાની તપાસમાં વ્યસ્ત છે અને આરોપી ઓને પકડવા માટે વિવિધ સ્થળોએ દરોડા પાડી રહી છે. જોકે, હજુ સુધી પોલીસે આરોપીની ધરપકડ કરી નથી. ડોક્ટરે જણાવ્યું કે જ્યારે સૈફ અલી ખાન હોસ્પિટલમાં આવ્યો ત્યારે તે લોહીથી લથપથ હતો પણ તે સિંહની જેમ ચાલી રહ્યો હતો. તે પોતાના દીકરા તૈમૂર સાથે હતો. ડોક્ટરોએ કહ્યું કે સૈફ હવે બિલકુલ ઠીક છે.

## તંત્રી લેખ...

### ગાઝા યુદ્ધવિરામની સમજૂતીને ઇઝરાયેલની સુરક્ષા કેબિનેટની મંજૂરી

ગાઝામાં આશરે ૧૫ મહિના પછી યુદ્ધવિરામની આશા જાગી છે. ઇઝરાયેલની સુરક્ષા કેબિનેટે શુક્રવારે યુદ્ધવિરામની સમજૂતીને મંજૂરી આપવાની ભલામણ કરી હતી. હવે અંગે સંપૂર્ણ કેબિનેટની મંજૂરી લેવામાં આવશે. કેબિનેટ પણ તેના પર મહોર મારે તેવી પૂરી શક્યતા છે. તેનાથી રવિવારથી યુદ્ધવિરામની શરૂઆત થઈ શકે છે. નેતન્યાહુએ ગાઝાથી પરત ફરી રહેલા બંધકોને આવકારવા માટે સ્પેશિયલ ટાસ્ક ફોર્સને તૈયાર રહેવાની સૂચના આપી છે. બંને દેશો વચ્ચે મધ્યસ્થી કરનારા કતાર અને અમેરિકાએ બુધવારે જ યુદ્ધવિરામ સમજૂતીની જાહેરાત કરી હતી, પરંતુ નેતન્યાહુની એક ટિપ્પણીને કારણે તેનું ભાવિ અનિશ્ચિત બન્યું હતું. નેતન્યાહુએ જણાવ્યું હતું કે હમાસને કારણે છેલ્લી ઘડીની અડચણો આવી છે. બે દિવસમાં ગાઝામાં ઇઝરાયેલના હુમલામાં ઓછામાં ઓછા ૮૪ લોકોના મોત થયાં હતાં. જોકે ઇઝરાયેલમાં નેતન્યાહુના ગઠબંધનના કટ્ટર જમણેરી પક્ષોએ આ યુદ્ધવિરામનો ઉગ્ર વિરોધ કર્યો છે. તેમના વાંધાથી નેતાન્યાહુની સરકાર પણ અસ્થિર બની શકે છે. ગુરુવારે ઇઝરાયેલના કટ્ટરપંથી રાષ્ટ્રીય સુરક્ષા પ્રધાન ઇટામર બેન-ગ્વિરે જો ઇઝરાયેલ યુદ્ધવિરામને મંજૂરી આપે તો સરકાર છોડવાની ધમકી આપી હતી. ગાઝામાં ૭ ઓક્ટોબર ૨૦૨૩એ ઇઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલુ થયું હતું. તે સમયે હમાસે કરેલા હુમલામાં ઇઝરાયેલના આશરે ૧,૨૦૦ નાગરિકોના મોત થયાં હતાં. ઇઝરાયેલના આશરે ૨૫૦ લોકોને બંધક પણ બનાવાયા હતાં. ઇઝરાયેલા કરેલા વળતા હુમલામાં ૪૬,૦૦૦થી વધુ પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે. ગાઝામાં વિનાશ ઉપરાંત આ યુદ્ધથી સમગ્ર મધ્ય પૂર્વમાં અસ્થિરતા ઊભી થઈ હતી. યુદ્ધવિરામના સોદા હેઠળ પ્રથમ તબક્કામાં ગાઝામાં રહેલા લગભગ ૧૦૦ બંધકોમાંથી ૩૩ને છ સપ્તાહમાં મુક્ત કરાશે. આના બદલામાં ઇઝરાયેલ તેની જેલમાં રહેલા પેલેસ્ટિન કેદીઓને મુક્ત કરશે. ઇઝરાયલી દળો ગાઝાના ઘણા વિસ્તારોમાંથી પાછા હટી જશે. બીજા તબક્કામાં ઇઝરાયેલના પુરુષ સૈનિકો સહિતના બાકીના બંધકોને મુક્ત કરાશે. આ તબક્કાની મંત્રણાઓ પ્રથમ તબક્કા દરમિયાન થશે. હમાસે કહ્યું છે કે તે સ્થાયી યુદ્ધવિરામ અને ઇઝરાયેલની આર્મી સંપૂર્ણ વાપસી વગર બાકીના બંધકોને મુક્ત કરશે નહીં.

### સૈફ અલી ખાન પર હુમલોઃ સુરક્ષાની ખામીઓ-સવાલો

હિંદી ફિલ્મોના જાણીતા અભિનેતા સૈફ અલી ખાન પર બુધવારે રાત્રે લગભગ ૨:૩૦ વાગ્યે મુંબઈના ખાર સ્થિત ઘરે છરી વડે હુમલો કરવામાં આવ્યો એ ઘટનાએ ખળભળાટ મચાવ્યો છે. હુમલાખોરે સૈફની ગરદન, પીઠ, હાથ અને માથા પર છરીના છ ઘા માર્યા હતા ને આ ઘટના બની ત્યારે અડધી રાત હતી તેથી ઘરે કોઈ હાજર નહોતું. સૈફનો દીકરો ઈબ્રાહીમ લોહી નિંગળતી હાલતમાં સૈફને વહેલી સવારે ૩:૩૦ વાગ્યે લીલાવતી હોસ્પિટલમાં લઈ ગયો અને સદનસીબે તેની તાત્કાલિક સારવાર કરવામાં આવી તેથી કશું ના થયું. જો કે સૈફની ઈજા ગંભીર હોવાથી તેના પર સર્જરી કરવી પડી. લીલાવતી હોસ્પિટલના ચીફ ઓપરેટિંગ ઓફિસર ડો. નીરજ ઉત્તમાણીએ આપેલી માહિતી પ્રમાણે, સૈફ પર છ વખત છરી વડે હુમલો કર્યો હતો અને તેમાંથી બે ઘા ઊંડા હતા. આ પૈકી એક ઘા કરોડરજજુની નજીક થયો હતો તેથી ઓપરેશન કરવું પડ્યું. આ ઓપરેશન સફળ થતાં સૈફ ખતરાથી બહાર છે તેથી તેના ચાહકોને હાશકારો થયો છે પણ આ હુમલાના કારણે રાજકીય આક્ષેપબાજી પણ શરૂ થઈ ગઈ છે. હમણાં દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીનો જંગ ચાલે છે અને ભાજપ તથા આમ આદમી પાર્ટી વચ્ચે બરાબર જામેલી છે. મહારાષ્ટ્રમાં ભાજપની સરકાર છે તેથી આમ આદમી પાર્ટીના મુખિયા અરવિંદ કેજરીવાલે તક ઝડપીને જાહેર કરી દીધું કે, ભાજપ મોટી મોટી વાતો કરે છે પણ દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થા જાળવી શકતો નથી. હવે મુંબઈમાં ભાજપની સરકાર છે તો મુંબઈ પણ અસુરક્ષિત શહેર બની ગયું છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ પણ આ વાતમાં સૂર પુરાવ્યો છે અને બીજા વિપક્ષો પણ મચી પડ્યા છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સ્વાભાવિક રીતે જ બચાવમાં ઉતર્યા છે. ફડણવીસના કહેવા પ્રમાણે, સૈફ અલી ખાન પર થયેલા હુમલાના આધારે મુંબઈને ‘‘અસુરક્ષિત શહેર’’ ન કહી શકાય. બાંદ્રામાં સૈફ અલી ખાન પર થયેલો હુમલો ગંભીર ઘટના છે પણ માત્ર એક ઘટનાના આધારે મુંબઈ શહેર અસુરક્ષિત છે એમ કહેવું ખોટું છે. મુંબઈ ભારતનું મેગાસિટી છે અને સૌથી સુરક્ષિત શહેર છે. ફડણવીસની વાત સાચી છે. સૈફ અલી ખાન પર થયેલા હુમલાની ઘટનાને ચોક્કસ ગંભીર ગણાવી શકાય કેમ કે સૈફ સેલિબ્રિટી છે અને હુમલાખોરે તેના ઘરમાં ઘૂસીને હુમલો કર્યો છે પણ આ ઘટનાના કારણે મુંબઈ અસુરક્ષિત નથી બની જતું. સૈફ અલી ખાન મુંબઈના પોશ વિસ્તારમાં રહે છે અને પોશ વિસ્તારની પોશ કોલોનીમાં રહે છે. આ કોલોનીની સુરક્ષા માટે પોતાની વ્યવસ્થા છે. સૈફ રહે છે એ બિલ્ડિંગમાં બીજી પણ ઘણી સેલિબ્રિટી રહે છે અને તેમની સુરક્ષા માટે સામાન્ય રહેણાંક વિસ્તારો કરતાં વધારે પાકો બંદોબસ્ત છે જ. સોસાયટીએ પોતે મોટી સંખ્યામાં સિક્યુરિટી ગાર્ડ્સ રાખ્યા છે અને સીસીટીવી સહિતની સર્વેલન્સ સિસ્ટમ પણ છે. સૈફના મકાનમાં ઘૂસેલો હુમલાખોર કઈ રીતે ઘૂસ્યો એ મોટો સવાલ છે. કોઈએ બળજબરીથી ઘરમાં પ્રવેશ કર્યો નથી કે સીસીટીવીમાં પણ કોઈ ઘરમાં પ્રવેશતું દેખાતું નથી એ જોતાં હુમલાખોરની ઘરમાં એન્ટ્રી વિશે સવાલો ઊઠે છે. સૈફ જડબેસલાક સિક્યુરિટી ધરાવતી સોસાયટીમાં રહે છે ત્યારે હુમલાખોર સોસાયટીમાં કેવી રીતે પ્રવેશ્યો અને પછી હુમલો કરીને ભારે ધમાધમી છતાં કેવી રીતે ભાગી શક્યો એ જ સવાલનો જવાબ નથી મળતો. આ કેસમાં સૈફના ઘરમાં કામ કરતી નોકરાણીઓનાં નિવેદનો પણ શંકાસ્પદ છે. સૈફ અલી ખાનના ઘરમાં કામ કરતી નોકરાણીના કહેવા પ્રમાણે ૩૫થી ૪૦ વર્ષની ઉંમરની એક અજાણી વ્યક્તિએ તેને તીક્ષ્ણ હથિયાર બતાવીને ચૂપ રહેવા કહ્યું હતું. એ દરમિયાન બીજી નોકરાણી આવી ગઈ તો તેને પણ ધમકાવીને હુમલાખોરે એક કરોડ રૂપિયા માગ્યા હતા. આ દરમિયાન સૈફ અલી ખાન ત્યાં પહોંચી જતાં યુવક અને સૈફ વચ્ચે ઝપાઝપી થઈ તેમાં યુવકે સૈફને છ જગ્યાએ છરી મારી દીધી. હુમલાખોરનું તીક્ષ્ણ હથિયાર સૈફના શરીરમાં ફસાઈ ગયું હતું તેથી હુમલાખોર નિઃશસ્ત્ર થઈ ગયો તેનો લાભ લઈને નોકરાણીઓએ આરોપીને બીજા રૂમમાં બંધ કરી દીધો હતો એવું તેમનું નિવેદન છે. જો કે સૈફ ગંભીર રીતે ઘાયલ થયો હતો તેથી નોકરાણીએ ઉપરના માળે રહેતાં સૈફનાં સંતાનો ઈબ્રાહીમ અને સારા અલી ખાનને જાણ કરી. ઈબ્રાહીમ અને સારા સૈફ અલી ખાનને ઓટોરિક્ષામાં હોસ્પિટલ લઈ ગયાં હતાં પણ એ દરમિયાન રૂમમાં પૂરેલો હુમલાખોર કઈ રીતે છટકી ગયો એ સવાલ છે. પોલીસને મળેલા સીસીટીવી ફૂટેજમાં હુમલાખોર સીડી પરથી નીચે ઊતરતો દેખાય છે.

**જેટલું ઇચ્છો તેટલું સુખ કમાઓ અને બાકીના પૈસાને સર્જન, સત્કર્મ અને સારા કાર્યોમાં ખર્ચવાની પ્રથા તમારા જીવનમાં બનાવો**

# જ્ઞાની માણસ દરેક પરિસ્થિતિમાં ખુશ રહે છે કારણ કે તે જાણે છે કે તેને જે મળ્યું તે ક્યારેય મારું નહોતું અને મારાથી જે ખૂટે છે તે પણ મારું નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જે લોકો પૈસાનો દુરુપયોગ કરે છે તેઓ સમજે છે કે તેઓ તેનો નાશ કરી રહ્યા છે, દુનિયા તમને એટલા માટે યાદ કરે છે કારણકે તમારી પાસે મોટા પૈસા છે, પરંતુ એટલા માટે કે તમારી પાસે મોટું મન છે અને તમે માત્ર પૈસા કમાતા નથી પણ જરૂર પડ્યે તેનો ત્યાગ પણ કરો છો.**

આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ એવી વાત કે જે લગભગ બધાના મનમાં ગડમથલ કરી રહી છે કે આ બાબતે આપણે ચિંતન મનન કરી ખુશ રહીએ. આપણી ખુશી આપણે કેટલા ધન વાન છીએ તેના પર નથી પરંતુ આપણે કેટલા ધીરજ ધરાવીએ છીએ તેના પર નિર્ભર છે. સુખ કે આનંદ વ્યક્તિની પોતાની માનસિકતા પર આધાર રાખે છે. અસંતુષ્ટ વ્યક્તિ જીવનમાં ક્યારેય સુખ પ્રાપ્ત કરી શકતો નથી. સુખનો અર્થ એ નથી કે કંઈપણ મેળવવું પણ જે છે તેનાથી સંતુષ્ટ થવું. જીવનમાં ખુશી ત્યારે નથી આવતી જ્યારે આપણે કોઈ વસ્તુ પ્રાપ્ત કરીએ છીએ પરંતુ તે ત્યારે આવે છે જ્યારે સુખ મેળવવાની લાગણી આપણી અંદરથી જતી રહે છે. માણસ સોનાના મહેલમાં પણ નાખુશ રહી શકે છે જો તેની વધુ પ્રાપ્ત કરવાની ઈચ્છા જતી ન હોય અને ઝૂંપડીમાં પણ જો તેની વધુ પ્રાપ્ત કરવાની ઈચ્છા જતી ન હોય તો માણસ અત્યંત ખુશ રહી શકે છે. સુખએ બાહ્ય સંપત્તિ નથી. આંત રિક સંપત્તિ છે.આ સંપત્તિ પૈસા થી નહીં પણ ધીરજથી મળે છે. આળસ ખૂબ જોખમી છે. કોઈ પણ કાર્ય કરવા માટે શરીરની અસમર્થતા વ્યક્ત કરવી,તે શારીરિક આળસ છે.કોઈપણ કામ કરતા પહેલાએ વિચારવુંકે આ કામ મારા વશમાં નથી અથવા કોઈપણ કામ કરતા પહેલા જ હાર માની લેવી અને પીછેહઠ કરવી,આ માનસિક આળસ છે. આ માનસિક આળસને કારણે ઘણા લોકો નાખુશ થઈ જાય છે, નિષ્ફળ જાય છે અને આ નિરાશા ને કારણે ડિપ્રેશનમાં પહોંચી જાય છે. આ માનસિક આળસને દૂર કરવાનો ઉપાય સારો વિચાર, સકારાત્મક વિચાર,ભગવાનની ઉપાસના અને સારા લોકોની સંગત છે. એક વિચાર માણસની દુનિયા બદલી નાખે છે.જો તે વિચાર શુભ હોય તો તે વ્યક્તિની પોતાની પ્રગતિનું કારણ તો બને જ છે પરંતુ અન્ય લોકોના જીવન માં પણ પરિવર્તન લાવવાની શક્તિ ધરાવે છે. તેથી હંમેશા સારું વિચારો. જે લોકો પૈસાનો દુરુપયોગ કે દુરુપયોગ કરે છે તેઓ સમજે છે કે તેઓ તેનો નાશ કરી રહ્યા છે. દુનિયા તમને એટલા માટે યાદ કરે છે કારણકે તમારી પાસે મોટા પૈસા છે,પરંતુ એટલા માટે કે તમારી પાસે મોટું મન છે અને તમે માત્ર પૈસા કમાતા નથી પણ જરૂર પડ્યે



તેનો ત્યાગ પણ કરો છો. માત્ર પૈસા કમાવાથી સમાજમાં તમારું મહત્વ વધતું નથી, પરંતુ કમાણી સાથે ડૂબી જવાથી વ્યક્તિ સમાજમાં મૂલ્યવાન અને વિશેષ બને છે. શાસ્ત્રોમાં પૈસાની ત્રણ હિલચાલ નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઉપયોગ,વપરાશ અને વિનાશ. પૈસામાંથી તમે જેટલું ઈચ્છો તેટલું સુખ કમાઓ અને બાકીના પૈસાને સર્જન,સત્કર્મ અને સારા કાર્યોમાં ખર્ચવાની પ્રથા તમારા જીવનમાં બનાવો. જો તમે આ કરી શકતા નથી તો સમજી લો કે તમારી સંપત્તિનો નાશ થવાનો છે. જીવનનું એક સત્ય એ છે કે જે ભેગું થાય છે તે દુઃખ બની જાય છે અને જે વહેંચાય છે તે પ્રસાદ બની જાય છે. જ્ઞાનને વ્યવહારમાં મૂકવું પણ જરૂરી છે. જે જ્ઞાન વ્યવહારમાં ન આવતું હોય તે કંગાળના પૈસા જેવું હોય છે જે તિજોરીમાં પડેલું હોય છે પણ જરૂરિયાતો પૂરી કરવામાં ક્યારેય મદદ કરતું નથી. જ્ઞાની અને સંસારી માણસમાં ફરક એ છેકે જ્ઞાની માણસ મરતી વખતે પણ હસે છે અને સંસારી માણસ જીવતી વખતે પણ મરી જાય છે. જ્ઞાન કેવી રીતે હસવું તે શીખવતું નથી, તે ફક્ત રડવાના કારણોને દૂર કરે છે. જ્ઞાની માણસ દરેક પરિસ્થિતિમાં ખુશ રહે છે કારણ કે તે જાણે છે કે તેને જે મળ્યું તે ક્યારેય મારું નહોતું અને મારાથી જે ખૂટે છે તે પણ મારું નથી. સમજદાર વ્યક્તિ આ વાતને મનમાંથી સ્વીકારે છે કે પરિવર્તન કુદરતનો નિયમ છે. દુન્યવી વ્યક્તિ રડે છે કારણ કે તેની માન્યતા પ્રમાણે તેને જે મળ્યું છે તે તેનું હતું અને તેના બળ પર મળ્યું છે. જે ખૂટે છે, તે હંમેશા તેના પર પોતાનો અધિકાર માની લે છે. અશાંત રહેવાનું આ જ કારણ છે.જ્ઞાનમાં જીવો, મૂર્ખતા માં નહીં જેથી તમે દરેક પરિસ્થિતિમાં ખુશ રહીને સુખી જીવન જીવી શકો. તમે તમારા પોતાના લોકોને હરાવી ને ક્યારેય જીતી શકતા નથી, તમે તમારા પોતાના લોકોથી હારીને જ જીતી શકો છો.જે ભાંગી પડેલાને કેવી રીતે સુધારવું અને ગુસ્સાને સાંત્વના આપવી તે જાણે છે તે જ જ્ઞાની છે.વર્તમાન સમયમાં પરિવારોની સ્થિતિ ચોક્કસપણે ચિંતાનો વિષય છે. આજે ઘરે બધા કહેવા તૈયાર છે પણ કોઈ સાંભળવા તૈયાર નથી. સંબંધોને મજબૂત કરવા માટે માત્ર કહેવાની જ નહીં, સાંભળવાની પણ આદત કેળવવી પડશે. પોતાને સાચા સાબિત કરવા કરતાં પરિવારની ખુશીઓ જાળવવી વધુ મહત્વપૂર્ણ છે. આજે ઘરમાં હોય કે બહાર દરેક વ્યક્તિ અધિકારની વાત કરે છે પણ ફરજની વાત કોઈ કરતું નથી તમે તમારી ફરજ બજાવો, પુરસ્કારની શોધ ન કરો. જીવનની સુંદરતાએ નથી કે તમે કેટલા ખુશ છો,પરંતુ તમે કેટલા ખુશ છો. જીવનમાં હંમેશા અનુકૂળ પરિસ્થિતિઓ હોવી શક્ય નથી, તેથી જેઓ પ્રતિકૂળતાઓને અનુકૂળમાં પરિવર્તિત કરે છે તેઓ જ જીવનનો સાચો આનંદ માણી શકે છે.વિશ્વમાં કોઈ પણ ધ્યેય વ્યક્તિના સંકલ્પ થી મોટું નથી. પ્રતિકૂળતાઓ આપણા માર્ગમાં એટલા અવરોધો નથી બનતી જેટલી આપણે આપણા પોતાના માર્ગમાં અવરોધો ઉભી કરીએ છીએ. જો જીવન હશે તો સમસ્યાઓ ચોક્કસ ઊભી થશે કારણ કે દરેક ક્ષણે પરિવર્તન એ જીવનનો સ્વભાવ છે. સમસ્યા રજૂ થાય તે પહેલાં જ તેનાથી ડરવું વ્યક્તિને અતાર્કિક બનાવે છે અને તેની નિર્ણય લેવાની ક્ષમતાને અસર કરે છે. દરેક પરિસ્થિતિનો આનંદપૂર્વક સામનો કરતા શીખો. દરેક અવરોધનો આનંદ સાથે, શાંત ચિત્તે અને પ્રભુમાં વિશ્વાસ રાખીને સામનો કરો.તમારી પાસે ઉકેલ છે, તમે માત્ર હિંમત હારી રહ્યા છો. યાદ રાખો કે સમસ્યા પીછે હઠ કરીને નહીં પરંતુ તેનો સામનો કરીને હલ થશે. વાચક ચાહક મિત્રો, ભગવદ્ ગીતા જ્ઞાન ચિંતનમાં આપણે જીવનમાં ઉપયોગી એવી કેટલીક વાતો લઈએ છીએ કે મને અને તમને હદય મનમાં એક સુંદર દિવ્ય જયોત પ્રગટાવે જે એકમેક માટે પ્રેરણારૂપ બની રહે તેવી આશા સહ અસ્તુ.

**વડા પ્રધાને સંયુક્ત રાષ્ટ્રના અભ્યાસને ટાંક્યો હતો જેમાં જાણવા મળ્યું હતું કે વિવિધ દેશોમાં ઘણા લોકો પાસે તેમની મિલકત માટે યોગ્ય કાયદાકીય દસ્તાવેજો નથી**

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ SVAMITVA યોજના હેઠળ ૧૦ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૬૫ લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કર્યું

**ખેડૂતો માટે જમીનના વિવાદો સામાન્ય હતા અને જમીનના દસ્તાવેજો મેળવવું એ પડકારજનક છે, ઘણી વખત અધિકારીઓની બહુવિધ મુલાકાતોની જરૂર પડે છે અને ભ્રષ્ટાચાર તરફ દોરી જાય છે, એવું નોંધતા વડા પ્રધાને કહ્યું કે આ મુદ્દાઓને ઘટાડવા માટે, જમીનના રેકોર્ડનું ડિજીટલાઇઝેશન કરવામાં આવી રહ્યું છે, તેમણે હાઇલાઇટ કર્યું કે સ્વામીત્વ અને ભૂ-આધાર એ ગામડાના વિકાસ માટે પાયાની સિસ્ટમ છે, તેમણે ઉમેર્યું હતું કે ભૂ-આધાર જમીનને એક વિશિષ્ટ ઓળખ પ્રદાન કરે છે.**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ૧૦ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોના ૨૩૦ થી વધુ જિલ્લાઓમાં ૫૦૦૦૦ થી વધુ ગામડાઓમાં સ્વમિત્વ યોજના હેઠળ ૬૫ લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડ્સનું વિતરણ કર્યું. આ પ્રસંગને સંબોધતા, તેમણે ટિપ્પણી કરી કે આજનો દિવસ ભારતના ગામડાઓ અને ગ્રામીણ વિસ્તારો માટે એક ઐતિહાસિક દિવસ હતો અને આ પ્રસંગે તમામ લાભાર્થીઓ અને નાગરિકોને શુભેચ્છા પાઠવી હતી. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે પાંચ વર્ષ પહેલા, ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોને તેમના પ્રોપર્ટી કાર્ડ મળે તે સુનિશ્ચિત કરવા માટે SVAMITVA યોજના શરૂ કરવામાં આવી હતી. તેમણે ટિપ્પણી કરી હતી કે વિવિધ રાજ્યો મિલકત માલિકી પ્રમાણપત્રોને વિવિધ નામોથી સંદર્ભિત કરે છે, જેમ કે ઘરોની, અધિકાર અભિલેખ, પ્રોપર્ટી કાર્ડ, માલમત્તા પત્રક અને આવાસિયા ભૂમિ પટ્ટા. ‘‘છેલ્લા ૫ વર્ષમાં ૧.૫ કરોડથી વધુ લોકોને SVAMITVA કાર્ડ આપવામાં આવ્યા છે’’, શ્રી મોદીએ કહ્યું. આજના કાર્યક્રમમાં તેમણે ઉમેર્યું હતું કે ૬૫ લાખથી વધુ પરિવારોને આ કાર્ડ મળ્યા છે. વડા પ્રધાને ટિપ્પણી કરી હતી કે સ્વામિત્વ યોજના હેઠળ, ગામડાઓમાં લગભગ ૨.૨૫ કરોડ લોકોને હવે તેમના ઘર માટે કાનૂની દસ્તાવેજો પ્રાપ્ત થયા છે. તેમણે તમામ લાભાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. ૨૧મી સદીમાં આબોહવા પરિવર્તન, પાણીની અછત, આરોગ્યની કટોકટી અને રોગચાળા સહિતના અસંખ્ય પડકારો રજૂ કરે છે તેની નોંધ કરતાં, વડા પ્રધાને પ્રકાશ પાડ્યો હતો કે વિશ્વ સમક્ષ અન્ય એક મહત્ત્વનો પડકાર મિલકત અધિકારો અને કાનૂની મિલકત દસ્તાવેજોનો અભાવ છે. વડા પ્રધાને સંયુક્ત રાષ્ટ્રના અભ્યાસને ટાંક્યો હતો જેમાં જાણવા મળ્યું હતું કે વિવિધ દેશોમાં ઘણા લોકો પાસે તેમની મિલકત માટે યોગ્ય કાયદાકીય દસ્તાવેજો નથી. તેમણે ઉમેર્યું હતું કે યુએનએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ગરીબી ઘટાડવા માટે લોકો પાસે મિલકતના અધિકારો હોવા જરૂરી છે. વડા પ્રધાને એક પ્રખ્યાત અર્થશાસ્ત્રીનો ઉલ્લેખ કર્યો કે જેમણે મિલકત અધિકારોના પડકાર પર પુસ્તક લખ્યું હતું, જેમાં જણાવ્યું હતું કે ગ્રામવાસીઓની માલિકીની નાની મિલકત ઘણીવાર ‘‘મૃત મૂડી’’ હોય છે. તેમણે ઉમેર્યું કે આનો અર્થ એ છે કે મિલકતનો ઉપયોગ વ્યવહારો માટે કરી શકાતો નથી, અને તે પરિવારની આવક વધારવામાં મદદ કરતું નથી. શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે ભારત મિલકત અધિકારોના વૈશ્વિક પડકારથી મુક્ત નથી. તેમણે નોંધ્યું હતું કે લાખો-કરોડોની સંપત્તિ હોવા છતાં, ગ્રામવાસીઓ પાસે ઘણીવાર કાનૂની દસ્તાવેજોનો અભાવ હતો, જેના કારણે વિવાદો અને શક્તિશાળી વ્યક્તિઓ દ્વારા ગેરકાયદેસર વ્યવસાય પણ થાય છે. તેમણે ઉમેર્યું હતું કે કાનૂની દસ્તાવેજો વિના બેંકોએ પણ આવી મિલકતોથી પોતાનું અંતર જાળવી રાખ્યું હતું. વડા પ્રધાને હાઈલાઈટ કર્યું હતું કે અગાઉની સરકારોએ આ મુદ્દાને ઉકેલવા માટે નક્કર પગલાં લીધાં ન હતા. તેમણે કહ્યું કે ૨૦૧૪માં સરકારે સ્વામિત્વ યોજના દ્વારા મિલકતના દસ્તાવેજીકરણના પડકારનો સામનો કરવાનો નિર્ણય કર્યો હતો. વડા પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે કોઈ પણ સંવેદનશીલ સરકાર તેના ગ્રામજનોને આવી તકલીફમાં છોડી શકે નહીં. સ્વામીત્વ યોજના અંગે વિસ્તૃત માહિતી આપતાં તેમણે કહ્યું કે તેમાં ડ્રોનનો ઉપયોગ કરીને ગામડાઓમાં મકાનો અને જમીનોના મેપિંગ અને ગ્રામજનોને રહેણાંક મિલકત માટે કાનૂની દસ્તાવેજો પૂરા પાડવાનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું હતું કે આ યોજનાના ફાયદા હવે દેખાઈ રહ્યા છે. સ્વામિત્વ યોજનાના લાભાર્થીઓ સાથેની તેમની અગાઉની વાતચીતનો ઉલ્લેખ કરીને, જેમણે વ્યક્ત કર્યું હતું કે કેવી રીતે આ યોજનાએ તેમના જીવનમાં પરિવર્તન લાવ્યું છે, શ્રી મોદીએ ટિપ્પણી કરી કે તેઓ હવે તેમની મિલકતો માટે બેંકો તરફથી સહાય મેળવે છે, અને તેઓનો સંતોષ અને આનંદ સ્પષ્ટ છે. વડાપ્રધાને આને એક મહાન આશીર્વાદ ગણાવ્યા. ‘‘ભારતમાં ૬ લાખથી વધુ ગામો છે, જેમાંથી લગભગ અડધા ભાગમાં ડ્રોન સર્વે પૂર્ણ થયા છે’’, વડા પ્રધાને ટિપ્પણી કરી. તેમણે હાઈલાઈટ કર્યું કે કાનૂની દસ્તાવેજો પ્રાપ્ત કર્યા પછી, લાખો લોકોએ તેમની મિલકતના આધારે બેંકો પાસેથી લોન લીધી હતી, તેમના ગામોમાં નાના વ્યવસાયો શરૂ કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે આમાંના ઘણા લાભાર્થીઓ નાના અને મધ્યમ ખેડૂત પરિવારો છે, જેમના માટે આ પ્રોપર્ટી કાર્ડ આર્થિક સુરક્ષાની નોંધપાત્ર ગેરંટી બની ગયા છે. વડા પ્રધાને નોંધ્યું હતું કે દલિત, પછાત અને આદિવાસી પરિવારો ગેરકાયદે વ્યવસાયો અને લાંબા કોર્ટ વિવાદોથી સૌથી વધુ પ્રભાવિત થયા છે. તેમણે ટિપ્પણી કરી હતી કે કાનૂની પ્રમાણપત્ર સાથે, તેઓ હવે આ સંકટમાંથી મુક્ત થશે. તેમણે એક અંદાજનો ઉલ્લેખ કર્યો કે એકવાર તમામ ગામોમાં પ્રોપર્ટી કાર્ડ જારી કરવામાં આવે તો તે ૧૦૦ લાખ કરોડ રૂપિયાથી વધુની આર્થિક પ્રવૃત્તિઓને અનલોક કરશે. વડા પ્રધાને દેશના અર્થતંત્રમાં નોંધપાત્ર મૂડી ઉમેરવા પર ભાર મૂક્યો હતો. ‘‘અમારી સરકાર જમીન પર ગ્રામ સ્વરાજનો અમલ કરવા માટે નિષ્ઠાપૂર્વક કામ કરી રહી છે’’, શ્રી મોદીએ ઉદ્દબોધન કર્યું અને જણાવ્યું કે સ્વામિત્વ યોજનાએ ગ્રામ વિકાસ આયોજન અને અમલીકરણમાં નોંધપાત્ર સુધારો કર્યો છે. તેમણે ટિપ્પણી કરી હતી કે સ્પષ્ટ નકશા અને વસ્તીવાળા વિસ્તારોના જ્ઞાન સાથે, વિકાસ કાર્યનું આયોજન ચોક્કસ હશે, નબળા આયોજનને કારણે થતા બગાડ અને અવરોધોને દૂર કરશે. વડા પ્રધાને નોંધ્યું હતું કે મિલકતના અધિકારો જમીનની માલિકી અંગેના વિવાદોને ઉકેલશે, જેમ કે પંચાયતની જમીન અને ચરાઈ વિસ્તારોને ઓળખવા, જેનાથી ગ્રામ પંચાયતોને આર્થિક રીતે સશક્ત બનાવશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રોપર્ટી કાર્ડ ગામડાઓમાં આપત્તિ વ્યવસ્થાપનને વધારશે, આગ, પૂર અને ભૂસ્ખલન જેવી ઘટનાઓ દરમિયાન વળતરનો દાવો કરવાનું સરળ બનાવશે. ખેડૂતો માટે જમીનના વિવાદો સામાન્ય હતા અને જમીનના દસ્તાવેજો મેળવવું એ પડકારજનક છે, ઘણી વખત અધિકારીઓની બહુવિધ મુલાકાતોની જરૂર પડે છે અને ભ્રષ્ટાચાર તરફ દોરી જાય છે, એવું નોંધતા વડા પ્રધાને કહ્યું કે આ મુદ્દાઓને ઘટાડવા માટે, જમીનના રેકોર્ડનું ડિજીટલાઇઝેશન કરવામાં આવી રહ્યું છે. તેમણે હાઈલાઈટ કર્યું કે સ્વામીત્વ અને ભૂ-આધાર એ ગામડાના વિકાસ માટે પાયાની સિસ્ટમ છે. તેમણે ઉમેર્યું હતું કે ભૂ-આધાર જમીનને એક વિશિષ્ટ ઓળખ પ્રદાન કરે છે, જેમાં લગભગ ૨૩ કરોડ ભૂ-આધાર નંબર જારી કરવામાં આવ્યા છે, જે જમીનના પ્લોટને ઓળખવાનું સરળ બનાવે છે. ‘‘છેલ્લા ૭-૮ વર્ષોમાં, લગભગ ૯૮% જમીનના રેકોર્ડનું ડિજિટલાઈઝેશન કરવામાં આવ્યું છે, અને મોટા ભાગના જમીનના નકશા હવે ડિજિટલી ઉપલબ્ધ છે’’, શ્રી મોદીએ ઉમેર્યું. ભારતની આત્મા તેના ગામડાઓમાં વસે છે તેવી મહાત્મા ગાંધીની માન્યતા પર ભાર મૂકતા વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે આ વિઝનનો સાચો અમલ છેલ્લા એક દાયકામાં થયો છે. તેમણે જણાવ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં ૨.૫ કરોડથી વધુ પરિવારોને વીજળી મળી છે, મોટાભાગે ગામડાઓમાં, જ્યારે ૧૦ કરોડથી વધુ પરિવારોએ શૌચાલયની સુવિધા મેળવી છે, અને ૧૦ કરોડ મહિલાઓએ ઉજ્જ્વલા યોજના દ્વારા ગેસ કનેક્શન મેળવ્યા છે, જેમાં મોટાભાગની ગામડાઓમાં રહે છે. . તેમણે વધુમાં ઉમેર્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં ૧૨ કરોડથી વધુ પરિવારોને નળનું પાણી મળ્યું છે અને ૫૦ કરોડથી વધુ લોકોએ મુખ્યત્વે ગામડાઓમાં બેંક ખાતા ખોલાવ્યા છે. વડા પ્રધાને નોંધ્યું હતું કે ૧.૫ લાખથી વધુ આયુષ્માન ભારત આરોગ્ય મંદિરોની સ્થાપના કરવામાં આવી હતી, મોટાભાગે ગામડાઓમાં. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે દાયકાઓથી લાખો ગ્રામીણો, ખાસ કરીને દલિત, પછાત અને આદિવાસી પરિવારો મૂળભૂત સુવિધાઓથી વંચિત હતા અને હવે આ પરિવારો આ સુવિધાઓના પ્રાથમિક લાભાર્થી હતા. ગામડાઓમાં રસ્તાઓ સુધારવા માટે છેલ્લા એક દાયકામાં કરવામાં આવેલા અભૂતપૂર્વ પ્રયાસો પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે ૨૦૦૦માં અટલજીની સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની શરૂઆત થઈ ત્યારથી, ગામડાઓમાં અંદાજે ૮.૨૫ લાખ કિલોમીટરના રસ્તાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમાંથી લગભગ અડધા છેલ્લા ૧૦ વર્ષમાં બાંધવામાં આવ્યા છે. વડાપ્રધાને અંતરિયાળ સરહદી ગામોમાં જોડાણ વધારવા માટે વાઈબ્રન્ટ વિલેજ કાર્યક્રમનો ઉલ્લેખ કર્યો હતો. ગામડાઓમાં ઈન્ટરનેટ પૂરું પાડવું એ પણ પ્રાથમિકતા છે તેના પર ભાર મૂકતા શ્રી મોદીએ ટીકા કરી કે ૨૦૧૪ પહેલા ૧૦૦થી ઓછી પંચાયતો પાસે બ્રોડબેન્ડ ફાઈબર કનેક્શન હતું, પરંતુ છેલ્લા ૧૦ વર્ષમાં ૨ લાખથી વધુ પંચાયતો બ્રોડબેન્ડ ઈન્ટરનેટ દ્વારા જોડાયેલી હતી. તેમણે ઉમેર્યું હતું કે સમાન સમયગાળામાં ગામડાઓમાં કોમન સર્વિસ સેન્ટરની સંખ્યા ૧ લાખથી ઓછી હતી તે વધીને ૫ લાખથી વધુ થઈ ગઈ છે. વડા પ્રધાને નોંધ્યું હતું કે આ આંકડા ગામડાઓમાં આધુનિક સુવિધાઓ અને સુવિધાઓની ડિલિવરીનું પ્રતિનિધિત્વ કરે છે, જે અગાઉ ફક્ત શહેરોમાં જ જોવા મળતી હતી. તેમણે ઉમેર્યું હતું કે આનાથી માત્ર સુવિધામાં સુધારો થયો નથી પરંતુ ગામડાઓમાં આર્થિક શક્તિમાં પણ વધારો થયો છે.

### શૂટિંગ માટે જઈ રહ્યો હતો એક્ટર

# અમનનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ

ટીવીની દુનિયામાંથી એક દુઃખદ સમાચાર આવ્યા છે. લોકપ્રિય એક્ટર અમન જયસ્વાલનું માર્ગ અકસ્માતમાં અવસાન થયું છે. તે ટીવી સીરિયલ 'ધરતીપુત્ર નંદિની' માટે જાણીતો હતો. એક માર્ગ અકસ્માતને કારણે, એક્ટર માત્ર ૨૩ વર્ષની ઉંમરે દુનિયા છોડીને ચાલ્યો ગયો. એક્ટરના દુઃખદ મૃત્યુથી તેના કો-એક્ટર અને ફેન્સને આઘાત લાગ્યો છે. અહેવાલ મુજબ, ધરતીપુત્ર નંદિની સિરિયલના લેખક ધીરજ મિશ્રાએ એક્ટરના મૃત્યુની પુષ્ટિ કરી છે. તેણે કહ્યું કે, અમન ઓડિશન માટે જઈ રહ્યો હતો અને તે દરમિયાન જોગેશ્વરી હાઈવે પર તેની બાઈકને ટ્રકે ટક્કર મારી દીધી. માર્ગ અકસ્માત બાદ એક્ટરને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, પરંતુ અકસ્માતના અડધા કલાક પછી તેનું મૃત્યુ થયું. અમનના જવાથી તેની સિરિયલની આખી ટીમને આઘાત લાગ્યો છે.અમનના મિત્ર અભિનેશ મિશ્રાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે 'અકસ્માતની માહિતી મળતાની સાથે જ તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. ત્યાં પહોંચ્યાના અડધા કલાક પછી તેનું મૃત્યુ થયું.' અકસ્માત સમયે, એક્ટર પોતાના ઓડિશન માટે સ્ક્રીન ટેસ્ટના શૂટિંગ માટે સેટ પર જઈ રહ્યો હતો. આ દરમિયાન જ તેનો અકસ્માત થયો. અત્યાર સુધી એક્ટરના પરિવાર તરફથી કોઈ સત્તાવાર નિવેદન નથી આવ્યું.ટીવી એક્ટર અમન જયસ્વાલ ૨૦૨૩માં નઝારા ટીવી પર શરૂ થયેલી સિરિયલ 'ધરતીપુત્ર નંદિની'માં જોવા મળ્યો હતો. તમને જણાવી દઈએ કે તેણે તેમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ પહેલા પણ આ એક્ટર ઘણી લોકપ્રિય સિરિયલોમાં નાની ભૂમિકાઓમાં જોવા મળ્યા હતા. આમાં 'ઉડારિયન' અને 'પુણ્યશ્લોક અહિલ્યાબાઈ'નું નામ શામેલ છે. અમનના ફેન્સ જાણે છે કે તેને બાઈક ચલાવવાનો શોખ હતો. ઈન્સ્ટાગ્રામ પરના તેના મોટાભાગના વીડિયોમાં, તે બાઈક ચલાવતો જોઈ શકાય છે. તે મોટે ભાગે બધે બાઈક દ્વારા જ જતો. એક્ટરના મૃત્યુના સમાચાર સાંભળીને તેના ફેન્સ દુઃખી છે અને તેના પરિવાર માટે પ્રાર્થના કરી રહ્યા છે.



### અભિષેક કબડ્ડી અને ફૂટબોલ પછી ક્રિકેટમાં પણ રોકાણ કરશે


# યુરોપીયન ટી૨૦ પ્રીમિયર લીગ મારા વારસાનો ભાગ બની રહે તેવું ઇચ્છું છું : અભિષેક બચ્ચન

## તાજેતરમાં એક ઇન્ટરવ્યુમાં અભિષેકે કહ્યું હતું, મારો આ શોખ થોડો મોંઘો થઈ રહ્યો છે

અભિષેક બચ્ચનનો સ્પોર્ટ્સ પ્રેમ તો ખુબ જાણીતો છે. તે સ્પોર્ટ્સ પ્રત્યે એટલો સમર્પિત અને પેશનેટ છે કે તેણે પ્રો કબ્બડી લીગની ટીમ જયપુર પિંક પેંથર અને ફૂટબોલ ટીમ ચેન્નયન ફેન ક્લબ ટીમમાં રોકાણ પણ કર્યું છે. હવે તે સ્પોર્ટ્સમાં પોતાની પાંખો વધુ ફેલાવવા જઈ રહ્યો છે અને તે યુરોપીયન ટી૨૦ પ્રિમીયર લીગમાં પણ ભાગીદાર બન્યો છે. ઈટીપ ીએલ એક ખાનગી માલિકીની એક ટુર્નામેન્ટ છે, જેમાં ત્રણ ક્રિકેટ રમતા દેશો સભ્ય છે, આયર્લેન્ડ, સ્કોટલેન્ડ અને નેધરલેન્ડ. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં અભિષેકે કહ્યું હતું,"મારો આ શોખ થોડો મોંઘો થઈ રહ્યો છે." ઈટીપીએલને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા મંજુરી આપવામાં આવી છે. આ વર્ષે ૧૫ જુલાઈથી ૩ ઓગસ્ટ દરમિયાન આ ટુર્નામેન્ટ રમાશે. આ ત્રણ દેશઓના શ્રેષ્ઠ ખેલાડીઓ તેમાં એકબીજા સાથે ટકરાશે. અભિષેક માને છે કે તેના રોકાણથી આ ટુર્નામેન્ટમાં નોંધપાત્ર અસર ઉભી કરી શકશે.અભિષેકે કહ્યું,"કદાચ આપણે આવતી વખત મળીએ ત્યારે આપણે ઈટીપીએલે આપેલા વારસા અંગે વાત કરી શકીશું. હું તેને મારી કથાનો એક હિસ્સો બનાવવા માગું છું, કે તમારાથી આ ફરક પડ્યો."ક્રિકેટમાં રોકાણ કરવું એ ભારત સંદર્ભે સ્પોર્ટ્સ આન્ત્રપ્રિન્યોરશીપમાં એક નોંધપાત્ર બાબત બની ગઈ છે. અભિષેક પોતાની સ્પોર્ટ્સ આન્ત્રપ્રિન્યોરશીપ ની સફરની શરૂઆતમાં ઘણો કાળજીપૂર્વક આગળ વધી રહ્યો હતો.ફિલ્મની દુનિયામાંથી રમત-ગમતની દુનિયામાં ઝંપલાવનારા અન્ય કલાકારો જેમ કે, શાહરુખ ખાન, પ્રિટી ઝિંટા અને જુંહી ચાવલાએ આઈપીએલમાં ૨૦૦૭થી રકાણ કર્યું હતું પણ અભિષેક આ ક્ષેત્રમાં થોડો મોડો પડ્યો છે. તેમનાથી અલગ અભિષેકે કબડ્ડી અને ફૂટબોલમાં રોકાણ કર્યું. ૨૦૧૪માં તેણે મોટું રોકાણ કર્યું, તે જયપુર પિંક પેન્થરનો માલિક બન્યો. પછી તે ફૂટબોલ ટીમ ચેન્નયન ફૂટબોલ ક્લબનો માલિક બન્યો. અભિષેકે આ અંગે કહ્યું,"મેં સ્પોર્ટ્સમાં કામ શરૂ કર્યું ત્યારે મેં અમુક ધારા-ધોરણો નક્કી કર્યા હતા. તેમાંથી અમુકનું પાલન કરી ચૂક્યો છું એટલે મને હવે લાગ્યું કે હવે હું મોટું પગલું લેવા તૈયાર છું, એ ક્રિકેટ છે. હું કબ્બડી કે ફૂટબોલમાં જોડાયો ત્યારે કશું જ નક્કી નહોતું કે હું ક્રિકેટમાં રોકાણ કરીશ કે નહીં."અભિષેક બચ્ચન ચેલ્સીનો મોટો ફેન છે. તે માને છે કે તે પોતાની ક્રિકેટની જાણકારી અંગે ચોક્કસ નહોતો. તેને ખબર નહોતી કે માત્ર પૈસા રોકવાથી તે ક્રિકેટમાં કોઈ ફરક લાવી શકશે કે નહીં. તેથી તેણે મોટું રોકાણ કરતાં પહેલાં નાનું રોકાણ કરી જોવાનું વિચાર્યું. તેણે પિતા અમિતાભ બચ્ચન સાથે મળીને ટી૧૦ ટેનિસ બોલ ક્રિકેટ લીગ ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગમાં માઝી મુંબઈ ટીમ ખરીદી હતી. તેને એમાં મજા આવી અને રસ પડ્યો તેથી તેણે ઈટીપીએલમાં રોકાણ કર્યું. ઈટીપીએલની પહેલી સીઝનમાં ડબ્લિન, બેલફાસ્ટ, એમ્સ્ટર્ડેમ, રોટરડામ, એડિનબર્ગ અને ગ્લાસગોની ટીમ ભાગ લેશે.



# રાશાએ જહાન્વી, સુહાના-ખુશીને અનુભવી ગણાવી



રવિના ટંડનની દિકરી રાશા થડાની 'આઝાદ' સાથે ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરી રહી છે. ત્યારે હવે અન્ય સ્ટાર કિડ્ઝ સાથે તેની સરખામણી શરૂ થઈ ગઈ છે. આ અંગે જવાબ આપતાં તેણે કહ્યું કે જહાન્વી અને ખુશી કપૂર તેમજ સુહાના ખાન તેનાથી વધારે અનુભવી છે. 'આઝાદ'માં તેની સાથે અજય દેવગનનો ભત્રીજો અમન દેવગન પણ ડેબ્યુ કરવા જઈ રહ્યો છે. આ ફિલ્મમાં અજય દેવગન સાથે ડાયના પેન્ટી પણ છે. આ ફિલ્મનું ગીત 'ઉયી અમ્મા' તાજેતરમાં રિલીઝ થયું છે, જેમાં રાશા થડાનીના ઘણા વખાણ થઈ રહ્યાં છે. હવે તેઓ આ ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. ત્યારે તાજેતરમાં રાશાએ પોતાની સરખામણી અંગે જવાબ આપ્યો હતો. "મને લાગે છે કે મારા કરતાં જહાન્વી, ખુશી અને સુહાના બધાં જ અનુભવી છે. તેમણે મારા કરતાં વધારે કામ કર્યું છે. તેમની ફિલ્મો રિલીઝ પણ થઈ ચૂકી છે. તેથી મને લાગે છે, મારે તો એમની પાસેથી શીખવું જોઈએ. તેમની પાસે વધારે અનુભવ છે તેથી સરખામણી જેવું કશું નથી."તાજેતરમાં રાશા, અમન, ફિલ્મના ડિરેક્ટર અભિષેક કપુર અને રવિના ટંડન સાથે બીગબોસ ૧૮ના એપિસોડમાં જોવા મળી હતી. રાશાને સલમાન સાથે બાળપણથી સારું બનતું હતું. રાશાએ સલમાન સાથે બિગબોસના સેટ પરથી તસવીરો પણ શેર કરી હતી. જ્યારે આ તસવીરો વચ્ચે એક તસવીર એવી પણ હતી, જેમાં નાની રાશા સલમાનના ખોળામાં બેઠી હતી. તેની કૅપ્શનમાં તેણે લખ્યું હતું,"એક ચક્ર પૂરું થયું હોય એવી ક્ષણ." તેમની આ ફિલ્મ ૧૭ જાન્યુઆરીએ થિએટરમાં રિલીઝ થશે.

### માથામાં આવ્યા હતા ૧૦૦ ટાંકા

# ૨૫ વર્ષ પહેલા અકસ્માતમાં ઘાયલ થયો હતો સૈફ ખાન

## ફિલ્મમાં સૈફ અલી ખાને એક એવા વ્યક્તિનું પાત્ર નિભાવ્યું હતું જે એક યુવતી બાદ બીજી યુવતીને દિલ આપી બેસે છે

બોલિવૂડ એક્ટર સૈફ અલી ખાન પર થયેલા હુમલાએ દેશને ચોંકાવી દીધો છે. એક તરફ મુંબઈના લીલાવતી હોસ્પિટલમાં તેની સર્જરી થઈ તો બીજી તરફ પોલીસ મામલાની તપાસ કરવામાં લાગી ગઈ છે. આ દરમિયાન ઘણી અપડેટ્સ સામે આવી રહી છે પરંતુ સૈફની ૨૫ વર્ષ જૂની ફિલ્મ 'ક્યા કહેના' થી જોડાયેલો એક કિસ્સો પણ વાયરલ થઈ રહ્યો છે જેમાં તેનો અકસ્માત થઈ ગયો હતો અને તેમને માથા પર ૧૦૦ ટાંકા આવ્યા હતા. તેની વાઈફ અમૃતા સિંહે નહીં પરંતુ પ્રીતિ ઝિંટાએ મેડિક્લેમ સાઈન કર્યો હતો. વર્ષ ૨૦૦૦માં રિલીઝ થયેલી મૂવી 'ક્યા કહેના' ને એક બોલ્ડ ફિલ્મ તરીકે વખાણાઈ હતી, જેણે સામાજિક માનદંડોને તોડવાનો પ્રયત્ન કર્યો હતો. ફિલ્મમાં સૈફ અલી ખાને એક એવા વ્યક્તિનું પાત્ર નિભાવ્યું હતું જે એક યુવતી બાદ બીજી યુવતીને દિલ આપી બેસે છે. તે પોતાની બાઈકથી એક ખડકથી બીજા ખડક પર કૂદકો મારતો હતો. આવા જ એક સ્ટંટ દરમિયાન સૈફને ભયાનક ઈજા પહોંચી હતી અને તેને ઘણા દિવસો સુધી હોસ્પિટલમાં રહેવું પડ્યું હતું. બાદમાં સૈફને ૧૦૦ થી વધુ ટાંકા આવ્યા અને તેણે આ દુર્ઘટનાને ડરામણી અને અત્યાર સુધીની સૌથી ખરાબ ઘટના ગણાવી હતી.વર્ષ ૨૦૦૪માં સૈફ અલી ખાન અને પ્રીતિ ઝિન્ટા 'કોફી વિથ કરણ' ની પહેલી સિઝનમાં આવ્યા હતા અને તેમણે જણાવ્યું હતું કે કેવી રીતે તે ક્યા કહેના બાદ નિકટના મિત્રો બની ગયા. આ ફિલ્મના સેટ પર સૈફ ની સાથે થયેલી ભયાનક દુર્ઘટના બાદ થયુ હતું. આ ઘટનાને યાદ કરતાં સૈફ અલી ખાને કહ્યું, 'મે દરરોજ જુહૂ બીચ પર રેમ્પ પર મોટરસાઈકલ જમ્પની પ્રેક્ટિસ કરી. અમે આ સીકવન્સના શૂટિંગ માટે ખંડાલા ગયા હતા અને ત્યાં વરસાદ પડી રહ્યો હતો, કીચડ હતો. આ તે પ્રકારની જમીન નહોતી.'સૈફે મજાકમાં કહ્યું કે 'હું આ સીક્વન્સ દ્વારા પ્રીતિને ઈમ્પ્રેસ કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. મે વિચાર્યું હું તેને ઈમ્પ્રેસ કરવાનો પ્રયત્ન કરું છું. પહેલી વખત તો ઠીક હતું પરંતુ હું જુસ્સાથી તેને બીજી વખત કરવા ઈચ્છતો હતો. રેમ્પ પર પહોંચ્યા પહેલા જ બાઈક લપસી ગયું અને હું ઉડી ગયો. આ મેદાનની વચ્ચે એક ખડક હતો અને હું ખૂબ ઝડપથી લગભગ ૩૦ વખત ગગડ્યો અને પ છી જોરથી તે ખડક સાથે ટકરાયો. મને કંઈક ભીનું લાગ્યું, ખૂબ ખૂન વહી રહ્યું હતું, મને ઈજા પહોંચી હતી. અમે હોસ્પિટલ ગયા અને જ્યારે મારે ટાંકા લેવા પડ્યાં તો હું ફ્રેંકસ્ટીન (ફિકશનલ મોન્સ્ટર કેરેક્ટર) જેવો દેખાઈ રહ્યો હતો.' પ્રીતિએ કહ્યું કે 'અમે એક પ્લાસ્ટિક સર્જનની વ્યવસ્થા કરી શકીએ છીએ અને બધું જ વ્યવસ્થિત કરી દીધું.'માત્ર પ્રીતિ જ સૈફની સાથે હતી કેમ કે એક્ટરની વાઈફ (હવે એક્સ) અમૃતા સિંહ શહેરથી બહાર હતી અને તેની સારવાર ચાલી રહી હતી. પ્રીતિએ તે સમય યાદ કરતાં કહ્યું, 'હું એકલી યુવતી છું, જે જાણું છું કે સૈફના મગજમાં શું ચાલી રહ્યું છે. આખરે હું અને માત્ર તે જ હતો. તેની વાઈફ શહેરમાં નહોતી.



### અક્ષય કુમારે પોતાના ઇન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો

# અક્ષય અને પરેશ રાવલે ભૂતબંગલામાં પતંગ ચગાવી



## અક્ષય કાંર-પરેશ રાવલ હોરર કોમેડી ફિલ્મ ભૂતબંગલામાં ફરી વખત સાથે જોવા મળશે

અક્ષય કુમાર હાલ તેમની આગામી ફિલ્મ 'ભૂતબંગલા' માટે શૂટ કરી રહ્યા છે. ત્યારે તેમણે બંનેએ એકસાથે પતંગ ચગાવીને આ હોરર કોમેડી ફિલ્મના સેટ પર ઉત્તરાયણની ઉજવણી કરી હતી. અક્ષય કુમારે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો હતો, જેમા તે પોતે પતંગ ઉડાડતો દેખાય છે અને તેની સાથે પરેશ રાવલ પર મકર સંક્રાંતિની ઉજવણી કરતા દેખાય છે. તેણે આ વીડિયો સાથેની કૅપ્શમાં લખ્યું હતું,"મકરસંક્રાંતિનો તહેવાર મારા મિત્ર પરેશ રાવલ સાથે ભૂતબંગલાના સેટ પર ઉજવી રહ્યો છું. પતંગની જેમ જ હાસ્ય, સારો માહોલ અને ઉપર ઉડવાની ઈચ્છા સાથે. પોંગલ, ઉત્તરાયણ અને બિહુની મારા તરફથી આનંદસભર શુભેચ્છાઓ."આ વીડિયોમા અક્ષયકુમાર બ્લૅક કલરની હુડી પહેરીને પતંગ ઉડાડતો દેખાય છે, જ્યારે પરેશ રાવલ સફેદ કૂર્તા અને પાજામા સાથે બ્લૅક નેહરુ જૅકેટ પહેરીને અક્ષયની ફિરકી પકડીને ઉભેલા દેખાય છે. લોકોને આ જોડીને ફરી કબીજા સાથે જઈ મજા આવી હી હતી. લોકોને તેમને એકસાથે જોઈને હેરાફેરીની જોડી યાદ આવી ગઈ હતી. તેમણે આ બંનેને મોટા પડદે ફરી એક વખત સાથે જોવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. તેમણે ફરી એક વખત રાજુ અને બાબુભૈયાને સાથે જોવાની રાહ જોતા હોવાની પણ વાત કરી હતી. આ પહેલાં પરેશ રાવલ અને અક્ષય કુમાર 'હેરાફેરી', 'ભુલભુલૈયા', 'ગરમ મસાલા', 'ફિર હેરાફેરી' અને 'ઓહ માય ગોડ' જેવી ફિલ્મોમાં સાથે કામ કરી ચૂક્યા છે અને હવે તેઓ 'ભુતબંગલા'માં ફરી સાથે કામ કરી રહ્યા છે.

### સ્ક્રિપ્ટ લખાયા બાદ તેને વિલનનું પાત્ર વધારે પસંદ પડ્યું

# હીરોનો રોલ છોડી વેબ સીરિઝમાં હવે વિલન બનશે સ્ટાર વિક્રાંત મેસી

રાજકુમાર હીરાણી ઓટીટી પ્લેટફોર્મ પર એક વેબ સીરિઝ સાથે ડેબ્યૂ કરી રહ્યો છે. જેમાં વિક્રાંત મેસી મુખ્ય હિરોની ભૂમિકામાં હતો પરંતુ હવે તે વિલનનો રોલ કરવાનો હોવાનું જાણવા મળ્યું છે. 'પ્રિતમ પેડ્રો' એવું હંગામી ટાઈટલ ધરાવતી સીરિઝ માટે વિક્રાંક હીરો તરીકે સિલેક્ટ થયો હતો પરંતુ સ્ક્રિપ્ટ રેડી થયા પછી તેણે વિલન બનવાનું નક્કી કર્યું હોવાનું કહેવાય છે. આ અગાઉ 'સેક્ટર ૩૬' ફિલ્મમાં પણ વિક્રાંત પહેલાં હીરોની ભૂમિકા ભજવવાનો હતો પરંતુ બાદમાં વિલન બન્યો હતો.રણવીરની 'ડોન થ્રી' માં પણ વિલન તરીકે તેનું નામ ચર્ચી રહ્યું છે. રાજકુમાર હીરાણીના આ વેબ શો માં તેનો પુત્ર વીર હીરાણી અને અરશદ વારસી મુખ્ય ભૂમિકામાં હશે. વિક્રાંત પહેલા એક યુવાન પોલીસ અધિકારીના રોલમાં જોવા મળવાનો હતો, પરંતુ હવે વીર હીરાણી આ પાત્ર ભજવશે. અરશદ વારસી તેનો સાથી પોલીસ અધિકારી બનશે.હીરાણી પોતાના પુત્રને આ શો દ્વારા લોન્ચ કરી રહ્યો છે. આ ઉપરાંત હીરાણી અને અરશદ વરસી ૧૯ વર્ષ પછી સાથે કામ કરવાના છે. સ્ક્રિપ્ટ લખાયા બાદ તેને વિલનનું પાત્ર વધારે પસંદ પડ્યું, ડોન થ્રી માં પણ વિલન તરીકે હોવાની ચર્ચા છે.





# સાઉથ સુપરસ્ટારની ફિલ્મ 'ગેમ ચેન્જર' ની કમાણીના આંકડા ફેક

## 'ગેમ ચેન્જર' ફિલ્મના નિર્માતાઓએ દાવો કર્યો છે કે ફિલ્મે પહેલા જ દિવસે દુનિયાભરમાં ૧૮૬ કરોડ રૂપિયાની કમાણી કરી



રામચરણ અને કિયારા અડવાણીની 'ગેમ ચેન્જર' ફિલ્મના નિર્માતાઓએ દાવો કર્યો છે કે ફિલ્મે પહેલા જ દિવસે દુનિયાભરમાં ૧૮૬ કરોડ રૂપિયાની કમાણી કરી છે. જોકે, ટ્રેડ પંડિતોના જણાવ્યા અનુસાર આ આંકડો ૭૦ કરોડનો પણ હોવા વિશે શંકાઓ છે. હવે નિર્માતા-દિગ્દર્શક રામ ગોપાલ વર્માએ ટ્વીટ કરીને આ ફિલ્મના બોક્સ ઓફિસ કમાણીના આંકડા ખોટી રીતે દાખવવામાં આવ્યા હોવાની આલોચના કરી છે. તેણે સ્પષ્ટ કહ્યું છે કે 'આ ફિલ્મના બોક્સ ઓફિસના આંકડામાં ળોડ આચરવામાં આવ્યું છે. બાહુબલી, આરઆરઆર, કેજીએફ ટુ જેવી ફિલ્મોના આંકડા નીચા દેખાય તે માટે જાણીજોઈને ગેમ ચેન્જર વિશે ખોટા દાવા કરવામાં આવી રહ્યાં છે.' બીજા અનેક ટ્રેડ નિષ્ણાતોએ પણ ગેમ ચેન્જર ના આંકડા વિશે શંકાઓ વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે નિર્માતાઓ ખોટી વિગતો આપી રહ્યા છે. રામ ગોપાલ વર્માએ પોતાના સત્તાવાર એક્સ એકાઉન્ટ પર લખ્યુ, 'એસ એસ રાજામૌલી અને સુકુમારે પ ોતાની ફિલ્મોના વાસ્તવિક કલેક્શનથી તેલુગુ સિનેમાને એક નવી ઊંચાઈ પર પહોંચાડી દીધું. ફિલ્મોના કલેક્શનથી બોલિવૂડના લોકો પણ અચંબિત થઈ ગયા હતા પરંતુ ગેમ ચેન્જરની પાછળના લોકોએ સફળતાપૂર્વક એ સાબિત કરી દીધું કે સાઉથની ફિલ્મો ળોડ કરવામાં ખૂબ જ શાનદાર છે.'

# ITI અને મહિલા પીટીસી કોલેજ, ઝાલોદ ખાતે સીકલસેલ એનીમિયા જાગૃતિનો કાર્યક્રમ યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૮ ।

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ ઉદય ટીલાવત, એપેડેમિક મેડિકલ ઓફિસરશ્રી ડૉ નયન જોશી અને તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ તુષાર ભાભોર ના માર્ગદર્શન હેઠળ ઓદ્યોગિક તાલીમ કેન્દ્ર, ઝાલોદ (ITI) અને મહિલા અધ્યાપન મંદિર, ઝાલોદ (PTC કોલેજ) ખાતે સિકલસેલ અનિમીયા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમ્યાન સિકલ સેલ એનિમિયા વિશે સંપુર્ણ સમજ આપી, તમામ વિદ્યાર્થીઓની સિકલસેલની તપાસ કરવામાં આવી, પ્રિ - મેરેજ કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. એ ઉપરાંત પોઝિટિવ આવેલ વિદ્યાર્થીઓનું HPLC માટે



બ્લડ સેમ્પલ લેવામાં આવ્યું હતું, જેમાં કુલ ૨ કોલેજમાંથી ૨૧૨ વિદ્યાર્થીઓની તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમ્યાન ૩૮ જેટલા વિદ્યાર્થીઓ પોઝિટિવ આવ્યા હતા. જેમાં RBSK MO., સિકલસેલ કાઉન્સિલર, CHO, FHW દ્વારા જરૂરી તમામ પ્રકારની કામગીરી કરવામાં આવી હતી.

# બારીયા ડેપો ખાતે માર્ગ સુરક્ષા માસ ૨૦૨૫ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૮ ।

બારીયા એસ. ટી. ડેપો ખાતે માર્ગ સુરક્ષા માસ - ૨૦૨૫ અંતર્ગત એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બારીયા પોલીસ સ્ટેશનના પી. આઈ. શ્રી ચાવડા સાહેબ તથા ગોધરા વિભાગના સિનિયર આંકડા અધિકારી અને બારીયા ડેપોના લાઈઝન અધિકારી વિજય રાઠવા ઉપસ્થિત રહી એસ. ટી.ના તમામ ડ્રાઈવર - કંડકટર મિત્રો તથા મિકેનિક ભાઈઓને જરૂરી રોડ સેફટી માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જેમાં પી. આઈ. શ્રી ચાવડા સાહેબે માર્ગ સુરક્ષાના નિયમોનું ચુસ્ત પાલન કરવા તથા નસાયુક્ત પદાર્થોથી દૂર રહેવા તથા ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ



ન કરવા જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. અકસ્માત ન થાય તે માટે પોલીસ ડિપાર્ટમેન્ટ તરફથી ટ્રાફિક શાખા ના હેડ કોન્સ્ટેબલ શ્રી રોહિતભાઈ ડામોર તથા તેમના સ્ટાફ દ્વારા દ્વારા ટ્રાફિકના નિયમોની પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞમાં ૧૧ બાળકોને યજ્ઞો પવિત સંસ્કાર, રક્તદાન કેમ્પ, જીવન ઉપયોગી સાહિત્ય વિતરણની સાથે પૂર્ણાહુતિ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૮ ।

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિ કુંજ હરિદ્વાર ના તત્વાવધાનમાં ઝાલોદ તાલુકા ગાયત્રી પરિવાર દ્વારા તારીખ ૧૫ જાન્યુઆરી થી તા.૧૮ જાન્યુઆરી દરમિયાન શક્તિ સંવર્ધન ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ લીમડી મુકામે સંપન્ન થયેલ છે. કાર્યક્રમના અંતિમ દિવસ જુદા જુદા ગામોમાંથી ૬ બાળકોને યજ્ઞો પવિત સંસ્કાર, ૫૦ મંત્ર દીક્ષા સંસ્કારો ની સાથે દેવ પૂજન ગાયત્રી મહાયજ્ઞ ના મોટી સંખ્યામાં ભાઈ બહેનો હાજર રહી ગાયત્રી મંત્ર ની સાથે સાથે વ્યક્તિ નિર્માણ પરિવાર નિર્માણ રાષ્ટ્ર નિર્માણ અર્થે વિશેષ આવૃત્તિઓ આપવામાં આવેલ છે.

શાંતિ કુંજ ની ટીમ જીવન જીવવાની કલા, વ્યસન મુક્ત સમાજના કુરિવાજોથી દૂર કરવા સમાજના વિકાસ અને ઉત્થાન માટે અને દેશના કલ્યાણ માટે દરેક ભાઈ બહેન પોતાની શક્તિ પ્રતિભા અને ક્ષમતાનો ઉપયોગ કરવા જન કલ્યાણ લોક કલ્યાણમાં સહયોગ કરવા અપીલ કરવામાં આવેલ છે. ભારતીય સંસ્કૃતિ, ધર્મ ના રક્ષણ અર્થે વિશેષ યોગદાન આપ વા અને લોકોને સારા માર્ગે વાળવા માટે જાણકારી આપવામાં આવી કાર્યક્રમ દરમિયાન મહિલા સંમેલન, યુવા સંમેલન, વ્યસનમુક્તિ પ્રદર્શનની, જીવન ઉપયોગી સાહિત્ય નો લાભ ધર્મપ્રેમી ભાઈ બહેનોને મળ્યો. રક્તદાન કેમ્પ મા ૧૩ ભાઈ બહેનોએ રક્તદાન કરેલ છે. કાર્યક્રમમાં દાહોદ



જિલ્લામાંથી તેમજ મહીસાગર, પંચમહાલ જિલ્લામાંથી ગાયત્રી પરિવારના કાર્યકર્તા હાજર રહ્યા હતા. સાથે લીમડી ગામમાંથી પ્રતિભા પ્રતિભાશાળી યુવા ભાઈ બહેનોએ યજ્ઞમાં ભાગીદારી કરેલ છે. આ મહાયજ્ઞમાં જે ભાઈ બહેનોએ ખૂબ મહેનત કરી સમય દાન આપ્યું છે . તેવા ભાઈ બહેનોનું શાંતિકુંજ ની ટીમ દ્વારા સન્માન કરવામાં આવેલ આ કાર્યક્રમમાં જે પણ ભાઈ બહેનોએ સમય દાન, અંશ દાન, તેમજ કાર્યક્રમને સફળ બનાવવા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગ આપનાર પોલીસ વિભાગ લીમડી, આરોગ્ય વિભાગ ઝાલોદ, લીમડી ગ્રામ પંચાયત સ્ટાફ, ઝાલોદ તાલુકા વહીવટી સ્ટાફ તથા કાર્યક્રમમાં ભાગીદારી કરનાર તમામ ધર્મ પ્રેમી ભાઈ બહેનોનો ગાયત્રી પરિવાર હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરે . ગાયત્રી શક્તિપીઠ લીમડી તા. ઝાલોદ ગાયત્રી પરિવાર તથા પંચમહાલ ઉપજોનના યુવા સંયોજક શ્રી ગોપીચંદ વી ભુરીયાદ્વારા જણાવવામાં આવે છે.

# અમદાવાદ સ્ટેશન પર ચાલી રહેલા પુનઃવિકાસ કાર્યને કારણે, કેટલીક ટ્રેનોના આગમન/પ્રસ્થાન અમદાવાદને બદલે વટવા/મણિનગરથી કરવામાં આવશે

। અમદાવાદ, તા.૧૮ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ સ્ટેશન પર ચાલી રહેલા પુનઃવિકાસ કાર્યના સંદર્ભમાં ઈન્ઢછ દ્વારા પ્રસ્તાવિત બ્લોકને કારણે ૨૩ જાન્યુઆરી ૨૦૨૫થી આગળની સૂચના સુધી અમદાવાદથી આગમન/પ્રસ્થાન કરતી કેટલીક ટ્રેન સેવાઓ અમદાવાદના બદલે વટવા/મણિનગર સ્ટેશનથી ચાલશે. ટ્રેનના સમયપત્રક મુજબ મુસાફરોની સુવિધા માટે વટવા સ્ટેશનથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા વિવિધ સ્થળોએ જવા માટે AMTS બસોની વ્યવસ્થા કરવામાં આવશે. પ્રભાવિત થવા વળી ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

**અમદાવાદનેબદલેવટવા/મણિનગરથીઉપડતીટ્રેન**

૧. ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ થી, ટ્રેન નંબર ૧૯૦૩૬ અમદાવાદ-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ અમદાવાદને બદલે મણિનગરથી (૧૪:૧૦ કલાકે) ઉપડશે.

૨. ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ થી, ટ્રેન નંબર ૬૯૧૩૦ અમદાવાદ-આણંદ મેમુ અમદાવાદને બદલે વટવાથી (૧૮.૩૫ કલાકે) ઉપડશે.

૩. ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ થી, ટ્રેન નંબર ૬૯૧૧૬ અમદાવાદ-આણંદ મેમુ અમદાવાદને બદલે વટવા થી (૨૩:૧૦ કલાકે) ઉપડશે.

**અમદાવાદને બદલે મણિનગર/વટવા સ્ટેશન પર ટર્મિનેટ (સમાપ્ત) થવા વાળી ટ્રેનો**

૧. ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ થી, ટ્રેન નંબર ૧૨૯૩૩ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ કર્ણાવતી એક્સપ્રેસ વટવા સ્ટેશન પર (૨૦.૫૦ કલાક) શોર્ટ ટર્મિનેટ થશે અને અમદાવાદ સ્ટેશન પર જશે નહીં.

૨. ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ થી, ટ્રેન નંબર ૧૯૪૧૭ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ એક્સપ્રેસ વટવા સ્ટેશન પર (૦૨.૪૫ કલાક) શોર્ટ ટર્મિનેટ થશે અને અમદાવાદ સ્ટેશન પર જશે નહીં.

૩. ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ થી, ટ્રેન નંબર ૧૯૦૩૫ વડોદરા-અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ વટવા સ્ટેશન પર (૨૦.૩૫) વાગ્યે શોર્ટ ટર્મિનેટ થશે અને અમદાવાદ સ્ટેશન પર જશે નહીં.

૪. ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ થી, ટ્રેન નંબર ૬૯૧૦૧ વડોદરા-અમદાવાદ મેમુ વટવા સ્ટેશન પર (૦૯:૩૫ કલાક) શોર્ટ ટર્મિનેટ થશે અને અમદાવાદ સ્ટેશન પર જશે નહીં.

૫. ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ થી, ટ્રેન નંબર ૬૯૧૧૩ વડોદરા-અમદાવાદ મેમુ વટવા સ્ટેશન પર (૨૨.૫૫ કલાક) શોર્ટ ટર્મિનેટ થશે અને અમદાવાદ સ્ટેશન પર જશે નહીં.

મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે કૃપા કરીને મુસાફરી કરતી વખતે ઉપરોક્ત ફેરફારો ધ્યાનમાં રાખો. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# પશ્ચિમ રેલવે ચલાવશે અમદાવાદ અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે બે જોડી સ્પેશલ ટ્રેનો

। અમદાવાદ, તા.૧૮ ।

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે બે જોડી સ્પેશિયલ ટ્રેનો વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે.

૧. ટ્રેન નંબર ૦૯૦૯૨/૦૯૦૯૧ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૦૯૨ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ (રવિવાર) ના રોજ અમદાવાદથી ૦૧:૪૦ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૦૮:૪૦ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૯૧ બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૫ જાન્યુઆરી ૨૦૨૫ (શનિવાર) ના રોજ બાંદ્રા ટર્મિનસથી ૦૬:૧૫ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૧૪:૦૦ કલાકે અમદાવાદ પહોંચશે.

આ ટ્રેન રૂટ પર બંને દિશામાં વડોદરા, ભરૂચ, ઉધના, વાપી અને બોરીવલી સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી-૩ ટાયર અને એસી ચેરકાર શ્રેણીના કોચ હશે.

૨. ટ્રેન નંબર ૦૯૦૦૬/૦૯૦૦૫ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૦૦૬ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૭ જાન્યુઆરી ૨૦૨૫ (સોમવાર)ના રોજ અમદાવાદથી ૦૦:૫૦ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૦૮:૩૦ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૦૫ બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ (રવિવાર) ના રોજ બાંદ્રા ટર્મિનસથી ૦૬:૧૫ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૧૩:૦૦ કલાકે અમદાવાદ પહોંચશે.

આ ટ્રેન રૂટ પર બંને દિશામાં વડોદરા, ભરૂચ, ઉધના, વાપી અને બોરીવલી સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી-૨ ટાયર અને એસી-૩ ટાયર શ્રેણીના કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૦૯૨,૦૯૦૯૧,૦૯૦૦૬ અને ૦૯૦૦૫ માટે બુકિંગ ૧૮ જાન્યુઆરી ૨૦૨૫ થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર ખુલશે. ટ્રેનના ઓપરેટિંગ સમય, સ્ટોપેજ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# માંડવી ખાતે સ્વામિત્વ યોજના અંતર્ગત પ્રોપર્ટી કાર્ડ વિતરણ અને વડાપ્રધાન સાથે વર્ચ્યુઅલ સંવાદ કાર્યક્રમ યોજાયો

। (માહિતી) સુરત, તા.૧૮ ।

સુરત જિલ્લાના માંડવી ખાતે આવેલી માંડવી એજ્યુકેશન સોસાયટીના ઓડિટોરિયમમાં શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાની ઉપસ્થિતિમાં સ્વામિત્વ યોજના હેઠળ મિલકતધારકોને પ્રોપર્ટી કાર્ડ વિતરણ અને પ્રધાનમંત્રી સાથે વર્ચ્યુઅલ સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. મંત્રી અને અન્ય મહાનુભાવોએ સ્વામિત્વ યોજનાના લાભાર્થીઓને પ્રોપર્ટી કાર્ડનું હાથોહાથ વિતરણ કર્યું હતું. જિલ્લામાં ૬૪,૦૨૯ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે, જ્યારે જિલ્લાના ૬૦૬ ગામોમાં ડ્રોન ફલાયની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

આ પ્રસંગે શિક્ષણ મંત્રીએ જણાવ્યું કે, પેઢીઓથી ગામડામાં પોતાનું ઘર બનાવી વસવાટ કરતા લોકોને આધુનિક ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરી તેમની મિલકતનો નકશો તૈયાર કરી પ્રોપર્ટીના અધિકારો આપવા માટે સ્વામિત્વ યોજના અમલમાં મુકવામાં આવી છે. આ યોજના થકી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરી નાનામાં નાના માણસને પણ તેમની મિલકતનો અધિકાર આપવાનું ભગીરથ કાર્ય સરકાર કરી રહી છે એમ જણાવી તેમણે આ કાર્ડની ઉપયોગિતા અંગે ઉમેર્યું હતું કે, ગામડામાં રહેતો અદના માનવીને પ્રોપર્ટી કાર્ડના કાનૂની દસ્તાવેજ થકી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવામાં સરળતા રહેશે. વળી, બેંક કે અન્ય સંસ્થાની નાણાંકીય સેવાઓ પણ પ્રાપ્ત કરી શકશે. સરકાર ગરીબ, વંચિત અને શોષિત સૌના વિકાસ માટે કામ કરી રહી છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાયના એકાત્મ માનવવાદની વિભાવનાને સાકાર કરવા માટે સરકાર કટિબદ્ધ છે એમ તેમણે જણાવ્યું હતું. સરકારની અનેકવિધ કલ્યાણકારી



યોજનાઓ અંગે વિગતે છણાવટ કરી મંત્રીશ્રીએ સરકારની વિકાસલક્ષી કામગીરીની સરાહના કરતાં કહ્યું કે, અનેકવિધ કલ્યાણકારી યોજનાઓના સુચારૂ અમલીકરણ થકી સૌ સમાજનો સમતોલ વિકાસ શકય બન્યો છે. પ્રેમ, દયા, કરૂણા અને રાષ્ટ્રવાદ વિચારધારા થકી આજે રાષ્ટ્રનો વિકાસ સીમાડાઓ ઓળંગી રહ્યો છે ત્યારે ૨૦૪૭ સુધીમાં પૂર્ણ વિકસિત રાષ્ટ્રના સંકલ્પને ચરિતાર્થ કરવામાં સૌના સહયોગની અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી. સાંસદ પ્રભુભાઈ વસાવાએ આ યોજનાનો આશય સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારના લોકોને પણ પોતાની મિલ્કતનો હક્ક મળી રહે એ માટે યોજના અમલમાં મુકવામાં આવી છે. અફવાઓથી દૂર રહી વહીવટીતંત્રને સહકાર આપવા માટે અનુરોધ કર્યો હતો. જિલ્લા જમીન દફતર નિરીક્ષક ભૂમિકા મોરીએ યોજના અંતર્ગત રાજ્યભરમાં કરવામાં આવેલી કામગીરીની છણાવટ કરતા જણાવ્યું હતું કે રાજ્યમાં ૧૨.૨૨ લાખ પ્રોપર્ટી કાર્ડ બનાવી દેવામાં આવ્યા છે. ૨૬૫ ગામોના રેકોર્ડ પ્રોમોલગેશન કરવામાં આવ્યું હોવાનું તેમજ ૨૬૯૧૬ પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરી દેવામાં આવ્યા હોવાનું વધુમાં ઉમેર્યું હતું.

# ડાંગ જિલ્લાના હનવતચોંડ ગામે વડાપ્રધાનના વરદ હસ્તે "સ્વામિત્વ યોજના" અંતર્ગત પ્રોપર્ટીકાર્ડ ઇ-વિતરણ કાર્યક્રમ યોજાયો

। (માહિતી) ડાંગ, તા.૧૮ ।

વિધાનસભા નાયબ દંડક વ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતમાં યોજાયો કાર્યક્રમઃ - વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે વર્ચ્યુઅલ માધ્યમથી સ્વામિત્વ યોજના અંતર્ગત પ્રોપર્ટી કાર્ડના ઈ-વિતરણનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ આહવા તાલુકામાં સમાવિષ્ટ હનવતચોંડ ગામે વિધાનસભા નાયબ દંડકશ્રી વ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રોપર્ટી કાર્ડના કારણે ઘરેલું ઝઘડાઓનું નિરાકરણ થશે, પ્લોટ માલીકોના ચોક્કસ રેકોર્ડ ઉભો થશે, કાયદાકીય કેસ ઘટશે, ગ્રામ્યસ્તરે સારું આયોજન થઈ શકશે અને મહિલાઓને પણ માલિકી હક્કમાં હિસ્સેદારી મળશે. ડાંગ જિલ્લાના ૨૯૪ ગામોને આ સર્વેમાં આવરી લેવામાં આવ્યાં છે. જેમાંથી ૮૮ ગામના લોકોને પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરી દેવામાં આવ્યું છે.

આજે જિલ્લાના ત્રણ ગામો જેમાં હનવતચોંડ, વાસુર્ણા અને માલેગામમાં આ કાર્યક્રમ યોજીને પ્રોપર્ટી કાર્ડ વિતરણ કરવામાં આવેલ છે. આ સાથે જ યુવાનોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા તેમજ વ્યશન મુક્તી માટે લોકોને જાગૃત કરવા શ્રી પટેલે આહવાન કર્યું હતું. ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર શ્રી બી.બી.ચૌધરીએ જણાવ્યું હતું કે, જે લોકો પૂર્વજોના સમયથી મિલકતધારક હતાં, પરંતુ તેમની પાસે કોઈ કાયદાકિય દસ્તાવેજ ન હોવાના કારણે ઘણી કાયદાકીય ગૂંચવણો ઊભી થતી હતી. આ કાર્ડથી આ બધામાંથી મુક્તિ મળશે. સ્વામિત્વ યોજનાના કારણે જમીન વિવાદોનું સમાધાન થશે. તેમ જ નાગરિકને સાચો માલિકી હક્ક મળશે. લાભાર્થી પોતાની મિલકતનો ઉપયોગ લોન મેળવવા તેમજ અન્ય આર્થિક લાભ મેળવવા કરી શકશે. જિલ્લા નિરીક્ષક જમીન દફતરના અધિકારીશ્રીએ યોજનાનો અંગે પ્રાથમિક માહિતી આપી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. કોઈપણ અંતિમ નિર્ણય લેતા પૂર્વે તમારા પરિવારના સભ્યોનો અભિપ્રાય લો. તમારા દ્વારા એકલપંડે લેવાયેલો નિર્ણય કોઈક સમસ્યા ઊભી કરી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. ઑફિસના કામમાં તમારી વધારે પડતી વ્યસ્તતાને કારણે તમારા જીવનસાથી સાથેના સંબંધો વણસી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દૃઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારૂં પ્રેમ જીવન આયુષ્યભરના બંધનમાં પરિણમશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. સંબંધીઓ તમારી માટે અણધારી ભેટ લાવશે સાથે જ તેમની પાસેથી કોઈક મદદની પણ અપેક્ષા રાખજો. તમારા પ્રેમને કોઈ અલગ નહીં કરી શકે. તમે જે હંમેશાં કરવા માગતા હતા.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. નવજાત શિશુની માંદગી તમને વ્યસ્ત રાખશે. તમારે તેના પર તરત ધ્યાન આપ વાની જરૂર પડશે. યોગ્ય સલાહ લેજો કેમ કે તમારી બાજુએ જરાક પણ બેદરકારી સમસ્યાને વકરાવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે લાગણીની દૃષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. જીવનસાથી તથા સંતાનો વધારાનો પ્રેમ અને સાર-સંભાળ આપશે. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલેરીયુક્ત આહાર ટાળો. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે, પણ અંગત તથા ગોપનીય હોય એવી માહિતી છતી ન કરતા.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. પારિવારિક જવાબદારીઓ ભૂલશો નહીં.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. બહુ અગાઉથી ઘડેલી મુસાફરીની યોજના પરિવારમાં કોઈકની માંદગીને કારણે મુલત્વી રહેવાની શક્યતા. પ્રવાસને કારણે રોમેન્ટિક સંબંધોને વંગ મળશે. તમને લાભ થવાની શક્યતા છે.

# ભારતીય સેના સાથે હવે કામ કરશે રોબોટિક ઘોડા

## આર્મી દ્વારા પ્રાણીઓનો ઉપયોગ કરવામાં આવે છે, પણ હવે તેમની જગ્યાએ આ રોબોટિક મ્યુલ્સનો ઉપયોગ થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ઈન્ડિયન આર્મીએ હવે તેમની ટુકડીમાં રોબોટિક મ્યુલ્સનો પણ સમાવેશ કર્યો છે. મ્યુલ્સનો અર્થ ખચ્ચર થાય છે, પરંતુ અહીં રોબોટિક ઘોડા તરીકે પણ એનો ઉલ્લેખ કરવામાં આવે છે. ૧૫ જાન્યુઆરીએ ૭૭મા આર્મી ડેની ઉજવણી પૂણેમાં કરવામાં આવી હતી. આ આર્મી પરેડમાં ક્વાડ્રૂપેડલ અનમેન્ડ ગ્રાઉન્ડ વ્હીકલ જેને રોબોટિક મ્યુલ્સ તરીકે ઓળખવામાં આવે છે, એનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. એરોઆર્ક પ્રાઈવેટ લિમિટેડ દ્વારા આ રોબોટને બનાવવામાં આવ્યા છે. આર્મી દ્વારા ઘણી વાર પ્રાણીઓનો ઉપયોગ કરવામાં આવે છે, પણ હવે તેમની જગ્યાએ આ રોબોટિક મ્યુલ્સનો ઉપયોગ થશે. મલ્ટી યુટિલિટી લેગ્ડ ઈક્વિપમેન્ટ તરીકે પણ જાણીતા આ રોબોટિક મ્યુલ્સને ખાસ કરીને અસામાન્ય પરિસ્થિતિઓમાં પણ કામ કરવા માટે બનાવવામાં આવ્યા છે. પર્વતયાળ વિસ્તાર હોય, એકદમ સીધું ઉતરવાનું હોય અથવા તો ચઢવાનું હોય જ્યાંથી લપસી જવાના ચાન્સ વધુ હોય, તેમજ -40°Cથી 55°C સુધીના વાતાવરણમાં પણ આ મ્યુલ્સ ખૂબ જ સારી રીતે કામ કરી શકે છે અને કોઈ પણ સમસ્યા નહીં આવે.



કેપેસિટીઃ દરેક મ્યુલ્સ તેના પર ૧૨-૧૫ કિલોનો સામાન અથવા હથિયાર લઈ શકે છે.

બેટરી લાઈફઃ આ મ્યુલ્સમાં ૨૦ કલાકની બેટરી લાઈફ છે, જેના કારણે તે લાંબા સમય સુધી કાર્ય કરી શકે છે.

એડવાન્સ સેન્સર્સઃ આ મ્યુલ્સમાં થર્મલ કેમેરા અને ૩૬૦ ડિગ્રી સેન્સરનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેના કારણે કોઈ પણ અચાનક હુમલો થાય તો તેને ખબર પડી જાય છે. તેમ જ સર્વેઈલન્સ માટે પણ આ મ્યુલનો ખૂબ જ સારી રીતે ઉપયોગ કરી શકાય છે.

પ્રોસેસિંગ પાવરઃ આ રોબોટમાં NVIDIA Xavier પ્રોસેસર્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે શ્રેષ્ઠ છે.

આ રોબોટિક મ્યુલ્સને કારણે આર્મીને સૌથી મોટો ફાયદો એ થશે કે હવે સૈનિકોની લાઈફને ઓછું રિસ્ક રહેશે. ખૂબ જ ભયજનક વિસ્તારોમાં તપાસ માટે આ રોબોટને મોકલી શકાશે.

સિક્યુરિટીઃ કોઈ પણ જગ્યા અથવા વ્યક્તિની સિક્યુરિટી માટે આ રોબોટ શ્રેષ્ઠ છે. કૂતરું જે રીતે ઘરમાં કોઈ અજાણી વ્યક્તિ આવે અથવા એને કોઈ શંકા લાગે કે તરત ભસવાનું શરુ કરી દે છે, એ જ રીતે આ રોબોટ પણ દરેક પ્રકારની પરિસ્થિતિઓની આગોતરી જાણ થશે. કમ્પાઉન્ડ અથવા છાવણીની પેટ્રોલિંગ માટે આ શ્રેષ્ઠ વિકલ્પ છે.

બોમ્બ ડિસ્પોઝલઃ બોમ્બ ડિસ્પોઝલ જેવા ઘાતક કામ માટે આ રોબોટનો ઉપયોગ કરી શકાય છે. બોમ્બ ફાટ્યો હોય અથવા એવી પરિસ્થિતિ જેમાં મનુષ્યનું અંદર જવું શક્ય ન હોય, ત્યાં આ રોબોટ સરળતાથી જઈ શકે છે. સર્વેઈલન્સ માટેની માહિતી પણ મેળવી શકાશે.

લોજિસ્ટિક સપોર્ટઃ પર્વતયાળ વિસ્તારમાં જ્યાં સાધન-સામગ્રી પહોંચાડવી મુશ્કેલ છે, એ જગ્યાએ આ રોબોટને સામાન લઈને મોકલી શકાશે.

ઘણાં દાયકાથી ઈન્ડિયન આર્મી દ્વારા જે જગ્યાએ વાહન ન જઈ શકે, ત્યાં સામાન પહોંચાડવા માટે ૪૦૦૦થી વધુ પ્રાણીઓનો ઉપયોગ કરવામાં આવે છે. હવે એમાં પરિવર્તન આવશે.

## ન્યૂઝ બ્રિફ

### USએ H-1B વિઝાની પ્રક્રિયા ઝડપી બનાવવા નિયમોમાં ફેરફાર કર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

અમેરિકાએ એચ૧-બી વિઝા કાર્યક્રમમાં નોંધપાત્ર ફેરફારો કર્યા છે. ૧૭મી જાન્યુઆરીથી લાગુ થયેલાં આ નવા નિયમો અંતર્ગત ઉચ્ચ કુશળતા ધરાવતાં કર્મચારીઓ તેમના એમ્પ્લોયમેન્ટ સ્ટેટસના આધારે અમેરિકામાં રહેવાની મંજૂરી મળશે. આ ફેરફારથી એચ-૧બી વિઝા પર અમેરિકામાં મોટી સંખ્યામાં રહેતાં ભારતીયોને લાભ થશે. આ ઉપરાંત અમેરિકામાં રહી અભ્યાસ કરતાં અને અમેરિકામાં જ નોકરી કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે એફ-૧ વિઝાને એચ-૧બી વિઝામાં પરિવર્તિત કરવાની પ્રક્રિયાને પણ સરળ બનાવાઈ છે. યુનાઈટેડ સ્ટેટ્સ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (યુએસસીઆઈએસ)ની વેબસાઈટ પર જણાવ્યાં અનુસાર, નવા નિયમો અંતર્ગત વિઝા અપ્રૂવલની પ્રક્રિયાના સરળીકરણ દ્વારા એચ૧-બી પ્રોગ્રામને આધુનિક બનાવાયો છે, જેથી કંપનીઓ પ્રતિભાશાળી વૈશ્વિક કર્મચારીઓને જાળવી શકે. ૨૦૨૩માં કુલ એચ-૧બી વિઝા ધારકોમાં ભારતીયોની સંખ્યા ૭૦ ટકા જેટલી હતી. આ નવા ફેરફારથી ભારતીયોને નોંધપાત્ર લાભ થશે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીઝ દ્વારા નવા નિયમો અંતર્ગત સ્પેશિયાલિટી ઓક્યુપેશનની વ્યાખ્યામાં પણ ફેરફાર કરાયો છે. જે અનુસાર, નોકરી માટે સંબંધિત સ્નાતક કક્ષાની ડિગ્રી હોવી ફરજિયાત બનાવાયું છે. જોકે તેમાં આંશિક રાહત આપતાં જણાવાયું છે કે, જે તે પદ માટેની ડિગ્રી તેની સાથે સંબંધિત હોવી જોઈએ. નવા નિયમોનો એક ઉદ્દેશ્ય એચ-૧બી વિઝાનો બેકલોગ ઘટાડવાનો પણ છે. જેથી હાઈ સ્કિલ્ડ પ્રોફેશ્નલ્સે એચ-૧બી વિઝા માટે વધુ સમય રાહ ના જોવી પડે. નવા નિયમો હેઠળ વિઝાની લોટરી પ્રક્રિયા વધુ ચુસ્ત બનાવાઈ છે, જેના થકી એકસાથે સંખ્યાબંધ અરજીઓ કરતી કંપનીઓ પર નિયંત્રણ લદાશે. નોકરીદાતાઓ તેમના કામની જરૂરને આધારે કર્મચારીઓની ભરતી કરી શકે તે માટે પણ નિયમોને હળવા બનાવાયા છે. જ્યારે પોતાની કંપનીમાં બહુમતિ હિસ્સો ધરાવતાં અને ચોક્કસ જરૂરિયાતો પૂર્ણ કરતાં ઉદ્યોગસાહસિકો સ્વયં એચ-૧બી વિઝા માટે અરજી કરી શકશે. અમેરિકાના રાષ્ટ્રપતિપદેથી વિદાય લઈ રહેલાં જો બાઈડેન દ્વારા ઈમિગ્રેશન પોલિસીમાં કરાયેલો આ અંતિમ ફેરફાર છે. આગામી ૨૦ જાન્યુઆરીના રોજ ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ પદના શપથ ગ્રહણ કરશે.

USએ H-1B વિઝાની પ્રક્રિયા ઝડપી બનાવવા નિયમોમાં ફેરફાર કર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

અમેરિકાએ એચ૧-બી વિઝા કાર્યક્રમમાં નોંધપાત્ર ફેરફારો કર્યા છે. ૧૭મી જાન્યુઆરીથી લાગુ થયેલાં આ નવા નિયમો અંતર્ગત ઉચ્ચ કુશળતા ધરાવતાં કર્મચારીઓ તેમના એમ્પ્લોયમેન્ટ સ્ટેટસના આધારે અમેરિકામાં રહેવાની મંજૂરી મળશે. આ ફેરફારથી એચ-૧બી વિઝા પર અમેરિકામાં મોટી સંખ્યામાં રહેતાં ભારતીયોને લાભ થશે. આ ઉપરાંત અમેરિકામાં રહી અભ્યાસ કરતાં અને અમેરિકામાં જ નોકરી કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે એફ-૧ વિઝાને એચ-૧બી વિઝામાં પરિવર્તિત કરવાની પ્રક્રિયાને પણ સરળ બનાવાઈ છે. યુનાઈટેડ સ્ટેટ્સ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (યુએસસીઆઈએસ)ની વેબસાઈટ પર જણાવ્યાં અનુસાર, નવા નિયમો અંતર્ગત વિઝા અપ્રૂવલની પ્રક્રિયાના સરળીકરણ દ્વારા એચ૧-બી પ્રોગ્રામને આધુનિક બનાવાયો છે, જેથી કંપનીઓ પ્રતિભાશાળી વૈશ્વિક કર્મચારીઓને જાળવી શકે. ૨૦૨૩માં કુલ એચ-૧બી વિઝા ધારકોમાં

## નારાયણ સાઇ પાસેથી ભરણપોષણની બાકી રકમ લેવા પત્નીની કોર્ટમાં અરજી

। (એજન્સી) ઇન્દોર, તા.૧૮ ।

જેલની સજા ભોગવી રહેલા આસારામના પુત્ર નારાયણ સાઈની પત્નીએ પતિ પાસેથી ભરણપોષણની બાકી રકમ લેવા મેળવવા ઈન્દોરની ફેમિલી કોર્ટમાં અરજી કરી છે. બળાત્કારના કેસમાં નારાયણ સાઈ સુરતની જેલમાં સજા ભોગવી રહ્યો છે. ફેમિલી કોર્ટે ૨૦૧૮માં તેને ઈન્દોરમાં રહેતી પત્ની જાનકી હરપલાનીને દર મહિને ભરણપોષણ પેટે રૂ.૫૦,૦૦૦ ચૂકવવાનો આદેશ કર્યો હતો. જોકે, જાનકીના વકીલ વંદના પરિહારે જણાવ્યું હતું કે, સાઈએ સાત વર્ષથી ભરણપોષણ ચૂકવ્યું નથી અને બાકી રકમ રૂ.૫૩ લાખે પહોંચી છે. તેમણે કહ્યું હતું કે, ''અમે ફેમિલી કોર્ટમાં લેખિત દલીલો રજૂ કરી છે. નારાયણ સાઈ જેલમાં હોવાથી અમે ફેમિલી કોર્ટને પતિની સ્થાવર અને જંગમ મિલકતની હરાજી દ્વારા અથવા તેને જપ્ત કરવા અથવા મિલકતને પત્નીના નામે ટ્રાન્સફર કરી બાકી રકમની ચૂકવણી કરવા જણાવ્યું છે.'' કેસની આગામી સુનાવણી ૨૯ જાન્યુઆરીએ કરાશે.

## દક્ષિણ ભારતમાં જલિકટ્ટુ દરમિયાન સાતનાં મૃત્યુ

। (એજન્સી) ત્રિચી, તા.૧૮ ।

દક્ષિણ ભારતમાં આજે પરંપરાગત જલિકટ્ટુ રમત દરમિયાન ઓછામાં ઓછા સાત માણસો મૃત્યુ પામ્યા હતા અને ૪૦૦થી વધુ ઘાયલ થયા હતા. જલિકટ્ટુ એ બળદ સાથે જોડાયેલી રમત છે અને દર વર્ષે રમાય છે. જોકે, ઘણાં વર્ષ પછી આ પરંપરાગત ઉત્સવમાં મૃત્યુ અને ઈજાની ઘટનાઓ બની છે. અહેવાલ મુજબ, જલિકટ્ટુ દરમિયાન આ ઘટના ગઈકાલે ગુરુવારે ૧૬ જાન્યુઆરીતે બની હતી અને જે સાત વ્યક્તિ મૃત્યુ પામ્યા તેમાં છ તો એ રમતને જોવા આવેલા પ્રેક્ષકો હતા. કેરળના શિવગંગા જિલ્લામાં સિરવયાલ ખાતે જલિકટ્ટુ દરમિયાન બળદ સાથે રમતો એક ખેલાડી ગંભીર રીતે ઘાયલ થયો હતો જેનું ત્યારબાદ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. અન્ય એક ઘટનામાં મદુરાઈ ખાતે જલિકટ્ટુ દરમિયાન એક પ્રેક્ષક માર્યો ગયો હતો. એ જ રીતે સાલેમ જિલ્લામાં પણ જલિકટ્ટુની રમત દરમિયાન બળદો બેફામ દોડતાં બીજા બે પ્રેક્ષકોએ જીવ ગુમાવ્યા હતા. કૃષ્ણાગીરી જિલ્લાં બળદોની સ્પર્ધા દરમિયાન બે વ્યક્તિ માર્યા ગયા હતા. મળતા અહેવાલો મુજબ પુદુકોટ્ટી, કરૂર તથા ત્રીચી જિલ્લાઓમાં જલિકટ્ટુ ઉત્સવ દરમિયાન ૧૫૬ જણને ઈજાઓ થઈ હતી. પુદુકોટ્ટીની ઈવેન્ટમાં ૬૦૭ બળદ સામેલ હતા અને તેમની સામે ૩૦૦ યુવાનો બળદોને નિયંત્રણ કરવાની રમતમાં સામેલ થયા હતા. આ સિવાય રાચંદર તિરુમલાઈ ખાતે યોજાયેલી સ્પર્ધામાં એક પ્રેક્ષકે જીવ ગુમાવ્યો હતો અને બીજા અનેક ઘાયલ થયા હતા.

## જમ્મુ અને કાશ્મીરના રાજૌરીમાં રહસ્યમય મૃત્યુનો સિલસિલો

। જમ્મુ અને કાશ્મીર, તા.૧૮ ।

જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લાના બાધલ ગામમાં 'રહસ્યમય મોત'નો સિલસિલો વણઉકેલાયેલો છે. આ ઘટનામાં ૩૬ દિવસમાં ૧૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. બુધવારે રાત્રે ગામમાં એક ૯ વર્ષની બાળકીનું મોત નીપજ્યું હતું. જિલ્લામાં રહસ્યમય રોગના કારણે મૃત્યુ પામેલા લોકોમાં ૧૨ બાળકોનો પણ સમાવેશ થાય છે.ઓમર અબ્દુલ્લાની સરકારે અજાણ્યા રોગને કારણે મૃત્યુના કેસની તપાસના આદેશ આપ્યા છે. ઘટનાની તપાસ માટે એસઆઈટીની રચના કરવામાં આવી છે. સરકારી અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું કે તેઓ રાજૌરી જિલ્લાના બુધલ ગામની પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે.દરમિયાનમાં, જમ્મુની એક હોસ્પિટલમાં દાખલ એક બાળકની હાલત ગંભીર છે. અધિકારીઓએ આ માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે તપાસ અને નમૂના વિશ્લેષણ સ્પષ્ટપણે દર્શાવે છે કે આ ઘટનાઓ બેક્ટેરિયા અથવા વાયરસથી થતા કોઈપણ ચેપી રોગને કારણે થઈ નથી અને તેમાં જાહેર આરોગ્યનો કોઈ પાસો સામેલ નથી.

### નવા ફોજદારી કાયદાનો હેતુ લોકોને 3 વર્ષમાં ન્યાય આપવાનોઃ અમિત શાહ

## રાષ્ટ્રીય સુરક્ષા મામલે ભાગેડુ અપરાધીઓની ગેરહાજરીમાં કેસ ચલાવવો જોઇએ : ગૃહમંત્રી

### લાંબા સમયથી ભાગતા ફરતા લોકો સામે 'ટ્રાયલ એબસન્ટિયા' હેઠળ કાર્યવાહી થવી જોઇએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, રાષ્ટ્રીય સુરક્ષાના કેસમાં ભાગેડુ અપરાધીઓ સામે કેસ ચલાવવો જોઈએ. લાંબા સમયથી ભાગતા ફરતા લોકો સામે 'ટ્રાયલ એબસન્ટિયા' હેઠળ કાર્યવાહી થવી જોઈએ.ગૃહમંત્રી શાહે મધ્યપ્રદેશ સરકારના પ્રતિનિધીમંડળ સાથે ત્રણ નવા ફોજદારી કાયદાના અમલની સમીક્ષા કરતી વખતે વંચિતો માટે ન્યાય નિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેના માટે તેમણે જરૂરી શિક્ષણ આપવાનું મહત્વ પણ સમજાવ્યું હતું. તેમણે ભાગેડુ અપરાધીઓ અંગે જણાવ્યું હતું કે, ''ભારતીય નાગરિક સુરક્ષા સંહિતામાં અપરાધીની ગેરહાજરીમાં કેસ ચલાવવાની જોગવાઈનો સમાવેશ થાય છે. લાંબા સમયથી દેશમાંથી ફરાર ગુનેગારો પર 'ટ્રાયલ એબસન્ટિયા' હેઠળ કેસની કાર્યવાહી ચાલવી જોઈએ.''અમિત શાહે મધ્યપ્રદેશ સરકારને ઈન્ટર-ઓપરેબલ ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ (આઈસીજેએસ) હેઠળ ફાળવાયેલા ભંડોળનો વપરાશ કેન્દ્ર સરકારે નિર્ધારિત કરેલા ધોરણો મુજબ થાય એ નિશ્ચિત કરવા જણાવ્યું હતું. શાહે નોંધ્યું હતું કે, ''મોદી સરકારે લાગુ કરેલા ત્રણ નવા ફોજદારી કાયદાનો હેતુ લોકોને એફઆઈઆર ફાઈલ થવાથી માંડી સુપ્રીમ કોર્ટના ચુકાદા સુધી ત્રણ વર્ષમાં ન્યાય આપવાનો છે. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે ૧લી જુલાઈથી ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમનો અમલ શરૂ કરાયો છે. તેણે બ્રિટિશન યુગના ઈન્ડિયન પિનલ કોડ (આઈપીસી), કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર અને ઈન્ડિયન એવિડેન્સ એક્ટ, ૧૮૭૨નું સ્થાન લીધું છે. ગૃહમંત્રીએ પોલીસને પૂછપરછ વખતે અટકાયતમાં લેવાયેલા લોકોની માહિતી ઈલેક્ટ્રોનિક ડેશબોર્ડ પર આપવા જણાવ્યું હતું.

## લગ્નની મનાઈ એ આપઘાત માટે ઉશ્કેરણી નથીઃ હાઈકોર્ટ

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેન્ચે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. આ ચુકાદા પ્રમાણે ફક્ત લગ્ન માટે મનાઈ કરવી એ આપઘાત માટે ઉશ્કેરવા સમાન નથી. આ સાથે બોમ્બે હાઈકોર્ટે કહ્યું કે, કોઈ પણ વ્યક્તિને આપઘાત માટે ઉશ્કેરવાના ગુનામાં ફક્ત એટલા માટે દોષિત ઠેરવી શકાય નહીં, કારણ કે તેણે એક મહિલા સાથે લગ્ન કરવાનો ઈનકાર કરી દીધો હતો.

આ મામલામાં જસ્ટિસ ઉર્મિલા જોશી ફાલ્કેની સિંગલ બેન્ચે પૂર્વ પ્રેમિકાને આપઘાત માટે ઉશ્કેરવાના આરોપી વ્યક્તિને નિર્દોષ જાહેર કરીને છોડી મુક્યો છે. આ વ્યક્તિ પર કાયદાની કલમ ૩૦૬ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. કોર્ટમાં બુલઢાણાના એક મામલાની સુનાવણી ચાલી હતી. ૩જી ડિસેમ્બર ૨૦૨૦એ મહારાષ્ટ્રના બુલઢાણાની એક યુવતિએ ગળેફાંસો ખાઈને આપઘાતકર્યોહતો.પ્રાપ્તમાહિતીમુજબ પીડિતા નવ વર્ષથી આરોપીની સાથે પ્રેમ સંબંધમાં હતી.

### વરિષ્ઠ વકીલ મહેશ જેઠમલાણીનું નિવેદન

## હિંડનબર્ગ આખી રમતમાં નાનો ખેલાડી, માસ્ટરમાઇન્ડ પરથી માસ્ક હટાવવો જરૂરી

### મહેશ જેઠમલાણીએ આરોપ લગાવ્યો છે કે શોર્ટ સેલર હિંડનબર્ગ રિસર્ચના રિપોર્ટ પાછળ ચીન સાથે જોડાણ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

અમેરિકન શોર્ટ સેલર કંપની હિંડનબર્ગ રિસર્ચ તેની દુકાન બંધ કરવા જઈ રહી છે. આ કંપનીએ કાવતરાના ભાગરૂપે ઘણા બિઝનેસ હાઉસને નિશાન બનાવ્યા હતા. આ અહેવાલને કારણે ભારતીય શેરબજારમાં ભારે અરાજકતા જોવા મળી હતી. દરમિયાન, એનડીટીવીના શોમાં વરિષ્ઠ વકીલ અને રાજ્યસભાના ભૂતપૂર્વ સભ્ય મહેશ જેઠમલાણીએ સૌથી પહેલા અમેરિકન બિઝનેસમેન અને હિંડનબર્ગનો પર્દાફાશ કર્યો હતો. તેણે આ સમગ્ર મામલે ચીનના કનેક્શનનો પણ પર્દાફાશ કર્યો છે.

જેઠમલાણીએ આરોપ લગાવ્યો છે કે શોર્ટ સેલર હિંડનબર્ગ રિસર્ચના રિપોર્ટ પાછળ ચીન સાથે જોડાણ છે. જેઠમલાણીએ કહ્યું કે અમે હિંડનબર્ગને ખૂબ જ મહત્વ આપી રહ્યા છીએ. આ આખી રમતમાં તે એક નાનો ખેલાડી હતો. મોટા ખેલાડીઓ અને માસ્ટર માઈન્ડ હજુ સુધી આગળ આવ્યા નથી.મહેશ જેઠમલાણી કહે છે, આ સમગ્ર ષડયંત્રમાં હિંડનબર્ગ એક નાનો ખેલાડી હતો. અમેરિકન ઉદ્યોગપતિ જ્યોર્જ સોરોસ અને અન્ય જેવા તેના માસ્ટરમાઈન્ડ. આ જ વાસ્તવિક ગુનેગારો છે. તેઓ શું કરશે? તેઓ ભવિષ્યમાં ભારત વિરોધી શું પગલાં લેશે. આ હજુ સુધી પ્રકાશમાં આવ્યો નથી તે મને લાગે છે કે હિંડનબર્ગ બંધ થવા પાછળનું એક કારણ ટ્રમ્પ સરકારની શરૂઆત છે. તેમણે કહ્યું કે, ડોનાલ્ડ ટ્રમ્પનો કાર્યકાળ અમેરિકામાં ૨૦મી તારીખથી શરૂ થવા જઈ રહ્યો છે. ટ્રમ્પ ચોક્કસપણે હિંડનબર્ગ જેવી કંપનીઓ સામે કોઈ પગલાં લેવા જઈ રહ્યા છે, કારણ કે આ હિંડનબર્ગ કંપની પણ રિપબ્લિકન પાર્ટી અને ડોનાલ્ડ ટ્રમ્પની વિરુદ્ધ હતી. કદાચ તે સમય આવશે જ્યારે આપણે રોકવાની જરૂર હોય, ત્યારે જુઓ અને વિચારો.

જેઠમલાણી કહે છે, એક બીજી વસ્તુ જોવાની છે. અમારી કંપનીઓને આવા શોર્ટ સેલિંગથી બચાવવા માટે અમે ભવિષ્યમાં શું પગલાં લઈએ છીએપ આ પણ જોવું પડશે. મને કોઈ શંકા નથી કે ભારત સરકાર કોઈ પગલાં લેશે. આ બાબતમાં તે કોઈ પગલાં લેશે નહીં. હિંડનબર્ગને તાળાબંધીથી ભારતમાં રાજકારણ કેવી રીતે બદલાશે? તેના જવાબમાં મહેશ જેઠમલાણી કહે છે, જ્યારે હિંડનબર્ગની વાર્તા બહાર આવી ત્યારે અમે વિચારતા હતા કે તે શોર્ટ સેલર છે. પરંતુ તે માત્ર એક આગળનો હતો.

### બંને દેશો વચ્ચે પરમાણુ ઉર્જા ક્ષેત્રમાં સહયોગમાં વધારો થશે

## અમેરિકાએ ભારતની ત્રણ પરમાણુ સંસ્થા પરના પ્રતિબંધ ઉઠાવી લીધાં

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૮ ।

ડોનાલ્ડ ટ્રમ્પને સત્તા સોંપવાના થોડા દિવસો પહેલા અમેરિકાની બાઈડન સરકારે ઈન્ડિયન રેર અર્થ, ઈન્દિરા ગાંધી પરમાણુ સંશોધન કેન્દ્ર (IGCAR), અને ભાભા પરમાણુ સંશોધન કેન્દ્ર (BARC) સહિતની ત્રણ પરમાણુ સંસ્થાઓ પરના પ્રતિબંધો હટાવવાની જાહેરાત કરી હતી. ભારતે અણુ ધડાકા કર્યા ત્યારે શીતયુદ્ધના યુગમાં અમેરિકાએ આ પ્રતિબંધ લાદ્યા હતાં. અમેરિકાના કોમર્સ ડિપાર્ટમેન્ટના બ્યુરો ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ સિક્યોરિટી (BIS)એ બુધવારે જણાવ્યું હતું કે શીત યુદ્ધના યુગ દરમિયાન ત્રણ ભારતીય સંસ્થાઓ પર લાદવામાં આવેલા પ્રતિબંધો હટાવવાથી બંને દેશો વચ્ચે આધુનિક ઊર્જા સહકાર સામેના અવરોધ દૂર થશે. તેનાથી બંને દેશો સંયુક્ત ઉર્જા સુરક્ષા જરૂરિયાતો અને લક્ષ્યો તરફ સંયુક્ત સંશોધન અને વિકાસ અને વિજ્ઞાન અને ટેકનોલોજી સહકાર સાધી શકશે. ભારતની સંસ્થાઓ પર પ્રતિબંધ હટાવવાની સાથે અમેરિકાએ ચીનની ૧૧ સંસ્થાઓને એન્ટીટી લિસ્ટમાં સામેલ કરી છે. અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિના હિતની વિરુદ્ધમાં કામગીરી બદલ ચીની સંસ્થાઓ પર આ કાર્યવાહી કરાઈ હતી.

## ઈન્ડિયન સ્કાઉટ & ગાઈડ ફેલોશીપ તથા ગુજરાત માનવાધિકાર પંચ દ્વારા સુરતમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં 'રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી અને ઈન્ટરનેશનલ યુથ એવોર્ડ સમારોહ' યોજાયો

। (માહિતી) સુરત ।

ઈન્ડિયન સ્કાઉટ & ગાઈડ ફેલોશીપ તથા ગુજરાત માનવાધિકાર પંચ દ્વારા સુરતના ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં 'નેશનલ યુથ ડે સેલિબ્રેશન એન્ડ ઈન્ટરનેશનલ યુથ એવોર્ડ સમારોહ યોજાયો' હતો, જેમાં ૭૦૦૦ વિદ્યાર્થીઓને સ્કાઉટીંગ પ્રવૃત્તિઓ અને માનવાધિકારો વિષે જાગૃત્ત કરાયા હતા. સ્કાઉટીંગ થકી સમાજને ઉપયોગી થનાર અને શ્રેષ્ઠ યોગદાન આપનાર યુવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ વેળાએ ઓડિશા હાઈકોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટીસશ્રી કે.એસ. ઝવેરી અને ગુજરાત રાજ્ય માનવાધિકાર પંચના ચેરમેન શ્રી કે.જે. ઠાકર, શક્તિમાન સિરિયલથી પ્રખ્યાત થયેલા અભિનેતા શ્રી મુકેશ ખન્ના પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગૃહરાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સ્કાઉટીંગ પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓમાં શિસ્ત, સંસ્કાર, પ્રામાણિકતા, સેવાભાવ, આત્મવિશ્વાસ અને રાષ્ટ્રસેવાના ગુણો વિકસે તેમજ માનવાધિકારો વિષે બાળકો જાગૃત્ત થાય એવો ઈન્ડિયન સ્કાઉટ & ગાઈડ ફેલોશીપ તથા ગુજરાત માનવાધિકાર પંચનો પ્રયાસ સરાહનીય છે. કેન્દ્ર સરકારે સુરત, ઈન્દોર અને નવી મુંબઈને હવે પરમેનન્ટ સ્વચ્છ શહેર જાહેર કર્યા છે. રાજ્યના એકમાત્ર શહેર સુરતનો 'સુપર સ્વચ્છ લીગ'માં સમાવેશ થયો છે, જે તમામ સુરતવાસીઓ, સ્વચ્છતાકર્મીઓ, મનપાના પદાધિકારી-અધિકારીઓ માટે ગર્વની ક્ષણ છે, ત્યારે હવે સુરતની સ્વચ્છતાને કાયમી બનાવવાની, સુરતને વર્ષો-દાયકાઓ સુધી સ્વચ્છ રાખવાની આપણી સહિયારી જવાબદારી છે એમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ ઉપસ્થિત સૌ બાળકોને પોતાના




માતાપિતા ભાઈ-બહેનો વાહન ચલાવતી વખતે હેલ્મેટ અવશ્ય પહેરે, કારમાં સીટ બેલ્ટ અચૂક બાંધે તે માટે પ્રેરિત કરવાની શીખ આપી હતી. સમાજમાં કોઈ પણ વ્યક્તિ ખોટું કરે, દુર્વ્યવહાર કરે, ગંદકી ફેલાવે અને અશોભનીય વર્તન કરે તેમને એક આદર્શ વિદ્યાર્થી અને નાગરિક તરીકે સાચા રસ્તે વાળવા અને યોગ્ય સમજ આપવાનો ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. સમાજ, રાજ્ય અને દેશને નુકસાન કરતા, ગુનાખોરી ફેલાવતા તત્વોને નજર અંદાજ કરી, તેમને પોષણ આપી ક્રાઈમ પાર્ટનર ન બનીએ. પરંતુ આવા તત્વોને સાચા રસ્તેવાળી સભ્ય નાગરિકની ભૂમિકા અદા કરીએ તે જરૂરી છે એમ પણ તેમણે ઉમેર્યું હતું. સ્કાઉટીંગ વિષે સમજ આપતા ગુજરાત રાજ્ય માનવાધિકાર પંચના ચેરમેન શ્રી કે.જે.ઠાકરે કહ્યું કે, બાળકો નાનપણથી જ વિકટ સ્થિતિ, કુદરતી કે માનવસર્જિત આપત્તિઓમાં મદદરૂપ થઈ શકે, મુશ્કેલીઓનું સમાધાન શોધી શકે એ માટે વિશ્વના ૨૧૮ દેશોમાં સ્કાઉટ & ગાઈડ સંસ્થાઓ કાર્યરત છે. આ પ્રવૃત્તિમાં દેશના ૪૬ સરકારી-ખાનગી એસોસિએશનો-એજન્સીઓ તેમજ ગુજરાતના ૨૭ જિલ્લા જોડાયેલા છે. આ પ્રકારના સમારોહ છેલ્લા ૧૫ વર્ષથી યોજવામાં આવે છે. શ્રી ઠાકરે કહ્યું કે, સ્કાઉટ ગાઈડ આંદોલન રાષ્ટ્રની સેવા માટે સમર્પિત આંતરરાષ્ટ્રીય આંદોલન છે. બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેવો અમારો ઉદ્દેશ છે. બાળકોમાં દેશપ્રેમ, સંસ્કૃતિ પ્રત્યે ઊંડી સમજ,સામાજિકતા, સ્વાસ્થ્ય સુરક્ષા, જાહેર સાહસોનું રક્ષણ, કુદરતી અને આકસ્મિક આફતોનો સામનો કરી લોકોના જાનમાલનું રક્ષણ, સ્વચ્છતા, પ્રેમ, દયા, કરુણા જેવા અનેક ગુણો વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા શીખવવામાં આવે છે. સમાજ અને રાષ્ટ્રની સેવા માટે સદાય તત્પર અને તૈયાર રહેતા સ્કાઉટ્સ-ગાઈડ્સને અભિનંદન પાઠવતા મંત્રીશ્રીએ કહ્યું કે, સમાજને હરહંમેશ મદદરૂપ થવા માટેની સ્કાઉટસની ભાવના સૌને પ્રેરણા આપે છે. ઉપસ્થિત સૌ વિદ્યાર્થીઓને જવાબદાર નાગરિક બની રાષ્ટ્ર પ્રત્યેની ફરજો નિભાવવા જણાવ્યું હતું. શક્તિમાનની ઉપમાથી પ્રખ્યાત, અભિનેતા શ્રી મુકેશ ખન્નાએ જણાવ્યું હતું કે, યુવાનો માટે પ્રત્યેક દિવસ યુવા દિન હોવો જોઈએ. વિશ્વના સૌથી યુવા દેશ ભારતના બાળકોએ કર્તવ્યનિષ્ઠ અને દેશ પ્રત્યે સમર્પિત બનવું પડશે.

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજભવન પધારીને શુભેચ્છાઓ પાઠવી

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના જન્મદિવસે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને મહાનુભાવોએ શુભકામનાઓ પાઠવી






। ગાંધીનગર, તા.૧૮ ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના જન્મદિવસે ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડ, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહે ફોન દ્વારા શુભકામનાઓ પાઠવી હતી. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજભવન પધારીનેરાજ્યપાલશ્રીનેજન્મદિવસનીશુભકામનાઓ પાઠવી હતી. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનો જન્મદિવસ જનકલ્યાણનું પર્વ બને એ વિભાવનાથી રાજભવનમાં આજે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી પ્રત્યે સ્નેહ અને સન્માન ભાવ પ્રગટ કરતાં માનવતાની સેવા માટે અનેક લોકોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું. આ રક્તદાન કેમ્પ દરમિયાન ૭૫૨ યુનિટ રક્ત એકત્ર કરાયું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે રક્તદાન કેમ્પની મુલાકાત લીધી હતી અને રક્તદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે પણ રાજભવન પધારીને રાજ્યપાલશ્રીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. રાજ્યના મુખ્ય સચિવ શ્રી રાજકુમાર પણ રાજભવન પધાર્યા હતા અને તેમણે રાજ્યપાલશ્રીને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી. સામાજિક, સ્વૈચ્છિક અને રાજકીય ક્ષેત્રોના અનેક આગેવાનોએ આજે દિવસ દરમિયાન રાજભવન પધારીને રાજપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી. જન્મદિવસની સવારે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ લેડી ગવર્નર શ્રીમતી દર્શનાદેવી અને પરિવારજનો સાથે રાજભવન પરિસરમાં આવેલી યજ્ઞશાળામાં હવન કર્યો હતો. રાજભવન પરિવાર તરફથી રાજ્યપાલશ્રીના શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી અશોક શર્માએ 'શુભ-વંદના ષટ્કમ્' ની રચના કરીને તેનું પઠન કર્યું હતું અને રાજભવનના તમામ કર્મચારીઓ અને અધિકારીઓ વતીથી 'શુભ-વંદના ષટ્કમ્' રાજ્યપાલશ્રીને અર્પણ કર્યું હતું.

## આઈ.સી.ડી.એસ ઘટક કચેરી-કામરેજ દ્વારા નવાગામ પ્રાથમિક શાળા ખાતે પોષણ ઉત્સવની ઉજવણી

। સુરત, તા.૧૮ ।

કામરેજ તાલુકાના નવાગામ પ્રાથમિક શાળા ખાતે આઈ.સી.ડી. એસ ઘટક કચેરી કામરેજ દ્વારા પોષણ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. પોષણ ઉત્સવમાં ઈ.ચા. તાલુકા હેલ્થ ઓફિસરે એનેમિયા વિશે તેમજ ટી.એચઆર અને મિલેટ્સનો રોજિંદા જીવનમાં ઉપયોગ કરવા માર્ગદર્શન આપ્યું હતું. આંગણવાડી કાર્યકર તેમજ લાભાર્થી બહેનો ટી.એચ.આર અને મિલેટ્સમાંથી બનતી વિવિધ પોષણયુક્ત વાનગી સ્પર્ધામાં જોડાઈ હતી. જેમાં ટી.એચ.આર ઉપરાંત મિલેટ્સમાંથી બનાવેલી વાનગીઓના પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરના વિજેતાઓને પ્રમાણપત્ર અપાયા હતા. સ્પર્ધાના વિજેતાઓને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. જાનવીબેન એસ. પરમારે સાફલ્ય ગાથા રજૂ કરી હતી.

## રાજપીપળા કલેકટર કચેરી રોડ પર પોલીસ અને આરટીઓ દ્વારા હેલ્મેટ ચેકીંગ હાથ ધરાયું



। રાજપીપળા, તા.૧૮ ।

હેલ્મેટ અને સીટબેલ્ટ પહેરીને આવનારને પ્રોત્સાહન રૂપે ગુલાબનું ફૂલ આપી સન્માનિત કરાયાઃ માર્ગ સલામતીના પ્લેમ્પફલેટ આપી માહિતગાર કરાયા રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૨૦૨૫ અંતર્ગત તા. ૧ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી ચાલનાર "માર્ગ સુરક્ષા અભિયાન - કાળજી" નો ભાગરૂપે નર્મદા જિલ્લાની શાળા-કોલેજો અને વિવિધ સ્થળોએ રોડ સેફટીના સરકારશ્રી દ્વારા વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. નર્મદા જિલ્લાના વાહન ચાલકો રોડ સેફ્ટી નિયમો જાણે, સમજે અને જીવનમાં નિયમોનું પાલન કરી શકે તેવા આશયથી તા. ૧૭ મી જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ રાજપીપલા કલેકટર કચેરી રોડ પર પોલીસ અને આરટીઓ દ્વારા હેલ્મેટની ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

### સૂત્રધાર કાર્તિક પટેલ એરપોર્ટ પરથી ઝડપાયો

# ખ્યાતિ હોસ્પિટલનો મુખ્ય સૂત્રધાર એરપોર્ટથી ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ખ્યાતિ હોસ્પિટલ કાંડને લઈને તાજેતરમાં એક મોટા સમાચાર મળી રહ્યા છે. આ કાંડનો મુખ્ય સૂત્રધાર કાર્તિક પટેલ આખરે મોડી રાત્રે અમદાવાદ એરપોર્ટ પરથી ક્રાઈમ બ્રાન્ચના હાથમાં આવી ગયો છે. ખ્યાતિ કાંડ બન્યા બાદ કાર્તિક છેલ્લા બે મહિનાથી ફરાર હતો.

એવું કહેવાય છે કે તે વિદેશમાં છુપાયો હતો. તેની સાથે જ કોર્ટે તેના આગોતરા જામીન પણ ફગાવી દીધા હતા. આ અગાઉ તેના તમામ સાગરિતો તો ઝડપાઈ ગયા હતા.ત્યારે હવે ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે મુખ્ય સૂત્રધારની પણ ધરપકડ કરી છે. અહીં ઉલ્લેખનિય છે ખ્યાતિ હોસ્પિટલ કાંડનો મુખ્ય સૂત્રધાર કાર્તિક પટેલ આજે વહેલી સવારે ૪ કલાકે એરપોર્ટ પરથી ઝડપાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, અમદાવાદ ખ્યાતિ હોસ્પિટલ કાંડ મામલે ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં હોસ્પિટલના સંચાલક કાર્તિક પટેલના આગોતરા જામીન માટે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમ્યાન કાર્તિક પટેલના વકીલ અને સરકારી વકીલ વચ્ચે જોરદાર દલીલો થઈ હતી. કાર્તિક પટેલના વકીલે ચોંકાવનારી દલીલ કરતા જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં લોકોની સર્જરી કરવામાં આવી છે, જેમાં લોકોના જીવ ગયા છે, જે થયું તે દુઃખદ હતું પણ તેના માટે ડાયરેક્ટર જવાબદાર હોઈ શકે? કાર્તિકના વકીલે સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના જુદા જુદા ચુકાદાનો ઉલ્લેખ કરી દલીલો કરી હતી.

અહીં ઉલ્લેખનિય છે કે હોસ્પિટલના સંચાલક કાર્તિક પટેલ તમામ સ્ટાફને નફો રળી આપવાના ઉદેશ્યથી ફરમાન કરતો હતો. ચેરમેન, ડાયરેક્ટરની મિંટિગમાં ફીમાં કેમ્પ યોજી બકરા શોધી લાવવા માટે પ્રેશર આપતો હતો. હોસ્પિટલમાં આર્થિક વ્યવહારો કાર્તિક પટેલની સૂચનાથી જ થતાં હતા.

## ભારતીય માનવ બ્યુરો સુરત દ્વારા ૭૮માં સ્થાપના દિવસ નિમિત્તે 'સ્ટાન્ડર્ડ ક્લબ કાર્નિવલ'નું આયોજન કરાયું

। સુરત, તા.૧૮ ।

બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS), સુરત બ્રાન્ચ ઓફિસ દ્વારા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સના ૭૮માં સ્થાપના દિવસ નિમિત્તે સ્ટાન્ડર્ડ ક્લબ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરતના સાયન્સ સેન્ટર ખાતે આયોજિત કાર્યક્રમ કાર્નિવલની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્નિવલમાં વિવિધ સ્ટાન્ડર્ડ ક્લબના લગભગ ૧,૦૦૦ વિધાર્થીઓ અને મેન્ટર, નિર્માતાઓ તેમજ BIS ના અધિકારીઓએ ભાગ લીધો હતો. કાર્નિવલ દરમિયાન વિદ્યાર્થીઓમાં BIS અને ગુણવત્તા વિશે જાગૃતિ વધારવા માટે સુરત મહાનગરપાલિકા સંચાલિત શાળાઓના વિદ્યાર્થીઓએ વિવિધ સાયન્સ પ્રોજેક્ટના મોડલ પ્રદર્શિત કર્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ માર્ગ સલામતી, હાઈડ્રોજન ઈંધણ, બાયોડીઝલ, સોલાર સિસ્ટમ, વોટર હાર્વેસ્ટિંગ, પર્યાવરણ સંરક્ષણ, જળ સંરક્ષણ, ગ્રીન એનર્જી જેવી બાબતોને આવરી લેવામાં આવી હતી. ઉપરાંત વિવિધ ઉદ્યોગોએ પણ રમકડાં, કેબલ, સ્વીચો, કૃષિ સાધનો જેવા કે, વોટર ડ્રિપર, સ્પ્રિંકલર્સ વગેરે જેવા ઉત્પાદનોનું પ્રદર્શન કર્યું હતું. આ અવસરે શહેરના ડીસીપી શ્રી વિજય સિંહ ગુર્જર ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

### રાજ્યમાં ૩૩ લાખથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ

# ગુજરાત ખેડૂતોની નોંધણી મામલે દેશમાં પ્રથમ રાજ્ય બન્યું

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ ।

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશના દરેક ખેડૂતને હવે એક આગવી ઓળખ મળશે. એક વિશેષ પહેલના ભાગરૂપે ગુજરાતમાં એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ખેડૂત ખાતેદારના લેંડ રેકર્ડને યુનિક આઈ.ડી સાથે લીંક કરવા માટે ગત તા. ૧૫ ઓક્ટોબરથી ફાર્મર રજીસ્ટ્રી શરૂ કરવામાં આવી છે. ગુજરાતમાં પી.એમ.કિસાન યોજનાના ૬૬ લાખ જેટલા ખેડૂત લાભાર્થીઓની ફાર્મર રજીસ્ટ્રી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. જેની સામે અત્યાર સુધીમાં રાજ્યના ૩૩ લાખથી વધુ ખેડૂતો એટલે કે, ૫૦ ટકાથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ થઈ છે.

ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ પર ખેડૂતોની નોંધણીમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ છે. ગુજરાતે દેશમાં સૌપ્રથમ ૫૦ ટકા ખેડૂતોની નોંધણી પૂર્ણ કરતા ભારત સરકાર તરફથી 'સ્પેશિયલ સેન્ટ્રલ આસીસ્ટન્સ' તરીકે રૂ.૧૨૩.૭૫ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવશે. અગાઉ પણ ગુજરાતને ૨૫ ટકા ખેડૂતોની નોંધણી પૂર્ણ કરતા ભારત સરકાર તરફથી રૂ.૮૨ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. આ પ્રોત્સાહક ગ્રાન્ટનો ઉપયોગ ગુજરાતના વિવિધ ખેડૂત હિતલક્ષી પ્રોજેક્ટમાં કરવામાં આવશે.

રાજ્ય સરકારના પ્રયાસો થકી ફાર્મર રજીસ્ટ્રી વધુ વેગવાન બની છે. ફાર્મર રજીસ્ટ્રી હેઠળ ખેડૂતોની નોંધણીમાં ૭૪ ટકા કામગીરી સાથે નવસારી જિલ્લો ગુજરાતમાં પ્રથમ ક્રમે છે. જ્યારે, ૭૧ ટકા નોંધણી સાથે ડાંગ જિલ્લો બીજા ક્રમે અને ૬૬ ટકા નોંધણી સાથે જૂનાગઢ જિલ્લો રાજ્યમાં ત્રીજા ક્રમે છે. આ ઉપરાંત સુરત અને ભરૂચ જિલ્લામાં પણ ૬૩-૬૩ ટકા ખેડૂત નોંધણી પૂર્ણ થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ફાર્મર રજીસ્ટ્રી હેઠળ દરેક ખેડૂતને આધાર આઈ.ડી.ની જેમ એક ૧૧ ડિજિટની યુનિક ફાર્મર આઈ.ડી આપવામાં આવશે.

### અમદાવાદમાં થાણાપીપળી કડવા પાટીદાર સમાજનું દ્વિતિય સ્નેહમિલન યોજાયુ

# થાણાપીપળી ગામના તેજસ્વી તારલાઓ અને વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન કરવામાં આવ્યુ




। અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદ અને ગાંધીનગરમાં વસતા જૂનાગઢના થાણાપીપળી ગામના કડવા પાટીદાર સમાજનું દ્વિતિય સ્નેહમિલન નરોડાની ચાણક્ય વિદ્યાલય ખાતે યોજાયુ હતુ. જેમાં ગાંધીનગર અને અમદાવાદમા વસતા ૮૦ જેટલા પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સમાજના તેજસ્વી તારલાઓ અને વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ. થાણાપીપળીના વતની અને ઈન્ફોસિટિ સાયન્સ કોલેજના એમ.ડી. મનસુખભાઈ દલસાણિયાની સ્પોન્સરશીપથી યોજાયેલા આ દ્વિતિય સ્નેહમિલનમાં બાળકો અને મહિલાઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ હતુ. તેમજ અમદાવાદ અને ગાંધીનગરમાં રહેતા પરિવારો એક બીજાથી પરિચિત થાય તે માટે સુંદર વાતાવરણ પુરુ પાડવામા આવ્યુ હતુ. ધો.૧થી ૧૨ના તેજસ્વી તારલાઓને શ્રી આશિષભાઈ તથા કેલ્વિનભાઈ દલસાણિયા તરફથી ટ્રોફિ એનાયત કરવામાં આવી હતી. હાઈસ્કૂલના નિવૃત્ત શિક્ષક શ્રી ચંદુભાઈ ભોરણીયાએ પોતે બનાવેલા યુનિક બર્થ ડે કાર્ડની ગિફ્ટ બાળકોને આપી હતી. તેમજ બાળકોમાં મેમરી પાવર તથા કોન્સ્ટેસ્ટ્રેશન પાવર વધારવા માટે ઉપયોગી માહિતી આપી હતી. એસજીવીપી હોલીસ્ટિક હોસ્પિટલના કન્સલ્ટન્સ શ્રીમતી હિતિષાબેન જાવિયાએ શરીરની નિરોગી રાખવા તેમજ પંચકર્મ અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. બાળકો અને બહેનોએ લીંબુ ચમચી, સંગીત ખુરશીની રમતો તેમજ રાસ ગરબાની રમઝટ માણી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પીજીવીસીએલના નિવૃત કાર્યપાલક ઈજનેર હરજીવનભાઈ જારસાણીયાએ કર્યું હતું. તેમજ કાર્યક્રમને સફળ બનાવવા થાણાપીપળી ગામના યુવાનોએ જહેમત ઉઠાવી હતી.

## ઊંઝા નજીક હાઈવે પર ગમખ્વાર ત્રિપલ અકસ્માત

। (એજન્સી) ઊંઝા, તા.૧૮ ।

ઊંઝાથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. ગઈકાલે (૧૭મી જાન્યુઆરી) મોડી રાતે અહીં બ્રાહ્મણવાડા હાઈવે પર ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક લકઝરી બસ, કાર અને બાઈક વચ્ચે ભયંકર ટક્કર થઈ હતી. જેમાં બાઈક સવાર બે યુવાઓના દર્દનાક મોત મૃત્યુ નિપજ્યાં હતા. નોંધનિય છે કે, બ્રાહ્મણવાડા ગામ તરફના ક્રોસિંગ રોડ પર અવારનવાર અકસ્માત સર્જાતા રહે છે.મળતી માહિતી અનુસાર, લક્ઝરી બસ, કાર અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બાઈક સવાર બે યુવકોના મૃત્યું નિપજ્યાં હતા. મૃતક યુવાનો બ્રાહ્મણવાડા વિસ્તારની આસપાસ આવેલી ખાનગી ફેક્ટરીમાં મજૂર તરીકે કામ કરતા હતા. તેઓ કામ પરથી પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન અકસ્માત સર્જાયો હતો. હાલ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે.

